સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૦૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# પુતિનના પ્રવાસ પૂર્વે બ્રિટન, ફ્રાન્સ, જર્મનીએ સર્જેલો વિવાદ

## ત્રણેય દેશોના રાજદ્વારીઓએ યુદ્ધ માટે રશિયાને જવાબદાર ગણાવતો લેખ પ્રકાશિત કરતા ભારતે આકરી પ્રતિક્રિયા આપી

નવી દિલ્હી, તા. ૦૩

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની મહત્વપૂર્ણ ભારત યાત્રાના બરાબર પહેલા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના ટોચના રાજદ્વારીઓ દ્વારા એક મુખ્ય અખબારમાં પ્રકાશિત કરાયેલા સંયુક્ત લેખને કારણે એક કૂટનીતિક વિવાદ સર્જાયો છે. આ લેખમાં યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ઠેરવવામાં આવતા નવી દિલ્હીએ આ પગલાને 'અસ્વીકાર્ય અને અસામાન્ય' ગણાવીને સખત નારાજગી વ્યક્ત કરી છે.

ભારતીય વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આ ખૂબ જ અસામાન્ય છે. ત્રીજા દેશો સાથેના સંબંધો પર જાહેરમાં સલાહ આપવી એ સ્વીકાર્ય કૂટનીતિક પ્રથા નથી. અમે આ બાબતની નોંધ લીધી છે.'

આ લેખ બ્રિટિશ હાઈ કમિશનર લિન્ડી કેમરન, ફ્રેન્ચ રાજદૂત થિએરી માથુ અને જર્મન રાજદૂત ફિલિપ એકરમેન દ્વારા લખવામાં આવ્યો હતો, જેનું શીર્ષક હતું, 'દુનિયા ઈચ્છે છે કે યુક્રેન યુદ્ધ સમાપ્ત થાય, પરંતુ રશિયા શાંતિ માટે ગંભીર લાગતું નથી'. આ લેખમાં પુતિન પર માનવ જીવનની ઉપેક્ષા કરવાનો અને શાંતિ વાર્તામાં વિલંબ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

પૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે પણ આ લેખ પર કડક પ્રતિક્રિયા આપતા તેને 'કૂટનીતિક માપદંડોનો ભંગ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું, 'આ અમારા આંતરિક મામલામાં દખલગીરી છે, કારણ કે તેનો ઉદ્દેશ્ય ભારતમાં રશિયા વિરોધી ભાવના જગાવવાનો અને રશિયા સાથેના અમારા સંબંધોની નૈતિકતા પર પ્રશ્ન ઉઠાવવાનો છે.'આ વિવાદ એવા સમયે થયો છે જ્યારે રાષ્ટ્રપતિ પુતિન ગુરુવારથી ભારતની બે દિવસીય યાત્રા પર આવી રહ્યા છે, જ્યાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ બેઠકમાં વેપાર અને સંરક્ષણ સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

# પુતિનના ભારત પ્રવાસ પૂર્વે દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા

### દિલ્હી પોલીસ દ્વારા ખાસ સુરક્ષા કન્ટ્રોલ રૂમ ઉભો કરાયો

નવી દિલ્હી, તા. ૦૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો ભારત પ્રવાસ બંને દેશોના સંબંધો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, ખાસ કરીને સંરક્ષણ, ઊર્જા અને વેપાર ક્ષેત્રોમાં નવી સમજૂતીઓ થવાની અપેક્ષા છે. આ મહત્વપૂર્ણ મુલાકાતને લઈને રાજધાની દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.પુતિનની સુરક્ષા દુનિયાની સૌથી મજબૂત સુરક્ષાઓ પૈકીની એક ગણાય છે, અને આ સ્તરે જાળવવા માટે ભારત અને રશિયન એજન્સી ખભેખભા મિલાવીને કામ કરી રહી છે. સમગ્ર રાજધાનીને 'હાઈ-સિક્યોરિટી ઝોન'માં ફેરવી દેવામાં આવી છે, જેથી આ 'ઝીરો એરર' સુરક્ષા પ્રોટોકોલ હેઠળ તેમનો આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડે.વ્લાદિમીર પુતિનની અંગત સુરક્ષામાં તૈનાત રશિયાની સ્પેશિયલ પ્રોટેક્શન ટીમ (SPT) પુતિનની ભારત મુલાકાતના ઘણા દિવસો પહેલા જ દિલ્હી પહોંચી ગઈ છે. આ ટીમ ગુપ્ત રીતે હોટેલ, એરપોર્ટ, મીટિંગના સ્થળો અને સમગ્ર પ્રવાસ માર્ગની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

અનુસંધાન પાના ૭ પર

# સંસદમાં વિપક્ષના સાંસદો ગેસ માસ્ક પહેરીને પહોંચ્યા

### મકર ગેટ સામે વિપક્ષો દ્વારા શ્રમ કાયદાનો વિરોધ

નવી દિલ્હી, તા. ૦૩

સંસદના શિયાળુ સત્રના ત્રીજા દિવસે બુધવારે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ચાલુ રહી છે. જોકે, સવારે ૧૦:૩૦ વાગ્યે, વિપક્ષે સંસદ સંકુલના મકર ગેટ સામે શ્રમ કાયદાનો વિરોધ કર્યો. સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ પણ આ વિરોધમાં ભાગ લીધો હતો.

આ દરમિયાન, કેટલાક સાંસદો વાયુ પ્રદૂષણનો વિરોધ કરવા માટે ગેસ માસ્ક પહેરીને સંસદમાં પહોંચ્યા. લોકસભામાં પ્રશ્નકાળ અને રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન ચર્ચા ચાલુ છે. અગાઉ SIR મામલે ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી. લોકસભામાં કામકાજ થયું નહી, અને વિપક્ષ દ્વારા રાજ્યસભાનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

સરકારે SIR પર ચર્ચા માટે વિપક્ષની માંગણી સ્વીકારી લીધી છે. વિપક્ષ હવે ગૃહમાં બિલો પર ચર્ચા કરવા માટે તૈયાર છે. સંસદની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં, વિપક્ષે નવા શ્રમ કાયદાનો વિરોધ કર્યો. આ દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ હાજર રહ્યા હતા.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે માત્ર એક કે બે નહીં, પણ અનેક મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું, "આપણે પ્રદૂષણ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવી જોઈએ. સંસદમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાની જરૂર છે."

સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે બંને ગૃહોમાં SIR અને વોટ ચોરીના આરોપના મુદ્દે વિપક્ષે હોબાળો કર્યો હતો. બીજા દિવસે પણ વિપક્ષે સંસદના મકર દ્વાર સામે જીંઇના વિરોધમાં પ્રદર્શન કર્યું હતું. તેમાં સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે પણ સામેલ થયા હતા.

વિપક્ષ જીંઇ અને વોટ ચોરીના આરોપ પર તાત્કાલિક ચર્ચાની માંગ પર અડગ રહ્યો હતો. બંને ગૃહોની કાર્યવાહી ચાલવા દીધી ન હતી. 'વોટ ચોર- ગદ્દી છોડ'ના નારા પણ લગાવ્યા હતા. આ પછી લોકસભા

અનુસંધાન પાના ૭ પર

# હાઈ-વે પર જોખમી માર્ગનું મોબાઈલ પર એલર્ટ મળશે

### કેન્દ્ર સરકાર હાઈવે પર નવી સુરક્ષા સિસ્ટમ લાગુ કરશે

નવી દિલ્હી, તા. ૦૩

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય રાજમાર્ગો પર યાત્રીઓ માટે નવી સુરક્ષા સીસ્ટમ લાગુ કરવા જઈ રહી છે. તેમાં સફર દરમ્યાન વાહન ચાલકોને તેમનાં મોબાઈલ ફોન પર બ્લેક સ્પોટ, ઘુમ્મસ, તીવ્ર વળાંક, સાંકડા-પુલ, રસ્તા અને ખરાબ હવામાનની આગોતરી ચેતવણી મળી જશે.

એમ કહી શકાય કે મોબાઈલ ફોન એક રક્ષા ગાર્ડની જેમ કામ કરશે. ભારતીય નેશનલ હાઈવે ઓથોરીટી (એનએચએઆઈ)એ તેને લઈને રીલાયન્સ જીયો સાથે સમજુતી કરી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ સિસ્ટમ સરળ અને ઝડપી છે.તેના માટે હાઈવે પર વધારાનું પાયાનું માળખુ ઉભુ કરવાની જરૂર નથી.

આ સિસ્ટમ જિયોનાં હાલની ૪-જી અને ૫-જી નેટવર્કનો ઉપયોગ કરશે. તેમણે જણાવ્યું હતું કે એનએચએઆઈ હાઈવે પર મોજુદ બધા ખતરાવાળા સ્થળો જેમ કે વારંવાર થતી દુર્ઘટનાવાળા સ્થળો (બ્લેક સ્પોટ) ઘુમ્મસ, રખડતા પશુ, રસ્તા બંધ થવાથી ઈમરજન્સી ડાયવર્ઝન વગેરેને પોતાના સિસ્ટમમાં નોંધશે.

જેવો કોઈ જિયો યુઝર ઉપરોક્ત

અનુસંધાન પાના ૭ પર

### સુપ્રિમ કોર્ટનો મહત્વપૂર્ણ ચૂકાદો

# તલાક બાદ લગ્નમાં સાથે લાવેલી તમામ વસ્તુ માટે મહિલા હકદાર

### પૂર્વ પત્નીના બેન્ક ખાતામાં રૂપિયા જમા કરવા પૂર્વ પતિને કોર્ટનો આદેશ

નવી દિલ્હી, તા. ૦૩

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે તલાક લીધેલી મુસ્લિમ મહિલાને લગ્ન સમયે તે જે રોકડ, સોનું, દહેજ અને અન્ય ઘરેલુ સામાન પોતાની સાથે લાવી હોય તે બધું જ પાછું મેળવવાનો કાયદેસર અધિકાર છે.



જસ્ટિસ સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું કે આ તમામ વસ્તુઓને મહિલાની વ્યક્તિગત મિલકત ગણાવી જોઈએ અને તલાક થયા બાદ તેના પૂર્વ પતિ દ્વારા તે પરત થવી જરૂરી છે. કોર્ટે જણાવ્યું કે મુસ્લિમ મહિલા (તલાક પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૩ હેઠળ આ જોગવાઈ છે.

જે મહિલાને તેના સગા-સંબંધીઓ કે મિત્રો દ્વારા લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન કે લગ્ન પછી આપવામાં આવેલી તમામ મિલકતો પર હકદાર બનાવે છે, જે મહિલા તલાક પછી તેને પાછું માગી શકે છે.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ કાયદાનું અર્થઘટન માત્ર સિવિલ વિવાદ તરીકે નહી, પરંતુ બંધારણ દ્વારા આપવામાં આવેલી સમાનતા અને સ્વાયત્તતાના વચનને પૂર્ણ કરવાના હેતુથી થવું જોઈએ, જેથી તલાક પછી

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હી એરપોર્ટ પર ચેક ઈનમાં ક્ષતિ : હવાઈ સેવા અસરગ્રસ્ત

### દેશભરની વિમાની સેવા વિલંબમાં પડતા હજારો મુસાફરો ફસાયા

નવી દિલ્હી, તા. ૦૩

દિલ્હી વિમાની મથકે જીપીએસ સિગ્નલમાં સ્પુફીંગનો સરકારે સ્વીકાર કર્યો અને તેમાં સાયબર એટેક થયો હોવાનું પણ બહાર આવ્યુ તે વચ્ચે ગઈકાલે રાત્રીથી દિલ્હી વિમાની મથકે ચેક ઈન સીસ્ટમમાં ક્ષતિ સર્જાતા જ દિલ્હીથી દેશભરની વિમાની સેવાને અસર થઈ છે અને આજે રાજકોટ-અમદાવાદ-જામનગર વગેરેની દિલ્હીથી આવતી વિમાની સેવા પણ વિલંબમાં પડી છે.

રાજકોટમાં સવારે બે ફલાઈટ દિલ્હીથી આવે છે પરંતુ તે સમયસર આવી નથી અને બપોરે તે રાજકોટ પહોંચે તેવી ધારણા છે જેના કારણે રાજકોટથી દિલ્હી જનારા મુસાફરોને પણ મુશ્કેલી અનુભવવી પડતી હોવાનું બહાર આવ્યું છે.

એરઈન્ડીયાએ તેના મુસાફરોને મોકલેલી સૂચના મુજબ દિલ્હી એરપોર્ટ પર થર્ડ પાર્ટી સીસ્ટમ ચેક ઈનની ક્ષતિ સર્જાઈ છે અને તે ફકત દિલ્હી નહી પણ તમામ વિમાની મથકોએ આ ક્ષતિ જે સર્જાઈ હતી તેના કારણે વિમાની સેવાને અસર થઈ રહી છે.

જો કે એરઈન્ડીયાના જણાવ્યા પ્રમાણે સીસ્ટમમાં જે ખામી હતી તે સુધારી લેવામાં આવી છે પરંતુ

અનુસંધાન પાના ૭ પર

# રૂપિયાના મૂલ્યમાં સતત ચાલુ રહેલું ધોવાણ ડોલર સામે રૂપિયો ૯૦.૧૪ ઓલ ટાઈમ લો

### રૂપિયાના મુલ્યમાં ઘટાડો ચાલુ રહેતા શેરબજારમાં પણ મંદીનો માહોલ

નવી દિલ્હી, તા. ૦૩

અમેરિકા સાથેના ટેરીફ વોર તથા વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી વચ્ચે કરન્સી માર્કેટમાં ડોલર સામે દબાણમાં આવેલો ભારતીય રૂપિયો આજે વધુ એક વખત ઉંધા માથે પટકાયો હતો અને ઈતિહાસમાં પ્રથમ વખત ૯૦ના સ્તરથી નીચે ઉતરી ગયો હતો. શેરબજારમાં પણ મંદીનો આંચકો લાગ્યો હતો અને



સેન્સેક્સ-નિફટી મહત્વના લેવલથી નીચે ઉતરી ગયા હતા.

કરન્સી માર્કેટમાં ડોલર સામે ભારતીય રૂપિયો છેલ્લા ત્રણેક દિવસથી નબળો પડી જ રહ્યો હતો ગઈકાલે ૯૦ના લેવલની નજીક આવી ગયો હતો અને આજે ખુલતામાં જ વધુ પ્રચંડ દબાણ આવતા ૯૦ની સપાટીની નીચે ઉતરી ગયો હતો.

આજે પ્રારંભિક કામકાજમાં ડોલર સામે રૂપિયો ગગડીને ૯૦.૧૪ના ઓલટાઈમ લો લેવલે ઉતરી ગયો હતો. અમેરિકા સાથેના ટેરીફ વોરના કારણે નિકાસને ફટકો ઉપરાંત મોંઘી આયાત, વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી, નવા રોકાણને બ્રેક, વૈશ્વિક અનિશ્ચિતતા સહિતના કારણોથી રૂપિયામાં દબાણ રહ્યું છે. ડોલર ઈન્ડેક્ષમાં સતત તેજીના કારણે પણ અમેરિકન ડોલર સતત મજબુત થઈ રહ્યાની પણ અસર છે.

ભારતીય રૂપિયાની નબળાઈના કારણે ભારતની આયાતને મોટો ફટકો પડવાનો

અનુસંધાન પાના ૭ પર

# હિન્દુઓમાં દરેક માટે અલગ ભગવાન હોય છે : રેવંત રેડ્ડી

### હિન્દુ દેવી-દેવતાઓ માટે અપમાનજનક વિધાનો કરતા તેલંગાણાના મુખ્યમંત્રી

હૈદરાબાદ, તા. ૦૩

હિન્દુ-દેવી દેવતાઓના અપમાન કરવાની ફરી શરૂ થયેલી હરકતોમાં હવે તેલંગાણાની કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ હિન્દુઓ કેટલા ભગવાનમાં વિશ્વાસ ધરાવે છે તેવુ કહીને મજાક ઉડાવતા હવે આ વિવાદ વધી ગયા છે અને ભાજપે તક ઝડપી આ કોંગ્રેસની માનસિકતા હિન્દુ વિરોધી જ હોવાનો આક્ષેપ કર્યો છે.શ્રી રેડ્ડીએ એક કાર્યક્રમ સમયે કહ્યું હતું કે હિન્દુઓ કેટલા ભગવાનોમાં વિશ્વાસ ધરાવે છે. શું તે ૩ કરોડ છે! શા માટે આપ્યા બધા ભગવાન! કુવારા લોકો માટે એક ભગવાન હનુમાન છે. બે વખત લગ્ન કરનારા માટે એક વધુ ભગવાન છે.શરાબ પીનારા માટે એક બીજા ભગવાન છે અને મરઘાની બલી ચડાવવા માટે પણ અલગ ભગવાન છે અને દાળ-ભાત ખાનારાના ભગવાન જુદા છે. મુખ્યમંત્રીના આ વિધાનો પર જબરો વિરોધ થયો છે તથા હિન્દુ આસ્થા- રિત રિવાજો સામે અપમાન ગણાવ્યુ હતુ.તો કેન્દ્રીય મંત્રી બંદી સંજયએ આક્ષેપ કર્યો કે કોંગ્રેસ હંમેશા ઔવેસી સામે ઝુકનારો પક્ષ બની ગયો છે અને તે ખુદ એક મુસ્લીમ પાર્ટી બની ગઈ છે

અનુસંધાન પાના ૭ પર

# આતંકવાદીઓ સામે લડવું એ જ સાચો જેહાદ છે : મૌલાના મદની

### જમિયત ઉલેમાના પ્રમુખ મદનીએ વિવાદી નિવેદન અંગે કરેલી સ્પષ્ટતા

જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહેમૂદ મદનીએ જેહાદવાળા નિવેદન પર સ્પષ્ટતા કરી છે. મદનીએ કહ્યું કે તેમના નિવેદનથી થતી કોઈપણ ગેરસમજની જવાબદારી તેઓ પોતે લે છે. તેમના શબ્દોને તેમના સંપૂર્ણ સંદર્ભ સિવાય ખોટી રીતે સમજવામાં આવ્યા છે.

ન્યૂઝ એજન્સીને આપેલા એક ઈન્ટરવ્યુમાં મદનીએ કહ્યું કે તેમનો ઈરાદો જેહાદના પવિત્ર અને ઐતિહાસિક અર્થને ઉજાગર કરવાનો હતો. પરંતુ તેઓ એ સુનિશ્ચિત કરવાની જવાબદારી નિભાવી શક્યા નહીં કે તેનો ખોટો અર્થ ન કાઢવામાં આવે.

વાસ્તવમાં, ૨૯ નવેમ્બરે જમિયતના પ્રમુખે ભોપાલમાં નેશનલ ગર્વનિંગ બોડીની મીટિંગ દરમિયાન જેહાદ શબ્દ વિશે કહ્યું હતું કે ઈસ્લામ અને મુસલમાનોના દુશ્મનોએ જેહાદને ઝઘડા અને હિંસાનો અર્થ બનાવી દીધો છે.

આજે લવ જેહાદ, લેન્ડ જેહાદ, તાલીમ જેહાદ, થૂંક જેહાદ, વોટ જેહાદ જેવા શબ્દોનો ઉપયોગ મુસલમાનોની આસ્થાનું અપમાન કરવા માટે કરવામાં આવે છે. કમનસીબે સરકાર અને મીડિયાના લોકોને આવા શબ્દોનો ઉપયોગ કરવામાં કોઈ શરમ આવતી નથી.

જો તમે મારું આખું નિવેદન સાંભળો, તો ત્રણ વાતો કહેવામાં આવી છે. એક એ કે ભારતમાં, જેહાદ ના ઘણા અર્થ છે. સૌથી મોટો જેહાદ પોતાના ઉદ્દેશ્યનું સ્પષ્ટ વિઝન રાખવું અને પોતાનું કામ કરવું છે. જો અન્યાય થાય, તો તેની વિરુદ્ધ અવાજ ઉઠાવો; આ પણ જેહાદ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ

અનુસંધાન પાના ૭ પર

# ડ્રગસની તસ્કરીના મુદ્દે ટ્રમ્પની વેનેઝુએલા પર હુમલો કરવા ધમકી

### દુનિયામાં યુદ્ધ રોકવાની વાત કરનાર ટ્રમ્પ હવે યુદ્ધની ધમકી આપવા લાગ્યા

વોશિંગ્ટન, તા. ૦૩

દુનિયામાં યુદ્ધ બંધ કરાવવાની વાતો કરનારા અમેરિકી પ્રમુખ ટ્રમ્પ હવે વેનેઝુએલા સાથે યુદ્ધ કરવાના હાકલા-પડકારા કરી રહ્યા છે! મામલો ડ્રગ તસ્કરીનો છે. ટ્રમ્પે વેનેઝુએલાના ડ્રગ તસ્કરોને મોટી ચેતવણી આપી છે.કેરેબિયનમાં કથિત વેનેઝુએલાના ડ્રગ તસ્કરોની બોટો પર વારંવાર હવાઈ હુમલા બાદ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ખૂબ જ જલદી વેનેઝુએલામાં રહેતા ડ્રગ તસ્કરો પર હુમલા શરૂ કરી દેશે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના ડ્રગ તસ્કરોને મોટી અને સીધી ચેતવણી આપી છે. કેરેબિયનમાં કથિત વેનેઝુએલાના ડ્રગ તસ્કરોની બોટ પર વારંવાર હવાઈ હુમલાઓ થયા પછી, ટ્રમ્પે હવે જાહેરાત કરી છે કે અમેરિકા ખૂબ જ જલ્દી વેનેઝુએલાની અંદર રહેતા ડ્રગ તસ્કરો પર હુમલો કરવાનું શરૂ કરશે. ટ્રમ્પે મંગળવારે કેબિનેટની બેઠક દરમિયાન જે ટિપ્પણીઓ કરી, તેનાથી વેનેઝુએલા અને અમેરિકા વચ્ચેનો તણાવ વધુ વધવાની સંભાવના છે.

ડ્રગ તસ્કરોની બોટ પર વારંવાર હુમલા કર્યા બાદ અમેરિકાએ હવે એક વધુ મોટો નિર્ણય લીધો છે. ટ્રમ્પે કેબિનેટની બેઠક દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: "અમે જમીન પર પણ આ હુમલાઓ શરૂ કરવા જઈ રહ્યા છીએ. જમીન પર હુમલો કરવો ખૂબ જ સરળ છે, અમે જાણીએ છીએ કે ખરાબ લોકો ક્યાં રહે છે. અમે બહુ જ જલ્દી તેમના પર હુમલા શરૂ કરવા જઈ રહ્યા છીએ."

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વર્ષ ૨૦૩૦ સુધીમાં એમએમએફનો ઉપયોગ ૧૦૦ મીલીયન ટન્સ થઈ જશે

## એમએમએફ સેગમેન્ટમાં એમએસએમઈ દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટે માર્ગદર્શન



સુરત, તા.૩

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઈલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર, તા. ૧લી ડિસેમ્બરે ટેક્ષ્ટાઈલ પર્વના પ્રથમ દિવસે કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને સુરતના ઉદ્યોગ સાહસિકોને એમએમએફ સેગમેન્ટમાં એમએસએમઈ દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટેની વ્યુહરચનાઓ વિષે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનું ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર દેશના એમએમએફ સેગમેન્ટમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને અહીંના એમએસએમઇ ઉદ્યોગો માટે વૈશ્વિક બજારમાં આગળ વધવાની અપાર સંભાવનાઓ છે. ટેક્ષ્ટાઈલ પર્વના વિવિધ સેશનોમાં નિષ્ણાતો દ્વારા મળનાર માર્ગદર્શન ઉદ્યોગની પ્રગતિ, નવીનતા, સ્કિલ ડેવલપમેન્ટ અને એક્ષ્પોર્ટ ક્ષમતા વૃદ્ધિ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ચેમ્બર હંમેશાં ઉદ્યોગના સર્વાંગી વિકાસ અને ઉદ્યોગ સાહસિકોને નવી તકો ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ રહ્યું છે.

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને જણાવ્યું હતું કે, કુલ ગ્લોબલ ફાયબર કન્ઝમ્પ્શનમાં ૬૦ ટકા એમએમએફનો ઉપયોગ થઇ રહયો છે. ૨૫ વર્ષ પહેલા ૬૦ ટકા નેચરલ અને ૪૦ ટકા એમએમએફ હતું પણ હવે આજે રિવર્સ થઇ ગયું છે. અત્યારે પરફોર્મન્સ વેર, એથલીશિયર, ટેકનિકલ ટેક્ષ્ટાઈલ અને સસ્ટેનેબલ મટિરિયલનો વધારે ઉપયોગ થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં એમએમએફનો ઉપયોગ ગ્લોબલી ૧૦૦ મિલિયન ટન્સ થઇ જશે. આ બાબત ભારતના કાપડ ઉદ્યોગ માટે ઘણી તકો દર્શાવે છે.

તેમણે જણાવ્યું હતું કે, પોલીએસ્ટર ફાઇબર અને ફિલામેન્ટના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાં ભારતનું સ્થાન છે, પરંતુ જ્યારે ડાઉનસ્ટ્રીમ વેલ્યુ એડેડ એમએમએફ (મેન મેઈડ ફાઈબર) એક્ષ્પોર્ટની વાત આવે ત્યારે ભારતની સંપૂર્ણ હાજરી જોવા મળતી નથી. ચીન, વિયેતનામ અને ટરકી જેવા દેશોએ મજબૂત અને ઝડપી ઈનોવેશન આધીરીત એમએમએફ ઈકો સિસ્ટમ ઉભી કરી છે, જેને કારણે આજે તેઓ વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક થયા છે.

આજે સુરત દેશના એમએમએફ ટેક્ષ્ટાઈલ સેકટરમાં મુખ્ય કેન્દ્ર તરીકે ઉભર્યું છે. સુરત એ દેશનું એકમાત્ર એવું ક્લસ્ટર છે જે ચીન, વિયેતનામ અને ટરકી જેવા દેશો સાથે સમાન સ્તરે સ્પર્ધા

અનુસંધાન પાના ૭ પર

## આરોપી ગુડ્ડુ ઉર્ફે ગડદુકુમાર સાહને ફરારી જાહેર

સુરત, તા.૩

પોક્સો એક્ટના આરોપી ગુડ્ડુ ઉર્ફે ગડદુકુમાર સાહ ઉર્ફે ગડદુકુમાર સાહેબ સાહ (ઉ.વ.૨૨) રહે. સુમન મંદિર, પ્રધાનમંત્રી આવાસ, ઉત્રાણ પાવર હાઉસની સામે, મોટા વરાછા(મૂળ વતનઃ શલકુવા ગામ, થાનાઃશલકુવા બજાર, પોસ્ટ-સીમડી બત્તાયરપુર, તા-કોપડીયા, જિ-સહરસા(બિહાર) સુમન મંદિરના વોચમેન તરીકેની નોકરી દરમિયાન તેની સામે અમરોલી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૧માં ગુનો નોંધાયો હતો. કોર્ટ દ્વારા ધારાધોરણ મુજબ જામીન મુક્ત કર્યા બાદ આરોપી કોર્ટ મુદતે હાજર નહીં રહેતા ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામાં છે. પરંતુ તપાસ દરમિયાન આરોપી ન મળી આવતા વોરંટની બજવણી ન થઇ શકી હોવાથી નામદાર કોર્ટ દ્વારા સી આરોપી ગુરુ ઉર્ફે ગડદુકુમારને ફરારી જાહેર કરાયો છે એમ અમરોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જે.બી.વનારની યાદીમાં જણાવાયું છે.

# અનલિસ્ટેડ શેરોમાં ચાર વિકલ્પ હોય છે : મિલન શાહ

## ચેમ્બર ઓફ કોમર્સમાં સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ પર સેશન યોજાયું

સુરત, તા.૩

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, ૧૫મી નવેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "Smart Investment & Compliance Strategies fro Modern Investros" વિષય પર એક માર્ગદર્શક સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટોક માર્કેટ, અનલિસ્ટેડ શેર, સેબી નિયમો અને શેર લે-વેચ પર આવકવેરાની અસર જેવા વિષયો પર નિષ્ણાત વક્તાઓએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે છેલ્લા ૫ મહિનામાં ૨૫૦થી વધુ કાર્યક્રમો થઈ ચૂક્યા છે. રોકાણ કરવું જ પૂરતું નથી, ઓછા જોખમે વધુ વળતર સાથે સ્માર્ટ રોકાણ કરવું અને સાથે જ કાયદાનું પાલન અને સમજ પણ અત્યંત જરૂરી છે.

સીએ શ્રી રશેષ શાહે શેરબજારમાં રોકાણની આવકવેરા અધિનિયમ અંગેની અસરો પર બોલતા એલટીસીજી-એસટીસીજી વિશે માહિતી આપી હતી. તેમણે લોકોને સૌથી વધુ મૂઝવતા પ્રશ્ન બિઝનેસ ઈન્કમ વિ. મૂડી લાભ વિશે પણ સમજણ આપી હતી અને વિવિધ ચુકાદાઓને ટાંક્યા હતા. સાથે તેમણે પીએમએસમાં રોકાણ, ડેરિવેટિવ્ઝ કામકાજ, એફ એન્ડ ઓ ટ્રેડર્સ પર આવકવેરા કાયદાની અસરોની સાથે મ્યુ. ફંડોમાં ખાસ કરીને ડેટ ફંડોમાં રોકાણ પર આવકવેરાની જોગવાઈઓ સમજાવી હતી. તેમણે આવકવેરાની કલમ ૫૪એફ હેઠળ લાંબા ગાળાના મૂડી લાભ પર કેવી રીતે કરમુક્તિ મેળવી શકાય એ સમજાવ્યું હતું.

સીએ મિલન શાહે અનલિસ્ટેડ શેરોમાં તક વિશે બોલતા કહ્યું

કે કોઈ પણ શેરબજાર પર લિસ્ટેડ ન થયા હોય તેવા શેર એટલે અનલિસ્ટેડ શેરો. એમાં ચાર વિકલ્પ હોય છે, સ્ટાર્ટ અપ, પ્રિ આઈપીઓ કંપની, એમ્પ્લોઈઝ સ્ટોક ઓપ્શન, પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ. હાઈ ગ્રોથ સંભાવના વિશે સમજાવતા કહ્યું કે ઝોમેટોના અનલિસ્ટેડ વખતે રોકાણ કરનારાને થોડા મહિનામાં નાણાં બમણાં થઈ ગયા. સ્માર્ટ ઈન્વેસ્ટર માટે તે સારું પોર્ટફોલિયો ડાઈવર્સિફિકેશન છે. શેરબજારની ચંચળતાની તેના પર અસર થતી નથી. તેમણે રાઈટ ઈશ્યુ એડવાઈઝરી, શેર વોરંટ અને પ્રેફરન્સ શેરો વિશે પણ સમજ આપી હતી. સાથે જ અનલિસ્ટેડ શેરોમાં રોકાણ કેવી રીતે કરવું, તેની તકો સાથે સંકળાયેલાં જોખમો અને પડકારો સમજવા તેમજ રિઆલિટી ચેક કરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે રોકાણ કરતા પહેલાં વેલ્યુએશન સમજવું, એક્ઝિટ સ્ટ્રેટેજી સમજવી ખૂબ જરૂરી છે.

સીએ સૌરભ શાહે રોકાણકારોની સુરક્ષા, સેબીના નિયમોના પાલન અને ફરિયાદ નિવારણની પ્રક્રિયા વિશે વિગતે સમજણ આપી હતી. માર્જિન સ્ટેટમેન્ટ ચકાસણી, રેકોર્ડ બેક અપ રાખવા વગેરે વિશે સમજણ આપી હતી.ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમનો હેતુ અને પૃષ્ઠભૂમિ રજૂ કરી હતી. ચેમ્બરની

અનુસંધાન પાના ૭ પર



# પપ્પા મારા પીઠબળ વિષયે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ

## અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલયમાં અભ્યાસ પ્રવૃત્તિનું આયોજન

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ શ્રીમતી પી.ડી.શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલયમાં પપ્પા મારા પીઠબળ વિષય પર સહઅભ્યાસ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી છે શાળા સંસ્કારદીપ વિદ્યાલયમાં યોજાયો કાર્યક્રમ સહઅભ્યાસ પ્રવૃત્તિનું આયોજન વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ શ્રીમતી પી.ડી.શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલયમાં સમયાંતરે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે વર્ગ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. પપ્પા મારા પીઠબળ વિષય પર યોજાયેલ કાર્યક્રમમાં પિતાને લગતા ગીતો નૃત્ય સ્વરૂપે રજુ કરવામાં આવ્યા હતા તથા પિતાનું પરિવારમાં મહત્વ શું છે નાટક દ્વારા દર્શાવવામાં આવ્યું હતું.

દરેક બાળકોએ પોતાના પિતાને આજની રજૂઆતથી ભાવુક કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ધોરણ- ૨ ના શિક્ષકો ભારતીબેન ડોબરીયા તથા ડિમ્પલ બેન સુરમા તથા શાળાના ડાન્સ ટીચર મનશ્રી બહેને જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

## હવે ૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવનારને પણ સંત સુરદાસ યોજનાનો મળશે લાભ

સુરત, તા.૩

દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સંત સુરદાસ યોજના હેઠળ અત્યાર સુધી ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા નાગરીકોને લાભ આપવામાં આવતો હતો. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬થી ૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગોને સંત સુરદાસ યોજના હેઠળ લાભ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સંતસુરદાસ યોજનામાં બી.પી.એલ કાર્ડ તથા ૦થી ૧૭ વર્ષ ફરજીયાતની જોગવાઇ હતી તેને પણ વર્ષ ૨૦૨૪-૨૫માં દુર કરવામાં આવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગ વ્યક્તિઓ પ્રત્યે સંવેદના દાખવીને 'વિકલાંગ' વ્યક્તિઓને 'દિવ્યાંગ' જેવું સન્માનજનક નામ આપીને સમાજમાં તેમનું ગૌરવ પુનઃસ્થાપિત કર્યું છે. આ પરિવર્તન માત્ર એક શબ્દનું નથી, પરંતુ રાષ્ટ્રના દૃષ્ટિકોણનું પ્રતિબિંબ છે. વર્ષ ૨૦૧૬માં, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ પસાર કરીને દિવ્યાંગોના અધિકારોને કાયદાકીય સુરક્ષા પૂરી પાડી છે. આ કાયદાથી દિવ્યાંગોને માત્ર અધિકારો જ નહીં, પણ સમાનતા અને સુરક્ષાનું કવચ મળ્યું છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર

અનુસંધાન પાના ૭ પર

# ગુરુવારથી બે દિવસ પાદરાના એકલબારા દરગાહે ઉર્સ ઉજવાશે

## ઘેર ઘેરગાયો પાળો , વ્યસનમુક્તિ અને કોમી એકતાનો સંદેશ આપતા ઉર્સમાં દર વર્ષે હજારો અનુયાયીઓ હાજરી આપે છે

સુરત, તા.૩

પાદરાના એકલબારાનીકયામુદ્દીન ચિશ્તી બાવા સાહેબની દરગાહે ઉર્સ ઉજવાશે. ઘેર ઘેર ગાયો પાળો, વ્યસનમુક્તિ અને કોમી એકસંપીનો સંદેશ આપતા ઉર્સમાં દર વર્ષે હજારો અનુયાયીઓ હાજરી આપે છે. અગાઉના વર્ષોમાં ગાદીપતિ કદીર પીરઝાદા (બાવા સાહેબ) ની હાજરીમાં કથાકાર સંત મોરારિબાપુ, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પૂર્વ ખજાનચી સ્વ. એહમદ પટેલ, શક્તિસિંહ ગોહિલ, ગુજરાતના પૂર્વ રાજયપાલ બેનિવાલ ઉપસ્થિત રહ્યા હતા. મોટામિયા માંગરોળ પાદરા એકલબારા ગાદીના ગાદીપતિ કદીરૂદ્દીન પીરઝાદા એક માત્ર એવા વ્યક્તિ છે. જેમની ગાદી દ્વારા



ગૌશાળા ચલાવવામાં આવી રહી છે. જેની નોંધ મોરારિબાપુએ પણ લીધી હતી.

પાદરા તાલુકાના એક્લબારા ગામે આવેલી શાહ દાદા ક્યામુદ્દીન ચિશ્તી બાવા સાહેબની ઐતિહાસિક દરગાહ ખાતે ૪૦૦ વર્ષથી ચાલતી પરંપરા મુજબ આ વર્ષે પણ ઉર્સ મહોત્સવ થવા જઈ રહ્યો છે.

મેળા સમિતિ પાસેથી મળેલી માહિતી મુજબ ૪ ડિસેમ્બર, ગુરૂવારે ''સંદલ શરીફની વિધિ યોજાશે અને જુલુસ નીકળશે. જ્યારે ૫ ડિસેમ્બર, શુક્રવારે ઉર્સ મેળો યોજાશે. એક્લબારા દરગાહના સજ્જાદા નશીન પીર કદીરરુદ્દીન પીરઝાદા ચિશ્તી સાહેબ, તેમના ભાઈ રફીકઉદ્દીન પીરઝાદા સાહેબ (ઝઘડિયા ગાદીવાળા) તથા ડો. અરહમ પીરઝાદા સાહેબ (ગાદીપતિ) ની વિશેષ ઉપસ્થિતિ રહેશે. ઉર્સ મેળાની રાત્રે મહેફીલે શમ્માનું આયોજન કરાયું છે.કાર્યક્રમ દરમ્યાન ઠાકોર પરિવાર તરફથી માજી ધારાસભ્ય જસપાલસિંહ ઠાકોર (પઢિયાર) તથા તેમનો પરિવાર વાજતે-ગાજતે દરગાહે પહોંચીને ચાદર ચઢાવવાની પરંપરાગત વિધિ નિભાવશે



# ડી.એ. આણંદપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વિલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

## અંકલેશ્વરમાં આયોજીત ટુર્નામેન્ટમાં ૩૨ ટીમ ભાગ લઈ રહી છે

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વરજી આઈડિસીમાં આવેલ સ્પોર્ટ્સ સેન્ટર ખાતે વિલેજ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે આ ટુર્નામેન્ટમાં સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૩૨ જેટલી ક્રિકેટ ટીમો ભાગ લઈ રહી છે.

અંકલેશ્વરમાં કરવામાં આવ્યું આયોજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજન વિલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાય ૩૨ ટીમો લઇ રહી છે ભાગ અંકલેશ્વરના ડી.એ.આણંદપુરા સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સેન્ટર તેમજ ભરૂચ ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે વિલેજ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.અંકલેશ્વરના ડી.એ.આણંદપુરા સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સેન્ટર, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ સોસાયટી તેમજ ભરૂચ ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે

અનુસંધાન પાના ૭ પર

# સુરતના નગર સેવક વ્રજેશભાઈ ઉનડટના જન્મદિવસની સેવાસભર ઉજવણી

## જૂની સિવિલ હોસ્પિટલના સફાઈકર્મીઓને સાડી, બ્લેન્કેટનું વિતરણ

સુરત, તા.૩

સુરત શહેરના ચોક બજાર સ્થિત અંગ્રેજોના સમયથી કાર્યરત દક્ષિણ ગુજરાતના હજારો દર્દીનારાયણની સેવામાં જૂની સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છે. સુરતના વોર્ડ નંબર ૨૧ના નગરસેવક વ્રજેશભાઈ ઉનડકટે સફાઈકર્મી ભાઈ-બહેનોને માન-સન્માનરૂપે સાડી તથા બ્લેન્કેટનું વિતરણ કરી સેવાસભર જન્મદિવસની ઉજવણી કરી હતી.

૪૧મા જન્મદિનની શરૂઆત



નગરસેવક વ્રજેશભાઈએ ગૌ સેવા અને પૂંજન કરીને કરી હતી. ત્યારબાદ પ્રાથમિક શાળાના બાળકોને ૫૪ સાયકલનું વિતરણ અને જૂની સિવિલ હોસ્પિટલના કર્મચારીઓને સાડી, બ્લેન્કેટ અર્પણ કરીને ઉનડકટ પરિવારે જન્મદિવસને અનોખી રીતે ઉજવીને યાદગાર બનાવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યના નર્સિંગ એસો.ના સેક્રેટરીશ્રી ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતંય કે,

અનુસંધાન પાના ૭ પર

# હાંસોટની કબીર ટેકસોફેબ કંપનીમાં ભીષણ આગ લાગી

અંકલેશ્વર, તા.૩

હાંસોટના આમોદ ગામ નજીક આવેલ ખાનગી કંપનીમાં આગનો બનાવ સામે આવ્યો છે પંડવાઈ અને આમોદ ગામ નજીક આવેલ કબીર ટેક્સોફેબ કંપનીમાં આજરોજ રાત્રિના સમયે અચાનક જ આગ ફાટી નીકળી



હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી નજરે પડ્યા હતા.

આ અંગેની જાણ કરવામાં આવતા જ એક પછી એક ૩ જેટલા ફાયર ફાયટર ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા હતા. બનાવની જાણ થતાની સાથે જ હાંસોટ મામલતદાર અને પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહની થઈ ન હતી. જોકે કંપનીમાં અચાનક જ આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી

# કારમાં સુરત લઈ જવાતો વિદેશી દારૂ ઝડપી પડાયો

વલસાડ, તા.૩

વલસાડ જિલ્લા ના વાપી તાલુકા માં દમણ થી ઈંગ્લીસ બનાવટ નો દારૂ સુરત લઈ જતી કાર સેલેરીઓ નો એલસીબી ના અધિકારી ને મળેલી બાતમી ના આધારે પીછો કરતા કાર વાપી ના બલીઠા થી ભાગવા જતા છરવાડા અન્ડર પાસ માં થઈ પૂરપાટ ઝડપે ગાડી હંકારવા જતા ચાલક સ્ટીયરિંગ ઉપર નો કાબુ ગુમાવતા ડિવાઈડર ઉપર ચઢી જવા પામ્યો, જ્યાં તેની કાર મૂકી ચાલક ફરાર થયો, કાર ની અંદર ૫૪૨.બોટલ દારૂ જેની કિંમત અંદાજે રૂપિયા ૨,૬૪,૯૦૦.સાથે મોબાઈલ અને કાર ની કિંમત નો મુદ્દામાલ રૂપિયા ૫,૬૯,૯૦૦/=નો કબ્જો લઈ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાર ચાલક ના માલિક સામે આગળ ની કાર્યવાહી હાથ ધરી.

# મહિલા વૃતિકા તાલીમ યોજનાનો લાભ લેવા માટેની ઉત્તમ તક

## તા. ૧૨ ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત, તા.૩

સુરત જિલ્લાના ખેડૂતો બાગાયત ખાતાની યોજનાઓમાં મહત્તમ લાભ લઇ શકે તે માટે એચ.આર.ટી.૫ યોજના હેઠળ મહિલા વૃતિકા તાલીમ ઘટકમાં આઈ-ખેડૂત પોર્ટલ તા.૧૨/૧૨/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકાયું છે. જેમાં લાભ લેવા ઈચ્છુકોએ પોતાના નજીકના ઇ-ગ્રામ સેન્ટર, ખાનગી ઈન્ટરનેટ અથવા નાયબ બાગાયત નિયામકની કચેરીમાં સવારના ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન આધાર કાર્ડ, રેશન કાર્ડ નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી અને જરૂરી દસ્તાવેજો દિન-૦૭ માં નાયબ બાગાયત નિયામકની કચેરીમાં અચુક જમા કરાવવા. ઓન લાઈન અરજી https://ikhedut.gujarat.gov.in સાઈટ પર કરી શકાય છે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ. ફોન નં : ૦૨૬૧-૨૬૫૫૯૪૮. પર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક,સુરતની યાદીમાં જણાવાયું છે.

### તા. ૩જી ડિસેમ્બરઃ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ

# વ્હીલચેર ક્રિકેટમાં સુરતના ત્રણ ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું

## મનીષ ગિરિરાજ શર્મા મુખ્ય કોચ, પરશુરામ દેસલે વાઈસ કેપ્ટન અને મિલન આહિર ઓલરાઉન્ડર તરીકે પસંદ

સુરત, તા.૩

આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસના પુર્વે સુરત માટે ગૌરવપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. દિવ્યાંગ ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રીય વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ સુરતના ત્રણ ખેલાડીઓની વ્હીલચેર ઈન્ડિયન ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. આ સિદ્ધિ માત્ર ખેલાડીઓ માટે જ નહીં પરંતુ સમગ્ર પ્રદેશ માટે પ્રેરણારૂપી ક્ષણ છે.

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ઉંબેર ગામના નિવાસી ધનસુખ પટેલ ઘણા વર્ષોથી દિવ્યાંગ ખેલાડીઓને ફ્રી કોચિંગ આપીને તેમની રમતિયાળ પ્રતિભાને નિખારી રહ્યા છે. અત્યાર સુધીમાં તેઓ ૯ પ્રતિભાશાળી ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરની તૈયારી કરાવી ચૂક્યા છે, જેમાંથી ત્રણ ખેલાડીઓને આ વખતે વ્હીલચેર ઈન્ડિયન ક્રિકેટ ટીમમાં સ્થાન મળ્યું છે.

ધનસુખ પટેલ કહે છે કે, ''દિવ્યાંગ ખેલાડીઓ પાસે અદમ્ય શક્તિ હોય છે. સાચી તક અને યોગ્ય માર્ગદર્શન મળે તો તેઓ રાષ્ટ્રીય નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચમકી શકે છે. આ ત્રણેય ખેલાડીઓની સિદ્ધિ મારા માટે પરિવારના સભ્ય જેવી ખુશી મળી છે''

ફ્રી એકેડેમીના શિષ્ય મનીષ ગિરિરાજ શર્માને ભોપાલ ખાતે યોજાનારી ઉમંગ નેશનલ વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુખ્ય કોચ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સુરતના જ પરશુરામ દેસલેને ઉત્તમ પ્રદર્શન

અનુસંધાન પાના ૭ પર

# નામ સાર્થક કરતો કિલ્લો : લોહગઢ

**કિલ્લો ક્યાં :** મુંબઈથી ઘણો નજીક છે. આ કિલ્લો. લોનાવાલાથી અંદાજે ૨૦ કિ.મી.ના અંતરે લોહગઢ અને વિસાપુર નામના દુર્ગની જોડી છે. કોંકણ અને આસપાસના વિસ્તારો પર દેખરેખ રાખવા તેનું બાંધકામ થયું હતું મુંબઈ અને પુણેની નજીક હોવાથી ત્યાં કાયમ ટ્રેકર્સની અવરજવર રહે છે.

**ખાણીપીણીનું શું :** ગઢ પર સ્થિત લક્ષ્મી કોઠીમાં રહેવાની સગવડ છે. ભોજનની વ્યવસ્થા નથી. લોહવાડીમાં રહેવા ઉપરાંત ભોજનની વ્યવસ્થા છે. સાંજને સમયે આ ગામની રોનક અનોખી હોય છે.

મુલાકાત ક્યારે ? : લોહગઢની મુલાકાત માટે જાન્યુઆરીથી મે તેમ જ ઓકટોબરથી ડિસેમ્બરનો સમય પસંદ કરવો. ટેકર્સ ત્યાં ચોમાસામાં પણ પહોંચી જાય છે એ અલગ વાત છે. ત્યાં જવા માટે ટૂરનું આયોજન પણ થાય છે. એકાદ દિવસની આવી ટૂરમાં બધો ખર્ચો સામેલ હોય છે.



**કિલ્લા પર શું જોશો :** લોનાવલાની નજીક સ્થિત મળવલી સ્ટેશન પર ઉતરીને રેલવે ફાટક ઓળંગ્યા પછી એક નાનો પુલ આવે છે એને ઓળંગતા મળવલી ગામ પહોંચાશે. લોહગઢના રસ્તા પર બૌદ્ધકાળની ભાજે ગુફા છે. ગુફા જોઈને આગળ વધવું. ત્યાંથી દોઢેક કલાકમાં ગાયમુખ ખીણ નજીક સ્થિત લોહગઢવાડી ગામ છે. ત્યાંથી લોહગઢ ઉપરાંત વિસાપુર દુર્ગ પર પહોંચાશે. લોહગઢની વાત કરીએ તો કિલ્લા પર ચઢતા ચાર પ્રવેશદ્વાર પસાર કરવા પડે છે. તે ગણેશદ્વાર, નારાયણદ્વાર, હનુમાનદ્વાર અને મહાદરવાજા તરીકે પ્રસિદ્ધ છે. દરવાજા સુધી પહોંચવા સર્પાકાર રસ્તો છે. આ કારણે કિલ્લા પર આવનારા માણસો પર નજર રાખવામાં સરળતા રહેતી હતી. છેલ્લા દરવાજા પરથી નીચે જોતા આ સર્પાકાર રસ્તાનું અજોડ દશ્ય જોઈ શકાય છે. દરેક દરવાજા પર હનુમાનજીનું શિલ્પ કોતરેલું જોવા મળશે. દરવાજામાંથી અંદર પ્રવેશતા એક દરગાહ આવે છે. તેની નજીક રાજસભા અને લોહારખાનાના ભગ્ન અવશેષ છે. બહાર ચૂનો બનાવવા માટેનું કારખાનું છે. જમણી બાજુ ધ્વજસ્તંભ, એક તોપ, લક્ષી કોઠી અને શિવમંદિર છે. તેનાથી થોડા અંતરે એક તળાવ છે. સોઈ ખૂણા ધરાવતા આ તળાવની રચના નાના ફડણવીસે કરાવી હતી. ત્યાં ૧,૫૦૦ મીટર લાંબી અને ત્રીસ મીટર પહોળી હાથીની સૂંઢ જેવી ડુંગરની રચના જોવા મળશે. તેનો આકાર વીંછી જેવો હોવાથી તેને વિંછુકાટા નામ મળ્યું છે. ગઢ પરનું પ્રમુખ આકર્ષણ એટલે વિંછુકાટા માચી. ત્યાંથી આસપાસનો સંપૂર્ણ પરિસર જોઈ શકાય છે. વિસાપુર, તુંગ, કોરીગઢ, સિંહગઢ, તોરણગઢ તેમ જ પાવના બંધ ત્યાંથી તાદશ થાય છે.

## આસપાસનાં આકર્ષણો

**વિલાસપુર ગઢ :** આશરે સવા કિલોમીટરે સ્થિત આ કિલ્લાની મુલાકાત એક ફેરામાં લઈ શકાય. ટેમ્પલ પાઈલટ્સ પેંરાગાઈડિંગ : કુશળ માર્ગદર્શકો હેઠળ પેરાગ્લાઈડિંગનો અનુભવ માણવા કામશેટના લેક પેરેડાઈઝ પહોંચી જવું. પાવના લેક : લોનાવાલાથી ૨૦ કિલોમીટરને અંતરે આવેલું સ્થળ કેમ્પિંગ માટે આદર્શ છે મોટા ભાગે હરિયાળીથી છવાયેલું હોવાથી તે પ્રકૃતિપ્રેમીઓનું માનીતું છે. પશ્ચિમ ઘાટમાં હોવાથી અહીં વિવિધ પ્રકારની વનસ્પતિ ઉગે છે. પરિવાર અને મિત્રો સાથે નિરાંતભર્યો સમય પસાર કરવા ત્યાં પહોંચી જવું. ઉપરાંત નારાયણધામ મંદિર, લોનાવલા લેક, તિકોના કિલ્લા, કાર્લા ગુફાઓની મુલાકાત પણ લઈ શકાય. કિલ્લાનો ઈતિહાસ : આ કિલ્લાનો ઈતિહાસ અંદાજે ૩,૫૦૦ વર્ષ જૂનો છે. તેની નજીક ભાજે અને બેડસે ગુફાઓ છે. સતવાહન, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, યાદવ જેવા શાસકોએ આ કિલ્લા પર શાસન કર્યું છે સર્પાકાર અને રક્ષણ પુરું પાડતો આ કિલ્લો તેના નામ પ્રમાણે લોખંડ જેવો મજબૂત, બુલંદ અને અજેય રહ્યો છે આજે પણ તેની કિલ્લાબંધી મજબૂત છે. ઈ.સ.૧૬૫૭માં શિવાજીએ તેને મરાઠા સામ્રાજયમાં સામેલ કર્યો હતો. ઈ.સ.૧૬૬૫માં પુરંદરની સંધિની શરત પ્રમાણે તેમણે તેને મોગલોને સોંપવો પડયો હતો. સન ૧૬૭૦માં તેમણે કિલ્લા પર ફરી વિજય મેળવ્યો હતો. તે સમયે કિલ્લાનો ઉપયોગ સુરતથી લૂંટવામાં આવેલા માલ અને ખજાનાના સંગ્રહ માટે થતો હતો. પેશવાના સમયમાં નાના ફણવીસે તેનો ઉપયોગ તેમના નિવાસ્થાન તરીકે પણ કર્યો હતો. તેમણે વિશાળ ટાંકી અને પગથિયાનું નિર્માણ કરાવ્યું હતું. હાલ ભારત સરકાર કિલ્લાનું રક્ષણ કરે છે.



# વધુ પડતી દર્દ નિવારક દવાઓથી અલ્સર થઇ શકે

પેટના અલ્સરના વિષયમાં હંમેશાં ગરમ મસાલેદાર ભોજનને દોષ આપવામાં આવે છે. જ્યારે એ એક ખોટી ધારણા જ છે. સત્ય એ છે કે અલ્સર મોટાભાગે સંક્રમણ દર્દ નિવારક દવાઓના વધુ ઉપયોગના કારણે થાય છે. પેટના અલ્સરને સારી રીતે સમજી શકાયું નથી. ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, હેપોટોલોજી અને અંડોસ્કોપી એક્સપર્ટ મુદુલ ધારોડ કહે છે કે લગભગ એક સપ્તાહમાં પેપ્ટિક અલ્સરના ૨૦થી ૩૦ કેસો સામે આવે છે. ઘરમાં બનાવેલા ભોજનની જગ્યાએ વધુ જંકફૂડ ખોરાક અને કોલા પીણું લેવું, શારીરિક વ્યાયામ ઓછો કરવો, તણાવ, ધૂમ્રપાન અને આલ્કોહોનું સેવન ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ બાબતોની આશંકા વધારે છે.

પેટનું અલ્સર થવા પર પેટની સપાટી અને નાના આંતરડામાં ઘા થઇ જાય છે. આપણા પેટમાં હાઇડ્રોક્લોરિક એસિડ બને છે, જે ભોજનને પચાવવાનું કામ કરે છે અને શરીરને નુકસાન પહોંચાડનારા માઇક્રોલ્સથી બચાવે છે. ફરીદાબાદ સ્થિત એશિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝમાં ગેસ્ટ્રોએન્ટ્રોલોજી વિભાગના પ્રમુખ ડો.ચંદ્ર સોની કહે છે કે શરીરની કોશિકાઓને એસિડથી બચાવવાનું કામ મ્યૂકસની મોટી સપાટીને થાય છે. જો મયુક્સની સપાટી સારી રીતે કામ કરી રહી નથી તો એસિડ પેટના ટિશ્યુને નુકસાન પહોંચાડવા લાગે છે.

આ અલ્સર બનવાનું કારણ છે. મોટાભાગના પેટના અલ્સર, હેલિકોબેક્ટર પાઈલોરી નામના બેક્ટેરિયાથી થાય છે જે સામાન્ય રીતે પાચન માર્ગમાં ઉત્પન્ન થઈને સપાટીને નુકસાન પહોંચાડે છે. આ બેક્ટેરિયાપેટની સંવેદનશીલ કોશિકાઓને પોતાનું નિશાન બનાવે છે. મુંબઇના ડો.એલ.એચ. હિરાનંદાની હોસ્પિટલથી જોડાયેલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ મેહુલ ચોકસી કહે છે, દર્દ નિવારક દવાઓનો નિયમિત ઉપયોગ કે હ્રદયરોગોમાં લોહીને પાતળું રાખવા માટે આપવામાં આવનારી દવાઓ અલ્સરનું કારણ બની શકે છે. ડો.ચોકસી કહે છે કે દર્દને મટાડવા માટે આમ જ દર્દ મટાડવા લેતા રહેવાથી સારૂ છે કે દર્દનું મૂળ કારણ સમજો. એસ્પ્રિન જેવી દવાઓ કેટલી અને ક્યારે લેવાની છે એના માટે ડોક્ટરની સલાહથી જ કામ કરો.

ઘણાં કેસોમાં અલ્સર કેન્સર, ટીબી કે આંતરડામાં સોજાનો સંકેત હોઇ શકે છે. ડો.સચદેવ કહે છે કે સામાન્ય લક્ષણ ભોજન બાદ પેટના પેટના નીચેના ભાગમાં અસુવિધા થવી, વધુ પડતી બળતરા અને દર્દ થવાના રૂપમાં દેખાય છે. ઘણી વખત આ દર્દ એક જગ્યાએથી બીજી જગ્યા ચાલીએ ત્યારે મહેસૂસ થાય છે. સતત માથામાં બળતરા અને પછી એસિડનું ગળામાં પરત આવવુ, ભૂખ ના લાગવી, વજનમાં ઘટાડો થવો, ચક્કર કે નબળાઇનો અનુભવ થવો વગેરે લક્ષણ પણ જોવા મળે છે. આ સિવાય શરીર ફૂલવુ, વધુ ઓડકાર આવવા કે સતત પેટમાં ભારેપણાનો અનુભવ થવો પણ એના લક્ષણ પણ હોઇ શકે છે. જો ઉલ્ટીમાં લોહી આવતું હોય કે પછી મળનો રંગ કાળો હોય તો ડોક્ટરનો તરત સંપર્ક કરવો જોઇએ. સામાન્ય રીતે એન્ડોસ્કોપી ગટ લાઇનિંગની તપાસ માટે કરવામા આવે છે. બાયોપ્સી પણ કરી શકાય છે.

# રમકડાં : બાળપણના સાથી, વ્યક્તિત્વના પાયા

સંતાનને માત્ર રમકડા આપીને છૂટી નથી જવાનું. એના નિર્દોષ બાળપણને ખીલવે, એનામાં એકાગ્રતા અને એના માનસિક વિકાસને વધારે સારો બનાવે એવા રમકડાં એ જ એના માટે નાતાલની સાચી ભેટનાતાલ માત્ર ખ્રિસ્તીઓનો તહેવાર નથી, વિશ્વના દરેક બાળકને ગમતો તહેવાર છે. ઘરને આંગણે શોભતા તારા સાથે, દરેક બાળકને સૌથી વધુ વહાલા લાલ કપડાં અને સફેદ દાઢીવાળા સાન્તાક્લોઝ લાગે છે. શોપિંગ મોલમાં ભાડૂતી માણસ અને ઘરે મમ્મી-પપ્પા સાન્તા બનીને બાળકોને ચોકલેટ કે રમકડાં ભેટ આપે છે. ૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધીના આ અઠવાડિયામાં જો તમે સાન્તા બનવાના હો, જો તમે બાળકને ખુશ કરવા રમકડું લેવાના હો તો રમકડાં સાથે જોડાયેલ બાળપણ અને વ્યક્તિત્વ વિશે ખાસ વિચારજો. જો બાળક સ્માર્ટફોનની ગેમમાં, આઈપેડમાં કે ડેસ્કટોપ પર રોજના કલાકો પાવર પોતાના હાથમાં રાખતું હોય તો એ બાળક સાંજ પડે ટીવીનું રિમોટ પોતાના હાથમાં જ રાખે, પોતે ઈચ્છે એ જ ઘરના બધા સભ્યોએ જોવાનું એવી જીદ કરે એમાં નવાઇ નથી. એ ધારે ત્યાં ફરવા જવાનું, જમવા જવાનું, પોતાને ગમે એવી જ વસ્તુ લેવા ની એવું સહજપણે કહી જ શકે. એ ભણવામાં ઓછું ધ્યાન આપે તો પણ નવાઇ નહીં. કારણ કે એમાં ધ્યાન કેન્દ્રિત કરવું પડે અને એની એ ક્ષમતા તે રસાકસીવાળી રેસ-ગેમ દ્વારા હણાઇ ગઇ હોય.રિમોટ સાથે જોડાયેલો શબ્દ છે કંટ્રોલ, એટલે કે એવી વસ્તુ જેના દ્વારા તમે તમારું ધાર્યું કરાવી શકો, તમારું આધિપત્ય જમાવી શકો. જે સરળતા માટે, સમય માટે ખૂબ જ ઉપયોગી છે એટલે એનો વિરોધ ન હોઇ શકે, પણ જ્યારે એ રમકડા રૂપે બાળકના હાથમાં આવે છે ત્યારે એની સાથે જોડાયેલ વર્તન, લાગણી અને વલણ પણ આવે છે.તમે અકાળે અથવા સમય પહેલાં મોટી થઇ ગયેલી છોકરી જોઇએ છે ? તમે એવું માની શકો કે કોઇ નાનકડી બબલી ઢીંગલી સાથે રમીને જુવાન હોવાનો અનુભવ કરે ? ૫ વર્ષની નાનકડી દીકરીને રોજ એની ઢીંગલીને નવડાવતી વખતે, કપડાં બદલાવતી વખતે શરમ આવે, એના ભાઇને કે પ્પાને ત્યાંથી દૂર જવાનું કહે છે, કારણ કે એની ઢીંગલી (બાર્બી)નું શરીર પુષ્ત સ્ત્રી જેવું હોય છે. એ નિર્દોષ મન જાણ્યે અજાણ્યે અરીસાની સામે પોતાની અને ઢીંગલીની શરીરની અને રૂપની સરખામણી કરવા લાગે છે અને પોતે ઢીંગલી જેવી બનવાના સપનાં જોવા માંડે છે. વર્ષગાંઠ પર કે વારે-તહેવારે રમકડાં ખરીદતાં અને બાળકને ભેટ આપતાં આપણે બધાંએ વિચારવા જેવું છે કે આપણે ભેટમાં રમકડું આપીએ છીએ કે ગુસ્સો. વિચલિત થતું ધ્યાન કે અર્થવિહિન સ્પર્ધા કે પરાણે આપેલી મેચ્યોરિટી ? રમકડું એ બાળપણ સાથે જોડાયેલુ અને બાળપણ સાથે જ જીવનમંથી જતું રહેતું એક જોડાણ છે. ઘોડિયામાં લટકતા રંગબેરગી ઝુમ્મર સાથે એને હાલરડાનો અવાજ ગમે છે, રણકતા ઘૂઘરા સાથે હલતો એની મમ્મી કે દાદીનો હાથ ગમે છે. સાવ ખોટી ગાડી ચલાવતા એને પપ્પા બનવું ગમે છે અને નાના નાના વાસણોમાં પાણી ને મમરા ભરી એને મમ્મી જેવા બનવાનું ગમે છે. કંઇ જ એની પાસે ન હોય તો પણ થોડાક સાંઠીકડાં, પથરા, ડબ્બાના ઢાંકણાંને ગોઠવી એ પોતાનું રકમડું જાતે બનાવી લે છે. એ બાળક છે, એને રમવું ગમે છે. વિચારવાનું તો આપણે છે કે એને રમવા શું આપવું? એની સાથે બાળક બનીને રહેતાં રમકડાં કે એને અચાનક મોટા કરી દેતા રમકડા ? રમકડા તો બાળપણની જાહોજલાલી છે.બિલકુલ બાળક જોવા જ નિર્દોષ હોય એનું નામ રમકડા. રમકડાની દુકાનમાં જઇને મોંઘાદાટ રમકડાં લઇ, ટેડીબેર ને સોફ્ટ ટોયથી બાળકના રૂમમાં ડેકોરેશન કરતી વખતે એક વાર વિચારવા જેવું ખરું કે આટલું કરીને છૂટી નથી જવાનું. દીકરાના હાથમાં રિમોટ પકડાવવાને બદલે થોડોક સમય કાઢી એની સાથે પક્કડદાવ રમવાની વધુ મજા આવશે. બાળપણના સંભારણા જેવુંજો એકાદ રમકડુંસાચવી રાખ્યું હોય તો એ હાથમાં લઇ, આપણને મળેલું એવું જ નિર્દોષ બાળપણ આજના બાળકને મળે એવું એકાદ રમકડુંનાતાલની ભેટ માટે લેતા આવજો.




# ટૂથબ્રશ તમને બીમાર નથી પાડતું ને ??

ઓરલ હાઈજીન એટલે કે મુખની સ્વચ્છતા માટે આજકાલ લોકો ખૂબ જાગૃત થઈ ગયા છે. ટીવી ઉપર તો દર બીજી મીનીટે ટૂથબ્રશ, ટૂથપેસ્ટ કે માઉથવોશની જાહેરાત જોવા મળે. મુખની સ્વચ્છતા એટલે ફક્ત દાંતની સ્વચ્છતા એવું જ નથી. પેઢા પણ સ્વચ્છ હોવા એટલાં જ જરૂરી છે. તમે દાંત અને મોંની સ્વચ્છતા માટે શું કરો છો ? એક કે બે વખત બ્રશ કરો છો બરાબર ? અને અમુક-તમુક બ્રાંડની ટૂથપેસ્ટ વાપરીએ એટલે પુરો સંતોષ થાય કે આપણે મોંની સ્વચ્છતા બરાબર કરી. પણ શું જે બ્રશ તમારા દાંત સ્વચ્છ કરે છે તે બ્રશની સ્વચ્છતા બાબતે તમે ધ્યાન આપ્યું ખરૂ ? ઘણાં લોકોને બ્રશની સ્વચ્છતા એવું સાંભળીને જ નવાઈ લાગે. ભાગ્યે જ આપણે આપણા ટૂથ બ્રશની સ્વચ્છતા અને હાઈજીન ઉપર ધ્યાન આપતાં હોઈએ છીએ. અને જેનો ઉપાયોગ ચોખ્ખાઈ કરવા કરીએ તો તે ગંદુ બ્રશ જ આપણને માંદા પાડી શકે છે ! જો માનવામાં ન આવતું હોય તો તમારું ટૂથબ્રશ તમે કેવી રીતે ધુઓ છો તે યાદ કરો. મોટા ભાગના લોકો બ્રશ ઉપર પેસ્ટ લગાડતા પહેલાં તેને ધોતા નથી. ઘણા ધુવે છે. પણ તે ધોવુ એ હકીકતે પલાળવા જેવું હોય છે જેથી પેસ્ટ બરાબર લાગે. બ્રશ થઈ જાય એ પછી પણ આપણે બ્રશને ધોવામાં ખાસ કાળજી નથી. રાખતાં, બ્રશમાં તેનાં રેષા જયાં પ્લાસ્ટીક સાથે જોડાયેલા હોય તે નીચેના ભાગમાં ટુથપેસ્ટ ઉતરી ગઈ હોય છે. ટૂથપેસ્ટ ચીકણી હોવાથી ત્યાં ચોંટી રહે છે. બહુ ઓછા લોકો બ્રશના તાંતણા હલાવીને મૂળ સુધી બ્રશની સફાઈ કરતાં હોય છે. કોઈ ગંદી ચીજ આપણે મોમાં મુકતા નથી. એવું માનતા હોય તો એક વખત જરા તમારું બ્રશ ચેક કરો. બ્રશના દરેક ખાડા-ખબડા અને ખરબટડી સપાટી પર સફેદ છારી જામેલી દેખાશે. આ છારી એટલે વાસી મોમાં ભેગી થયેલી, લાળ, આખી રાતના કીટાણું અને ટુથપેસ્ટનું મિશ્રણ ! આટલું ગંદુ બ્રશ મોંમાં રોજ સવારે ૫-૧૦ મીનીટ ફેરવીને આપણે મોની સફાઈ કર્યાનો સંતોષ માનીએ છીએ. ઈંગ્લેન્ડમાં માંચેસ્ટર યુનિવર્સિટીમાં એક સંશોધન થયું હતું. જેમાં ટૂથ બ્રશ ખરેખર કેટલા હાઈજેનીક છે તેના ઉપર અભ્યાસ કરાયો હતો. આ સંશોધકોનું કહેવુ છે કે મોટા ભાગના લોકોના ટૂથપેસ્ટ સૂક્ષ્મજીવાણુંઓના ખજાના છે. જો ટૂથબ્રશ વ્યવસ્થિત ધોવાઈ નહી અને કવર ન કરાય તો તેના ઉપર અંદાજે ૧૦૦ મીલીયન સૂક્ષ્મજીવાણું મોજૂદ હોઈ શકે ! (૧ મીલીયન = ૧૦,૦૦,૦૦૦ તો ૧૦૦ મીલીયન એટલે કેટલા તમે જ ગણી લો) આમાની અમુક તો ઈ.કોલાઈ પ્રકારના પણ હોઈ શકે. આ ઈ.લોકાઈ બેક્ટેરીયા ઝાડા-ઉલટી અને પેટમાં દુખાવો કરી શકે છે. ખાસ કરીને બાળકોનાં બ્રશની સ્વચ્છતા બાબતે તો ખૂબ જાગૃત રહેવું જોઈએ. બાર્બી ડોલ, ટેડીબીયરના ફોટા વાળી કે ચોકલેટ ફલેવરવાળી કે અમુક-તમુક કંપનીની ટુથપેસ્ટ વાપરવા માત્રથી અને બાળકને પરાણે બ્રશ કરાવવા માત્રથી તેના મોની સ્વચ્છતા નથી જળવાતી. બાળકનું ટૂથબ્રશ પણ સાફ હોવું જોઈએ. નાના બાળકોના ટૂથબ્રશ માતાએ વ્યવસ્થિત ધોઈ આપવા જોઈએ. અને બાળકને પણ બ્રશનાં રેષા અવલા-સવળા કરી તેના મૂળ સુધી બ્રશ ધોવાની ટેવ પાડવી જોઈએ. ટૂથબ્રશ વાપરતી વખતે એક વાત ધ્યાન રાખવી જોઇએ કે દરેક ટૂથબ્રશનું એક નિશ્ચિત આયુષ્ય હોય છે. ત્યાર પછી ટૂથબ્રશ બદલવું જરૂરી છે. ટૂથબ્રશના રેષા પ્લાસ્ટીકના બનેલા હોય છે. તે નવા હોય ત્યારે એક સરખા અને એક સાથે રહે છે. આવું ટૂથબ્રશ દાંત ઘસે છે. પણ પેઢાંને ઘસારો ખાસ નથી કરતું. પણ મોટા ભાગના લોકો ટૂથબ્રશ બદલવા માટે ખાસ કાળજી નથી રાખતાં. રોજ બ્રશ કરવાથી તેનાં દાંતા આડા-અવળા વળી જાય છે. અને ટૂથબ્રશ બરછટ બની જાય છે. આવું બ્રશ ખતરનાક છે. તે દાંત તો સરખા સાફ નથી જ કરતું પણ પેઢાં પણ ઘસી નાખે છે. ત્યાં સુધી કે ક્યારેક પેઢાં છોલાઈ જાય છે. અને પેઢામાંથી સહેજ- સાજ લોહી પણ આવેછે. વધુમાં પેઢામાં રોગ કરતાં જીવાણું હુમલો કરી શકે છે. બ્રશ ક્યારે બદલવું ? એ સવાલનો જવાબ સ્પષ્ટ નથી. પણ મોટા ભાગે એકાદ મહિનામાં બ્રશ ઘણું ઘસાઈ જતું હોય છે.

# રિલેક્સ થવા કરો શવાસન

શવાસન, એ એક અતિ મહત્વનું આસન છે, જે યોગસત્રની શરૂઆતમાં અથવા બે આસનોની વચ્ચે કે પછી સત્રનાં અંતમાં પણ કરી શકાય છે. એ સિવાય પણ બપોરે જમ્યા પછી રે રાત્રે સૂતી વખતે, કે સાંજે બહાર કામેથી આવ્યા પછી પણ કરી શકાય છે, જયારે જયારે આરામની જરૂરિયાત લાગે ત્યારે કરવામાં આવેછે. દેખાવમાં ખૂબ સહેલું લાગતું આ શવાસન, વાસ્તવમાં કરવામાં અઘરું જરૂર છે. એમ છતાં તે સરળ છે-મૂળ વાત, કે એ ખૂબ જરૂરી છે. અને અભ્યાસ માગે છે. આ માટે પ્રથમ જમીન પર શેતરંજી પાથરીને ચત્તા સુવાનું છે. શરીરને સમપ્રમાણ, હાથપગ ફેલાવીને રાખવા જેથી દરેક ભાગને રીલેક્સ થવાનો અવકાશ રહે. બંને પગ વચ્ચે ૬ ઈંચનો ગાળો રાખવો. હથેળી આકાશ તરફ ખુલ્લી રાખવી. સાથળ, ગોઠણ અને પગનાં પંજાને બહારની તરફ ઢળતાં રાખવા. આંખ હળવેથી બંધ કરવી. શ્વાસ પુરો લેવો અને છોડવો બંને પગને વારાફરતી અંદર અને બહારની તરફ ગળ ગોળ ફેરવવા અને પછી સહજ રીતે જમીન પર મુકી દેવા. એવીજ રીતે બંને હાથોને પણ વારાફરથી ઘૂમાવી જમીન પર ઢીંલા છોડી દેવા, આવીજ રીતે કરોડરજ્જુને રીલેક્સ કરવા માટે માથાને ડાબી અનેજમણી બાજુ ફેરવી પછી વચ્ચે ગોઠવી દેવું. પછી બંને હાથને માથા પર સીધા લઈ જઈ, આખા શરીરને આગળ મરડતા હોય તેમ હાથ અને પગને વિરૂધ્ધ દિશામાં ખેચવા, પછી આખું શરીર જમીન પર છોડતાં જવું જાણે ગુરુત્વાકર્ષણના બળથી શરીર નીચે ને નીચે જતું હોય. બધું વજન ધરતી માનાં ખોળામાં છોડતાં જવું. પહેલાં શરીરનાં એકએક ભાગને તણાવમાં લાવો પછી રીલેક્સ કરો. પગમાં પંજાને ખેચો પછી છોડી દો. એવી જ રીતે એડી, પીડી, ગોઠણ, સાથળ, હાથ હથેળી, આંગળીઓને પણ ખેંચો અને થોડી દો, પગથી માથા સુધી આખા શરીરમાં આ રીતે કરવું. એ પછી પેટ, ફેફસાં, હ્રદય, જડબાં, માથું, મગજ વિ. આ કરેક ભાગ પ્રત્યે જાગરૂકતા કેળવી એને રીલેક્સ કરવાનો છે. પગ, હાથ, નિતંબનો ભાગ, છાતી, ખભા અને માથું આ દરેકને વારાફરતી જૂઓ અને આરામની સ્થિતિમાં રાખો. મનની આંખથી જૂઓ કે જાણે આખું શરીર રીલેક્સ થઈ ગયું છે. હવે શ્વાસ પર ધ્યાન લાવો. એને ધીમાં, ઊંડા અને લાંબા થવા દો પણ સહજ રીતે (કસરતની જેમ નહિં) આ વખતે પેટ અને પેડુનો ભાગ સહજપણે બહાર અને અંદર થશે, થવા દો. શ્વાસ અંદર ફેફસાંમાં ભરો ત્યારે પેટ ફુગ્ગાની જેમ બહાર ફૂલે. શ્વાસ બહાર નીકળે ત્યારે પેટનો ભાગ અંદર જાય- આમ દરેક શ્વાસ છોડવામાં સહજ રીલેક્સ થવાશે, એનો અનુભવ કરો. શ્વાસમાં પેટનું હલનચલન બરાબર થાય છે કે નહીં તે તપાસી લો. એ માટે હાથને પેટ પર રાખવાથી ખબર પડશે કે પેટ ક્યારે બહાર અને અંદર જાય છે. પછી જાણો કે દરેક અંદર આવતો શ્વાસ એ નવો પ્રાણ અંદર લાવે છે. દરેક બહાર જતાં શ્વાસ સાથે બધું જુનુ, ભુતકાળનું અને નકારાત્મક બહાર ફેકતા જવું દરેક શ્વાસ એ પ્રાણશક્તિ આંખાં શરીરનાં દરેક કોષોમાં પહોંચાડે શ્વાસ એ પ્રાણશક્તિ આખાં શરીરનાં દરેક કોષોમાં પહોંચાડે છે. નવજીવન આપે છે. દરેક બહાર જાં શ્વાસ સાથે બધુ ટેન્શન બહાર ફેકતા જવું મનની શાંત અવસ્થાનો અનુભવ કરવો. આ વખતે ઘણાં શારીરિક ફેરફારો થાય છે. શરીરની શક્તિનો વ્યય થતો અટકે છે.



તંત્રી લેખ...-

બુધવાર, તા.૩ ડિસેમ્બર ૨૦૨૫

## પરિવર્તનને સ્વીકાર કરવાની જરૂર

પરિવર્તનને સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. કોઇ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઇ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઇ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઇએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઇફમાં એટલા માટે નિષ્ફળ થઇ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઇચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઇ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઇ બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઇ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઇ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઇચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઇ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઇન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઇ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઇચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે. સતત પરિવર્તનના કારણે અમે બેચેન હોઇ શકીએ છીએ. જો કે પરિવર્તન ન થાય તો અમે ભયભીત થઇ જઇએ છીએ. જો વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે સમજુતી કર્યા વગર પરિસ્થિતી સાથે તાલમેળ બેસાડી લે છે તે વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. પરિવર્તન ક્યારેય કોઇ એક દિવસમાં થતા નથી. પરિવર્તનના અર્થ લક્ષ્યને હાંસલ કરવા માટે યોગ્ય રસ્તાની શોધ કરવાનો હોય છે. આના માટે સતત મહેનત કરવાની જરૂર હોય છે. પરિવર્તન દરેક રીતે થાય તે જરૂરી છે. વ્યક્તિ પોતાના જીવન મુલ્યોમાં પરિવર્તન લાવે તે કોઇ પરિવર્તન નથી. આધુનિક સમયમાં ચારેબાજુ પડકારની સ્થિતી રહેલી છે. દરેક જગ્યાએ ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. સારા લોકોની સાથે રહીને સારી બાબતો શિખવામાં આવે તે ખુબ જરૂરી છે. સમયની માંગ એ છે કે સમયની સાથે નવી નવી ચીજોને અપનાવીને આગળ વધવામાં આવે. આના માટે પોતાની રીતે પણ તૈયારી કરવી જોઇએ. અન્ય લોકોની સલાહને પણ ક્યારેય નજરઅંદાજ કરવી જોઇએ નહી. તમામની સલાહ સાંભળીને યોગ્ય લાગે તે દિશામાં પહેલ કરવી જોઇએ. બીજી બાબત એ પણ છે કે કોઇ પણ વ્યક્તિ પોતાની ઇચ્છા સાથે પોતાની પસંદગીના ફિલ્ડને પસંદ કરે તો જ તે તેમાં વધારે ઝડપથી આગળ વધી શકે છે. પસંદગીના ક્ષેત્રમાં મહેનત કરવામાં વ્યક્તિને મજા પડે છે. તેને યોગ્ય પણ લાગે છે. કેટલાક લોકો માત્ર કરવા પુરતા કામ કરે છે અને પરેશાન રહે છે. જેથી કોઇ પણ વ્યક્તિને પસંદગીના ક્ષેત્રમાં આગળ વધીને તેમાં સતત મહેનત કરવી જોઇએ. આના કારણે સફળતા સંતોષજનક રહે છે. તે તેના ફિલ્ડમાં સતત પ્રગતિ પણ કરે છે. પરિવર્તનને સ્વીકારીને જે વ્યક્તિ આગળ વધે છે તે સફળ થાય છે.

## પશ્ચિમ એશિયામાં ચીનની વધતી દખલગીરી

પશ્ચિમ એશિયાના બે મોટા તેલ ઉત્પાદક દેશ અને એકમેકના પ્રતિદ્વંદ્વી ગણાતા ઇરાન અને સઉદી અરબમાં ચીનની મધ્યસ્થતાનું કારણ પુનઃ કૂટનીતિક સંબંધોને આગળ વધારવા અને દૂતાવાસોને પુનઃ ખોલવા પર સહમતિ છે. ઉલ્લેખનીય છે કે, આ બંને દેશો વચ્ચે તણાવપૂર્ણ માહોલ વર્ષ ૨૦૧૬માં શરુ થયોહ તો. જયારે સઉદી અરબમાં શિયા ધર્મગુરુ નિમ્ર અલ નિમ્રની સાથે ૪૭ લોકોને આંતંકવાદના આરોપમાં ફાંસીએ ચઢાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ઇરાનમાં જોરદાર વિરોધ વંટોળ ફૂંકાયો હતો. ત્યારબાદ ઇરાન અને સઉદી વચ્ચે વ્યાપાર, રોકાણ અને સાંસ્કૃતિક સંબંધો બંધ થઇ ગયા હતા. આ બંને દેશોએ એકબીજાના દૂતાવાસો પણ બંધ કરી દીધા હતા.

સઉદી અરબ અને ઇરાન, બંને પશ્ચિમ એશિયાના તાકાતવાન દેશ છે અને ક્ષેત્રીય પ્રભુત્વ માટે વર્ષોથી એકમેક સામે પ્રત્યક્ષ અને પરોક્ષરુપે લડી રહ્યા છે. ઐતિહાસિક રુપે સઉદી અરબ સ્વયંને મુસ્લિમ દુનિયાનો એકમાત્ર નેતા માની રહ્યા છે. પરંતુ ૧૯૭૯માં ઇરાનમાં થયેલ ઇસ્લામિક ક્રાંતિએ સઉદીની એકાધિકારને પડકાર આપ્યો હતો.સઉદી અરબ અને ઇરાન ઇસ્લામના અલગ અલગ પંથને માને છે. ઇરાનમાં વધુ શિયા મુસલમાન છે અને સઉદી અરબમાં સુન્ની મુસલમાનની વધુ સંખ્યા છે. આ ધાર્મિક વિભાજન અન્ય પશ્ચિમી એશિયાઇ દેશોને પણ જોવા મળી રહ્યું છે, જયાં સુન્ની અને શિયા મુસલમાનોના અલગ અલગ સમૂહ છે. ધાર્મિક સમૂહોમાં વહેંચાયેલા પશ્ચિમ એશિયાના કેટલાક દેશો સમર્થન માટે ઇરાન તરફ જોઇ રહ્યા છે તો કેટલાક સઉદી અરબ તરફ. સ્પષ્ટ છે કે, સઉદી અરબ-ઇરાનના આ સંઘષને પશ્ચિમ એશિયાની સ્થિરતા માટે અટકાવવાની આવશ્કયતા હતી. કારણ કે આ મામલો ન બંને દેશો માટે પરંતુ સમગ્ર ક્ષેત્રીય શાંતિ માટે નુકસાનદાયી સાબિત થઇ રહ્યો હતો.પશ્ચિમ એશિયાઇ ક્ષેત્રમાં ચીનની દિલચસ્પી રાતોરાત વધી નથી. પોતાની વૈશ્વિક ભૂમિકાના વિસતાર માટે ચીન અનેક આંતરરાષ્ટ્રીય યોજનાઓ ચલાવી રહ્યું છે. વન બેલ્ટ વન રોડ પરિયોજનાના માધ્યમથી ચીન એશિયાઇ અને આફ્રિકી દેશોમાં પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે પ્રયાસરત છે. જે અંતર્ગત પાકિસ્તાનના ગ્વાદર બંદરથી ઇરાનના ચાબહાર બંદર સુધીના ઢાંચાગત નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.સાથોસાથ નવા સિલ્ક રોડથી ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોરની તર્જ પર તેહરાનને શિનજિયાંગથી જોડવામાં આવી રહ્યું છે. જેમાં ચીન મધ્ય એશિયાઇ દેશો (કઝાખિસ્તાન, કિર્ગિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાન) થઇને તુર્કીના રસ્તે યુરોપ સુધી પહોંચવામાં સફળ રહેશે. પશ્ચિમ એશિયામાં ચીનની વધતી ભૂમિકાએ અમેરિકા અને રશિયા માટે ખતરાની ઘંટડી વગાડી છે. અમેરિકા તથા યુરોપીય દેશો રશિયા-યુક્રેન યુદ્ધમાં વ્યસ્ત હોવાનો લાભ ઉઠાવીને ચીન પશ્ચિમ એશિયામાં વધુ સક્રિય થયું છે. ઇરાન તથા સઉદી અરબ વચ્ચે શાંતિ સમજૂતિ કરાવીને ચીને વૈશ્વિક જગતમાં પોતાની વિશ્વસનીયતા વધારવાનો પણ પ્રયાસ કર્યો છે.ભારતના દૃષ્ટિકોણથી ઇરાન તથા સઉદી અરબ સમાન રુપથી મહત્વપૂર્ણ છે. તાજેતરના વર્ષોમાં પશ્ચિમ એશિયાઇ દેશો ખાસ કરીને ખાડી દેશોની સાથે ભારત પોતાની સાંસ્કૃતિક અને વ્યાપારી ભાગીદારીનો વિસ્તાર કર્યો છે. જેમાં સંયુકત અરબ અમીરાત(યુએઇ)ની સાથે વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતિ પણ સામેલ છે. ઇરાનનું ચાબહાર બંદર ભારત માટે મહત્વપૂર્ણ છે. જેના દ્વારા ભારતની મહત્વપૂર્ણ પરિયોજના નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર સંચાલિત થાય છે.

### આ જ પ્રકારે 'યત્ પિંડે તત્ બ્રહ્માંડે' ત્યારે પણ પ્રચલિત હતું

# શિક્ષણનો હિસ્સો બને પ્રાચીન ગ્રંથો

તંજાવુર મંદિરના ઉપલા હિસ્સા પર એંશી ટનના પથ્થરને પહોંચાડવા માટે ભૌતિક શાસ્ત્રનો કયો સિદ્ધાંત કામે લગાડ્યો હશે? ઇલોરાનું કૈલાસ મંદિર બનાવવા માટે શિલ્પકલાની કઈ ટેકનિક કામ લાગી હશે? નાગાર્જુને અદ્ભૂત રસાયણથી કેવી રીતે મેડિકલ ઉપચાર કર્યા હશે? રામાયણમાં વર્ણિત સમુદ્ર પર પુલ કઈ રીતે બનાવાયો હશે? છત્રપતિ શિવાજીએ સિંધુદુર્ગનો કિલ્લો કેવી રીતે બનાવ્યો હશે? પ્રાચીન ભારત આવાં તો કેટલાંય રહસ્યોથી પરિપૂર્ણ છે જેનાથી આપણે આજે પણ અજાણ છીએ.

વાત ચાહે રામાયણની હોય કે મહાભારતની, વિદુર નીતિની હોય કે ચાણક્યના અર્થશાસ્ત્રની, સુશ્રુત સંહિતા-આયુર્વેદની હોય કે થિરુકુરલની, ઉપનિષદોની હોય કે વેદોની, આપણા તમામ ગ્રંથો-શાસ્ત્રોમાં અનંત જ્ઞાન છે. તે આજે પણ પ્રાસંગિક છે. દુઃખની વાત છે કે શિક્ષણના વ્યાવસાયીકરણથી નૈતિકતાની શિખામણ આજે લુપ્ત થવા લાગી છે.પ્રાચીન કાળમાં માનવ જીવનના ચાર પુરુષાર્થોમાં ધર્મનું સૌથી વધુ મહત્ત્વ હતું. માનવ જીવનની દરેક ચીજને પથ, પરંપરાઓ અને અનુષ્ઠાનો સાથે જોડી દેવામાં આવી હતી. પરંતુ આધુનિક યુગમાં વ્યક્તિને ગ્રંથોમાં વર્ણિત વાતો ઓછી અને વિજ્ઞાન, તથ્ય અને તર્કની બોલી વધુ સમજાય છે. જ્યાં સુધી આપણને ખબર ન હોય કે પીપળો સૌથી વધુ ઓક્સિજન આપે છે અને તુલસી ઔષધિ છે, ત્યાં સુધી આપણે તેને વંદનીય નહીં માનીએ. પહેલાં આપણા દેશમાં પ્રાણીમાત્રની પૂજા થતી હતી - ચાહે ઝાડ હોય કે પશુ, કારણ કે તે જૈવ વિવિધતાનાં મહત્ત્વપૂર્ણ અંગ છે. ગીતામાં અર્જુનની વ્યાકુળતાના માધ્યમથી ગભરાટ વિશે જણાવાયું છે. વર્તમાન મનોવિજ્ઞાનની ભાષામાં તેને બોડી લેંગ્વેજ અને માઈન્ડસેટ કહેવામાં આવે છે. ક્રિમિનલ લો અંતર્ગત આપણે જ્યારે પણ કોઈ વ્યક્તિ પાસે સત્ય ઓકાવવાનો પ્રયાસ કરીએ છીએ તો તેના શરીરમાં થનારા કંપનોને પોલીગ્રાફની મદદથી અંકિત કરીએ છીએ.

આ જ પ્રકારે 'યત્ પિંડે તત્ બ્રહ્માંડે' ત્યારે પણ પ્રચલિત હતું અને આજે વિજ્ઞાનમાં શતાબ્દીની સૌથી મોટી ઉપલબ્ધિ જ 'હિગ્સ બોસોન'ની શોધ છે. બાયોટેક્નોલોજીમાં ડીએનએની અંદર પણ બ્રહ્માંડ અને જીવનનાં દર્શન થાય છે. ખગોળ વિજ્ઞાનીઓ અનુસાર સૂર્યથી મોટો 'સૂર્ય' પણ આ બ્રહ્માંડમાં છે. આપણા ઋષિઓએ હજારો વર્ષો પહેલાં જ 'સૂર્યકોટિ સમપ્રભ'નું વર્ણન કરી દીધું હતું. હાલમાં ત્રણ હજાર અરબ પ્રકાશ વર્ષના અંતરે સ્થિત એક તારાનો સમૂહ દેખાયો છે, જે ઘેરી નિદ્રામાં સૂતેલા વ્યક્તિની આકૃતિ પ્રતિબિંબિત કરે છે અને તે 'અનંત શયનમ્'ને સંબોદિત કરે છે. ગેલીલિયો અને કોપરનિકસની શોધ પહેલાં જ આપણા ગ્રંથોમાં 'ભૂ-ગોળ' વિજ્ઞાન પ્રચલિત હતું. જ્યારે વરાહ અવતારે પૃથ્વીને ઉઠાવી તો તે ગોળ રૂપમાં જ હતી.

જ્યારે તુલસીદાસજીએ આટલાં વર્ષો પહેલાં 'કંદુક ઈવ બ્રહ્માંડ ઉઠાવૌં' કહ્યું તો તેમને ખબર હતી કે બ્રહ્માંડ કંદુકના આકારનું છે. ગ્રંથોમાં કહેવાયું છે કે જ્યારે સૂર્ય ધનુ રાશિમાં આવશે તો અર્થતંત્ર તેજીથી વધશે. સૂર્ય નિશ્ચિત રૂપે પ્રતિ વર્ષ દિવાળીની આસપાસ જ ધનુ રાશિમાં આવે છે. ઉલ્લેખનીય છે કે સંપૂર્ણ દેશમાં વ્યવસાય વધે છે અને ધન પ્રવાહિત થાય છે.નવી શિક્ષણ નીતિમાં પ્રાચીન ગૌરવશાળી જ્ઞાનને વિદ્યાર્થીઓને શીખવવા અને તેમનો વ્યાવહારિક પ્રયોગ સમજવાની ભલામણ કરવામાં આવી છે. હવે ગ્રંથોમાં સંમિલિત પ્રાચીન જ્ઞાન આધુનિક શૈલીમાં પાઠ્યપુસ્તકોમાં સામેલ કરવામાં આવશે, જેથી લોકો પોતાનાં મૂળિયાં સાથે જોડાયેલા રહે અને આપણા દેશની પરંપરા અને સંસ્કૃતિ અનુસાર જીવનનું સંચાલન કરી શકશે. પ્રાચીન ગ્રંથોને શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરવાથી દેશના યુવા ન માત્ર ભારતીય સંસ્કૃતિને સમજશે, પરંતુ વાસ્તવિક ઉદાહરણો દ્વારા પોતાના વ્યાવહારિક જીવનમાં પણ તેમને લાગુ કરવામાં સફળ રહેશે. એક તરફ જ્યાં મહાભારતના પાઠ આપણને પ્રબંધન અને રાજનીતિના મૂળ સિદ્ધાંતોથી પરિચિત કરાવે છે, ત્યાં જ રામાયણ આપણને જીવનમાં નૈતિકતા અને અધ્યાત્મના મૂલ્યોના મહત્ત્વથી પરિચિત કરાવે છે. આયુર્વેદ આપણને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધાર માટે પ્રેરિત કરે છે અને ઉપનિષદ આપણને અનુશાસન શીખવે છે.

વ્યાવહારિક જ્ઞાનથી પરિપૂર્ણ આ ગ્રંથોથી આપણી શિક્ષણ પ્રણાલી સુદૃઢ થશે. ભારતીય ગ્રંથોમાં મળનારા શિક્ષણનો ધર્મ અને પંથનિરપેક્ષતા સાથે કોઈ લેવાદેવા નથી. ભારતીય હોવાના નાતે તે આપણી સંસ્કૃતિ માટે મહત્ત્વપૂર્ણ છે.દેશ-દુનિયામાં આજે જેટલી પણ સમસ્યા છે, તેના સમાધાન આપણા પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. જરૂરિયાત છે કે આપણે એ શિખામણોને હાલની શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરીએ. એવું કરવાથી આપણે બધા પહેલાં કરતાં વધુ પોતાના રાષ્ટ્ર સાથે જોડાઈશું અને એક એવી પેઢીનું નિર્માણ કરીશું, જે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થશે અને વિશ્વ કલ્યાણમાં યોગદાન આપવા માટે તત્પર હશે.

### જો કોઇ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કૈલોરી સરળ રીતે બર્ન થાય છે.

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત

### બી અવેયર : તમામ પ્રકારની રિક્વરી પણ પણ ઝડપથી થાય છે...

કોઇ પણ સિઝનમાં સ્વિમિંગ ખુબ જ આદર્શ તરીકે છે. નિષ્ણાંતોની સાથે સાથે જાણકાર લોકો પણ નક્કરપણે માને છે કે સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી તમામ શરીર માટે લાભકારી સાબિત થાય છે. સ્વિમિંગ તમામ રીતે ઉપયોગી છે. સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઇડ સ્ટ્રોક, બટરફ્લાય અને ફ્રી સ્ટાઇલ સામેલ હોય છે. દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે. અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે. વજન ઘટાડી દેવા માટે પણ સ્વિમિંગને ખુબ સારા વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત સ્વિમિંગની ગતિ , સ્વિમ સ્ટ્રોક અને વજન મુજબ કૈલોરી બર્ન થાય છે. એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી એટલી જ કૈલોરી બર્ન થાય છે આની અસર જોડ અને હાડકા પર પણ પડે ચે. જો કોઇ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કૈલોરી સરળ રીતે બર્ન થાય છે. ઝડપી ગતિથી ૭૧૫ કેલોરી બર્ન કરવામાં આવી શકે છે. જ્યારે એક કલાકમાં ૩.૫ મીલ વોક કરવા પર માત્ર ૩૧૪ કૈલોરી અને યોગ કરવાથી ૧૮૩ કૈલોરી પ્રતિ કલાક બર્ન થાય છે. જો તમે પોતાના વજનને ઘટાડી દેવા ઇચ્છો છો તો દરરોજ ૧૦થી ૩૦ મિનિટ અને સપ્તાહમાં એકથી ત્રણ વખત સ્વિમિંગ ચોક્કસપણે કરવી જોઇએ. દરેક સપ્તાહમાં સ્વિમની અવધિ પાંચ પાંચ મિનિટ સુધી વધારી દેવાની જરૂર હોય છે. સ્ટ્રોક્સ પણ વધારે કરવામાં આવે તે જરૂરી છે. સમગ્ર મસલ્સની કસરત થઇ શકે તે માટે સતત પ્રયાસો કરવા જોઇએ. બ્રેસ્ટ સ્ટ્રોકને વધારે સમય સુધી મેન્ટેન રાખવામાં સરળતા હોવાની સાથે સાથે કૈલોરી પણ બર્ન થાય છે. સ્વિમિંગના કારણે હાર્ટ રેટ વધે છે. શરીર પર કોઇ પણ પ્રકારના દબાણ વગર હાર્ટ રેટ વધે છે. સ્ટ્રેથ વધવા, અને સમગ્ર શરીરના મસલ્સ ટોન કરવામાં મદદ મળે છે. કાર્ડિયોવેસ્કુલર માટે પણ આ એક સારી કસરત છે. કેટલાક અભ્યાસમાં પણ આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે સ્વિમિંગ બ્લડપ્રેશરને ઘટાડી દેવા સાથે સાથે બ્લડ શુગરને પણ નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે. ઇજા થવા, કોઇ પણ પ્રકારની વિકલાંગતા થવાની સ્થિતીમાં પણ સ્વિમિંગ ફાયદાકારક સાબિત થાય છે. સ્વિમિંગથી વહેલી તકે તમામ પ્રકારની રિક્વરી થાય છે. પીડા પણ ઘટતી જાય છે. જો કે કેટલીક બિમારી ધરાવતા લોકોએ સાવધાનીપૂર્વક અને તબીબોની સલાહ મુજબ કોઇ કસરતને ધ્યાનમાં લેવા અને તેને અમલી કરવાની જરૂર હોય છે. અસ્થમાના દર્દીને પણ સ્વિમિંગના કારણે ફાયદો થાય છે. કારણ કે તેના



કારણે શ્વાસની કસરત થઇ જાય છે. ફેફસાની ક્ષમતા પણ વધી જાય છે. એમ પણ માનવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં ઉપયોગ કરવામાં આવતા કેમિકલ એટલે કે ક્લોરીનથી અસ્થમાંની શંકા વધી જાય છે. આવી સ્થિતીમાં ક્લોરીનની જગ્યાએ સોલ્ટ વોટરનો ઉપયોગ કરનાર પુલની પસંદગી કરવામાં આવે તે જરૂરી છે. તબીબોની સલાહ મુજબ જ પગલા લેવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગના કારણે ગુડ કોલેસ્ટ્રોલ વધી જાય છે. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે શરીરમાં બે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ રહે અને ગુડ કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએસનુ પ્રમાણ ઓછુ રહે. સપ્તાહમાં પાંચ વખત સ્વિમિંગ કરવાની સ્થિતીમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ સંતુલિત રહે છે. આના કારણે હાર્ટ રોગની શંકા ઓછી થઇ જાય છે. સ્વિમિંગના કારણે શરીર વધારે સ્ફુર્તિમાં રહે છે. આ વર્કઆઉટમાં સ્ટ્રેચ, ટ્વિસ્ટ અને પાણીમાં પોતાને ખેંચવા જેવા પ્રક્રિયા હોય છે. જેના કારણે ફ્લેક્સિબિલિટી વધી જાય છે. તરતી વેળા કમરથી લઇને હાત, પગ અને પીઠના હાડકાનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત સ્વિમિંગથી લોહીનો પ્રવાહ ૧૪ ટકા સુધી સુધરે છે. જેના કારણે દિમાગ સુધી લોહી સરળતાથી પહોંચે છે. સંશોધન દર્શાવે છે કે પાણીમાં સ્ટ્રોક લગાવવાથી દબાણ છાતી પર આવે છે. આના કારણે લોહી પ્રવાહ સુધેરે છે. રાત્રી ગાળામાં સારી નિંદ લેવા માટે સ્વિમિંગ ખુબ ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં એવી માહિતી પણ સપાટી પર આવી છે જે લોકો પુરતી ઉંઘ આવતી નથી તેવી ફરિયાદ કરે છે તે લોકો સ્વિમિંગ કરી શકે છે. આ ઉપરાંત તે એક્વાટિક પ્રોગ્રામ સ્ટ્રેસને નિયંત્રિત કરીને મુડને રચનાત્મક બનાવે છે. સાથે સાથે પાણીમાં રહેવાથી શરીર અને દિમાગને ઠંડક આપે છે. સ્વિમિંગ શરૂ કરતા પહેલા કેટલીક સાવધાની રાખવાની પણ જરૂર હોય છે. કારણ કે આના કારણે લાપરવાહી ઘાતક બની શકે છે. કોઇ પણ પ્રકારની ઇજા થયેલી છે અથવા તો બિમારી છે તો ડોક્ટરરની સલાહ લઇને જ પુલમાં ઉતરવાની જરૂર હોય છે. વચ્ચે વચ્ચે પાણી પીવાની ટેવ રાખવાની પણ જરૂર હોય છે.

### કેન્સરગ્રસ્ત મહિલા આર્ટિફિશિયલ ઓવરીથી માતા બની શકશે...

# કેન્સરગ્રસ્ત મહિલા ફરી માતા બનશે

**જ્યારે ઓછી વયની યુવતિ પર કિમોથેરાપી અથવા તો રેડિયોરાપી કરતા પહેલા તેમના ઓવરીયન ટિશુને કાઢીને સુરક્ષિત રાખી લેવામાં આવે છે. આ ટિસ્યુમાં હજારોના પ્રમાણમાં અવિકસિત ઇન્ડા હોય છે.**

કેન્સરની સારવાર દરમિયાન થનાર કિમોથેરાપીના કારણે મહિલાઓની પ્રજનન ક્ષમતાને ખતમ કરી નાંખે છે અને તે ફરીવાર માતા બની શકતી નથી. જો કે હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં કેટલીક નવી બાબત સપાટી પર આવી છે. જેના કારણે આશાનુ નવુ કિરણ પણ દેખાઇ રહ્યુ છે. ડેનમાર્કમાં કોપેનહેગન સ્થિ એક હોસ્પિટલના સંશોધકોએ બાયો એન્જિનિયર્ડ ઓવરી બનાવી લેવામાં સફળતા હાંસલ કરી લીધી છે. આ આર્ટિફિશિયલ અથવા તો કૃત્રિમ અંડાશય મહિલાઓના ઇન્ડાને ફર્ટિલાઇઝ કરવામાં સક્ષમ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઓવરીને મહિલાઓમાં ટ્રાન્સપ્લાન્ટ પણ કરી શકાશે. હાલમાં કેન્સરગ્રસ્ત મહિલાઓની કિમોથેરાપી અથવા તો રેડિયોથેરાપી શરૂ કરતા પહેલા તેમના ઇન્ડાને ફ્રીજ કરી દેવામાં આવે છે. કિમોથેરાપી મહિલાઓના ઓવરી સેલ્સની જીવન ક્ષમતાને ખતમ કરી નાંખે છે. જ્યારે ઓછી વયની યુવતિ પર કિમોથેરાપી અથવા તો રેડિયોરાપી કરતા પહેલા તેમના ઓવરીયન ટિશુને કાઢીને સુરક્ષિત રાખી લેવામાં આવે છે. આ ટિસ્યુમાં હજારોના પ્રમાણમાં અવિકસિત ઇન્ડા હોય છે. ટ્રીટમેન્ટ બાદ ટિસ્યુને ફરી એકવાર શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. જો કે આ મામલામાં સૌથી વધારે ખતરો ટિસ્યુમાં કેન્સર પ્રભાવિત સેલ્સની હાજરીનો રહે છે. જો આ પ્રભાવિત અથવા તો અસરગ્રસ્ત સેલ્સન સાથે ટિસ્યુને ફરી શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવાની સ્થિતીમાં યુવતિ ફરી એકવાર કેન્સરના સકંજામાં આવી જાય છે. બાયો એન્જિનિયર્ડ ઓવરી આ ખતરાથી બચવા માટેના એક વિકલ્પ તરીકે છે. આ ટેકનિકમાં ઓવરી ટિસ્યુના સેલ્સને કેમિકલથી ટ્રીટ કરીને તેના ડીએનએ અથવા તો એવા કોઇ પણ હિસ્સાને અલગ કરી દેવામાં આવે છે. જેમાં કેન્સરથી સેલ પ્રભાવિત રહેવાની શક્યતા હોય છે. ત્યારબાદ અવિકસિત ઇન્ડાને ખાલી આર્ટિફિશિયલ ઓવરીમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. રિસર્ચ ટીમે કહ્યુ છે કે આ ઓવરીમાં ઇન્ડા સુરક્ષિ રહી શકે છે. ત્યારબાદ તેને શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. શરીરમાં ઇન્ડા વિકસિત થવાની શરૂઆત થઇ જાય છે. સાથે સાથે દર મહિનામાં માસિક ધર્મની સાથે સાયકલ પૂર્ણ કરે છે. રિસર્ચ ટીમના એક સભ્યે માહિતી આપતા કહ્યુ છે કે એવી શોધ પહેલી વખ કરવામાં આવી છે. જેમાં માનવી ફોલિકલ શરીરની બહાર કોઇ ડિસેલુલરાઇઝ્ડ હ્યુમન સ્કૈફોલ્ડમાં સુરક્ષિત રહે છે. આ પદ્ધિતી બીજી પદ્ધિતી કરતા વધારે સુરક્ષિત છે. કારણ કે તેમાં કેન્સરથી પ્રભાવિત સેલ્સના રિ ઇમ્પ્લાનટેશન દરમિયાન શરીરમાં જવાની શક્યતા ખુબ ઓછી રહે છે. જો કે આ પ્રોસેસને ૧૦૦ ટકા સુરક્ષિત બનાવવા માટે સંશોધકોની ટીમ હજુ પણ કામ કરી રહી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જે મહિલાઓ વિટ્રો ફર્ટીલાઇઝેશન કરાવી ચુકી છે. તે મહિલાઓમાં



મોડેથી અંડાશયના કેંસરનો ખતરો બે ગુણો થઇ જાય છે. ૧૫ વર્ષ સુધી કરવામાં આવેલા અભ્યાસ બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના પરિણામ જરનલ હ્યુમન રિપ્રોડક્શનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ અભ્યાસના તારણો ૧૯૧૪૬ બાળકો નહીં ધરાવતી મહિલાઓને આવરી લઇને જારી કરવામાં આવ્યા છે. આ મહિલાઓ આઇવીએફ પહેલા ઓવરી અથવા તો અંડાશયની સારવાર કરાવી ચુકી છે. જ્યારે આઇવીએફ નહીં ધરાવતી મહિલાઓને પણ આમા આવરી લેવામાં આવી હતી. અભ્યાસમાં જાણવા મળ્યુ કે વિટ્રો ફર્ટીલાઇઝેશન મારફતે પસાર થઇ ચુકેલી મહિલાઓમાં અંડાશયના ટ્યુમરનો ખતરો રહે છે. આ ઘણી વખત જીવલેણ બની શકે છે. આના કારણે સર્જરીની જરૂર પડે છે. આઇવીએફ ગ્રુપમાં ૬૧ મહિલાઓને ઓવરીના ટ્યુમરની અસર દેખાઇ રહી હતી. બ્રિટીશ જરનલ ઓફ કેંસરમાં અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦ વર્ષ સુધી દવા લેનાર મહિલા ઓવરીના કેંસરના જોખમને ૫૦ ટકા સુધી ઘટાડી શકે છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેન્સરની સારવાર લાંબાગાળે યાદશક્તિ ઉપર માઠી અસર કરે છે. નિષ્ણાંતોએ ધડાકો કર્યો છે કે કેન્સરની સારવાર કરાવી ચૂકેલી મહિલાઓ લાંબાગાળે ચોક્કસ પ્રકારની માનસિક તકલીફનો સામનો કરે છે. સારવાર દરમિયાન રેડિએશન અથવા કેમોથેરાપી પ્લસ રેડિએશનની સારવાર લેનાર મહિલાઓમાં પણ આ તકલીફ રહે છે. અગાઉના સંશોધનમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે કેમોથેરાપીના કારણે યાદશક્તિ અને ધ્યાનશક્તિ ઉપર અસર થાય છે. જુદા જુદા કેન્સરની સારવાર પણ જુદી જુદી રહે છે. ટામ્પામાં મોફિટ કેન્સર સેન્ટ્રર એન્ડ રિચર્સ ઇન્સ્ટીટ્યુટના તબીબે કહ્યું છે કે અભ્યાસના તારણો આપતી વેળા ૬૨ જેટલા કેન્સર જેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. કેમોથેરાપી પ્લસ રેડિએશન અને માત્ર રેડિએશનની સારવાર લેનાર દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. ૧૮૪ મહિલાઓની બાબતમાં પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. કેન્સરનો કોઈ ઇતિહાસ નહીં ધરાવનાર મહિલાઓની પણ ચકાસણી કરવામાં આવી હતી.



# કાંતારામાં ચામુંડા દેવીના અપમાન પર આખરે રણવીરસિંહે માફી માંગી

**એકટરે સોશિયલ મીડિયામાં લખ્યું- મારો ઈરાદો ઋષભના પર્ફોર્મન્સને હાઈલાઈટ કરવાનો હતો, હું દેશના દરેક કલ્ચર, વિશ્ર્વાસનું સન્માન કરું છું**

ગોવામાં ૫૬માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (આઈએફએફઆઈ) ના સમાપન સમારોહમાં બોલિવુડના એકટર રણવીરસિંહે ‘કાંતારા ચેપ્ટર-૧’માં ચામુંડા દેવીના પાત્રને લેડીઘોસ્ટ કરી તેની મિમીક્રી કરતા એકટર સામે હિન્દુ જન જાગૃતિ સમીતીએ તેમની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનો આરોપ લગાવી ફરિયાદ દાખલ કરી હતી.

હવે આ મામલે એકટર રણવીરસિંહે માફી માંગી લીધી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં સ્ટોરી પોસ્ટ કરી લખ્યું છે- મારો ઈરાદો ફિલ્મમાં ઋષભ શેટ્ટીની જબરદસ્ત પર્ફોર્મન્સને હાઈલાઈટ કરવાનો હતો. મને ખબર છે કે એ ખાસ સીનને એ રીતે કરવામાં કેટલો સમય લાગ્યો હતો, જેવો તેમણે કર્યો હતો. આના માટે હું તેમની પ્રશંસા કરું છું. મેં હંમેશા દેશના દરેક કલ્ચર, ટ્રેડીશન અને વિશ્વાસનુંઘણું સન્માન કર્યુ છે. જો મેં કોઈની ભાવનાને ઠેસ પહોંચાડી હોય તો હું તેમની ઉંડા હ્રદયથી માફી માંગુ છું.

ઉલ્લેખનીય છે કે ગોવામાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના સમાપન સમારોહમાં રણવીરસિંહે ‘કાંતારા ચેપ્ટર-૧’ ફિલ્મને લઈને ઋષભ શેટ્ટીના ભરપુર વખાણ કર્યા હતા. ત્યાં સુધી કે રણવીરસિંહે ‘કાંતારા-૩’ માં કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.આ સાથે તેમણે ‘કાંતારા’ના કલાઈમેકસના સીનની મીમીક્રી કરી હતી જેમાં ઋષભ શેટ્ટીની અંદર ચામુંડા દેવી આવે છે. આ સીનની તેમણે ગજબની એકટીંગ કરી હતી, અને ચામુંડા દેવીને લેડી ઘોસ્ટ કરી દીધી હતી, જેના કારણે વિવાદ થયો હતો.

# પાન-મસાલા નહીં, એલચીની જાહેરાત કરેલી

## સલમાનના વકીલની કન્ઝ્યુમર કોર્ટમાં સફાઈ

પાન-મસાલાના વિજ્ઞાપનને લઈને એકટર સલમાન ખાન વિવાદમાં ફસાયો છે. આ મામલે તેમના વકીલે કોર્ટમાં સફાઈ આપી હતી કે સલમાને પાન-મસાલાની નહીં, એલચીની જાહેરાત કરી છે.

વકીલ આશિષ દુબેએ જણાવ્યું હતું કે સલમાન ખાને ગુટખા કે પાન-મસાલાની જાહેરાત નથી કરી તેના બદલે સિલ્વર કોટેડ એલચીની જાહેરાત કરી છે. આ એક એવી વસ્તુ છે જે પાન-મસાલાની કેટેગરીમાં નથી આવતી. સલમાન ખાનના વકીલે કહ્યું હતું કે ફરિયાદનો પાયો જ નબળો છે.

વકીલ કન્ઝ્યુમર કમિશનના એકશન સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે કન્ઝ્યુમર કમિશન પાસે આ ફરિયાદ પર કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી.

ઉલ્લેખનીય છે કે પાન-મસાલાનું વિજ્ઞાપન કરવાને લઈને સલમાન ખાન પર કેટલાક સપ્તાહ પહેલા કોટાના ભાજપ નેતા અને વકીલ ઈન્દર મોહન હનીએ ફરીયાદ કરી આરોપ લગાવ્યો હતો કે સલમાન ખાન અને પાન-મસાલા કંપની જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે કારણ કે ૫ રૂપિયાના પાઉચમાં અસલ કેસરનો ઉપયોગ અશકય છે. આ મામલે હવે કોટા કન્ઝ્યુમર કોર્ટમાં ૯ ડિસેમ્બરે આગામી સુનાવણી થશે.





# લગ્ન અંગે જયા બચ્ચનનો નવો કોન્સેપ્ટ નથી ઇચ્છતા કે પૌત્રી નવ્યા લગ્ન કરે

જયા બચ્ચન ફિલ્મ ઉદ્યોગ, પાપારાઝી કે રાજકારણમાં પોતાના સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતા છે. તેમણે કહ્યું કે લગ્નનો ખ્યાલ આજકાલ જૂનો થઈ ગયો છે. જયાએ એમ પણ સૂચન કર્યું કે તેમની પૌત્રી નવ્યા નવેલી નંદા, જે એક અઠવાડિયામાં ૨૮ વર્ષની થશે, તેણે લગ્ન ન કરવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે આજની યુવતીઓ બાળકો નો ઉછેર કેવી રીતે કરવો તે સારી રીતે જાણે છે.અને બાળકો પહેલા કરતાં વધુ સ્માર્ટ બની રહ્યા છે. એક કાર્યક્રમમાં, જયા બચ્ચને કહ્યું કે તેમને લાગે છે કે લગ્ન એક જૂનો ખ્યાલ છે અને તેઓ તેમની પૌત્રી નવ્યા નવેલી નંદાના લગ્ન કરવા માંગતા નથી. લગ્નની લીગેલીટી વિશે પૂછવામાં આવતા, જયા બચ્ચને આકસ્મિક રીતે એક પ્રોત્સાહક વાક્ય કહ્યું, "બસ જીવનનો આનંદ માણો." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો નવ્યા નંદા તેમના પગલે ચાલે અને લગ્ન પછી પોતાની કારકિર્દી છોડી દે તો શું અભિનેત્રીને વાંધો હશે? જયા બચ્ચને જવાબ આપ્યો, "હું નથી ઈચ્છતી કે નવ્યા લગ્ન કરે.

# ‘તેરે ઈશ્ક મેં’ ફિલ્મમાં ધનુષે શાનદાર અભિનયએ દર્શકોને મોહી લીધા

આ સમયે બોલિવૂડમાં લવ સ્ટોરીઝનું પૂર આવ્યું હોય તેવું લાગે છે. સૈયારાની સુપર સક્સેસ બાદ ધડક ૨, પરમ સુંદરી, સની સંસ્કારીની તુલસી કુમારી અને એક દીવાને કી દીવાનિયત જેવી લવ સ્ટોરીઝની એક હરોળ ચાલું થઈ છે. આટલું જ નહીં આ અઠવાડિયે પણ બે નવી ફિલ્મો ગુસ્તાખ ઈશ્ક અને આનંદ એલ રાયની નિર્દેશિત તેરે ઈશ્ક મેં એકસાથે થિયેટરોમાં રીલીઝ થઈ છે.તેરે ઈશ્ક મેં ફરી એકવાર આનંદ એલ રાય અને ધનુષની મજબૂત જુગલબંદીને આગળ લાવી છે. વાર્તા ડીયુએસયુના પ્રમુખ શંકર (ધનુષ) થી શરૂ થાય છે, જેમનું વર્ચસ્વ, ગુસ્સો અને હિંસક સ્વભાવ સમગ્ર કોલેજમાં પ્રખ્યાત છે. આ જ કોલેજની રિસર્ચ સ્કોલર મુક્તિ બેનીવાલ (કૃતિ સેનન) પોતાના થિસિસમાં સબમિટ કરવા માગે છે કે હિંસક લોકોને પણ બદલી શકાય છે. તે શંકરને પોતાનો વિષય બનાવીને તેની સાથે મિત્રતા વધારે છે, જ્યારે શંકર તેને નિષ્ઠાપૂર્વક પ્રેમ કરવા લાગે છે. પ્રેમથી શંકરનો



ક્રોધ ઓછો થાય છે, પરંતુ તેનો જુસ્સો વધે છે. પરંતુ જ્યારે તેને ખ્યાલ આવે છે કે મુક્તિ તેને પ્રેમ કરતી નથી, ત્યારે તેની પીડા તેને વિનાશના માર્ગ પર લઈ જાય છે, ‘મારું હ્રદય બળી ગયું છે, હું પણ વિશ્વને બાળી નાખીશ’. સાત વર્ષ પછી, નિયતિ તેમને ફરીથી રૂબરૂ લાવે છે, અને આ વખતે તે માત્ર શંકર જ નથી, પરંતુ મુક્તિ પણ તેના પ્રેમની આગમાં હોય છે. દિગ્દર્શક આનંદ એલ રાયની ફિલ્મનો પહેલો ભાગ ઉત્કૃષ્ટ છે. બે જુદી જુદી દુનિયાનાં પાત્રોની ટકકર, પાગલ પ્રેમ, હાર્ટબ્રેક, કૌટુંબિક લાગણીઓ બધાં જ પાસાઓ સારી રીતે પકડી રાખે છે.પરંતુ ઈન્ટરવલ પછી વાર્તા વિખેરાઈ જાય છે અને ક્લાઈમેક્સ આવે ત્યાં સુધીમાં તે વધુ ફિલ્મી દેખાવા લાગે છે. જો રન ટાઈમ થોડો ઓછો હોત તો તેની અસર વધુ સારી હોત. તેમ છતાં તકનીકી પાસું મજબૂત છે. કેમેરા વર્ક, બેકગ્રાઉન્ડ સ્કોર અને પ્રોડક્શન ડિઝાઈન સારા છે. હા, એ.આર. રહેમાનનું સંગીત અપેક્ષાઓ પર ખરા ઉતરતું નથી; ‘તેરે ઈશ્ક મેં’ અને ‘જીગર ઠંડા’ ફક્ત બે જ ગીત મોટે ભાગે યાદ રહે છે. અભિનયની દ્રષ્ટિએ ધનુષ આ ફિલ્મમાં ટ્રમ્પ કાર્ડ સાબિત થાય છે. પ્રેમ, હિંસા, જુસ્સો, આંસુ, પીડા અને બ્રેકડાઉન જેવી તમામ લાગણીઓ સાથે તેણે એક ઓબ્સેસિવ પ્રેમીને સ્ક્રીન પર જીવંત કર્યો છે. કૃતિ સેનને પોતાની સુંદરતાની સાથે સાથે પોતાની ક્ષમતા પણ બતાવી છે. ઓછી સ્ક્રીન સ્પેસમાં, મોહમ્મદ ઝીશાન અયુબ દિલ જીતી લે છે. પ્રકાશ રાજ અને પ્રિયંશુ પેન્યુલીએ તેમનાં પાત્રોને ઊંડાણ આપી છે.

## સંદેશે આતે હૈ... ગીત સાથે

# દલજીતે બોર્ડર-૨નો એક વીડિયો શેર કર્યો

ફિલ્મ ’બોર્ડર ૨’ આગામી મહિને રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ સાથે જોડાયેલા એક વીડિયો દિલજીત દોસાંઝે પોતાનાં ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર કર્યો છે. આ વીડિયોમાં તે ભારતીય વાયુસેનાના અધિકારીના ગેટઅપમાં જોવા મળ્યો હતો. ચાહકોને આ લુક ખૂબ જ પસંદ આવ્યો છે.

દિલજીત દોસાંઝ ફિલ્મ ’બોર્ડર ૨’માં નિર્મલ જીત સિંહ સેખોનનો રોલ કરી રહ્યો છે, તે ભારતીય વાયુસેનાનો અધિકારી છે. તેમને ૧૯૭૧ના યુદ્ધમાં તેમની બહાદુરી માટે યાદ કરવામાં આવે છે. તેમને મરણોપરાંત પરમવીર ચક્રથી નવાજવામાં આવ્યાં હતાં.

દિલજીતે ફિલ્મ ’બોર્ડર’ સાથે જોડાયેલો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે નિર્મલ જીત સિંહ સેખોનના યુનિફોર્મમાં જોવા મળ્યો હતો. આ લુકને દિલજીતના ચાહકોને ખૂબ પસંદ આવ્યો છે.



વીડિયોમાં દિલજીતની એન્ટ્રી સંદેશે આતે હૈ ગીત સાથે કરવામાં આવી છે. ગીત વાગે છે. ત્યારબાદ તે ભારતીય વાયુસેનાના અધિકારી નિર્મલ જીત સિંહ સેખોન તરીકે દેખાય છે. દિલજીતના વીડિયો પર પ્રતિક્રિયા આપતાં યુઝર્સે લખ્યું હતું કે તેઓ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યાં છે.

સાથે જ ઘણાં ચાહકોએ દિલજીતને આ રોલ માટે પરફેક્ટ ગણાવ્યો હતો. ઘણાં સોશિયલ મીડિયા યુઝર્સે તેનાં લુક પર હાર્ટ, ફાયર ઈમોજી પણ શેર કર્યા હતાં. આ ફિલ્મ ફિલ્મ ’બોર્ડર (૧૯૯૭)’ની સિક્વલ માનવામાં આવે છે. ફિલ્મ ’બોર્ડર ૨’ની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે, આ ફિલ્મ પ્રજાસત્તાક દિવસ પહેલા એટલે કે ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મમાં દિલજીત દોસાંઝ ઉપરાંત સની દેઓલ અને વરુણ ધવન પણ જોવા મળશે.

# ક્યારેય પણ આવી ભૂલ ન કરતા, અમિતાભ બચ્ચને અનિલ કપૂરને આપી હતી આ ખાસ સલાહ

અનિલ કપૂર બોલિવૂડના શ્રેષ્ઠ અભિનેતાઓમાંથી એક છે. ૭૦ના દાયકાના અંતથી અત્યાર સુધી તેઓ ફિલ્મી દુનિયામાં લગાતાર કામ કરી રહ્યા છે. તેમણે તેમના સાઢા ચાર દાયકાના કારકિર્દીમાં એક કરતાં વધુ ફિલ્મો આપી છે. ઉંમરના સાત દાયકા પૂરા કરવાની કગાર પર ઊભા અનિલ કપૂરે ક્યારેય પણ તેમના કામથી બ્રેક નથી લીધો. આની પાછળનું કારણ ’સદીના મહાનાયક’ અમિતાભ બચ્ચન છે. વર્ષો પહેલાં અમિતાભ બચ્ચને તેમના જૂનિયર અનિલ કપૂરને એક એવી સલાહ આપી હતી, જેને આજ સુધી અનિલ અનુસરે છે. આનો ખુલાસો તો આદિત્યે તેમના એક ઈન્ટરવ્યૂ દરમિયાન જ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે એક ફિલ્મની શૂટિંગ દરમિયાન તેઓ વિદેશમાં બિગ બીને મળ્યા હતા, ત્યારે તેમણે કંઈક એવું કહ્યું હતું કે જે તેમના હ્રદયમાં હંમેશા માટે બસી ગયું. અમિતાભના મુરીદ છે અનિલએક વખત અનિલ કપૂરે એક ટીવી શોમાં અમિતાભ બચ્ચન વિશે ખાસ વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ હંમેશાથી અમિતાભ બચ્ચન જેવી દિગ્ગજ વ્યક્તિત્વથી પ્રેરણા લે છે. તેમણે કહ્યું હતું, હું હંમેશા અમિતાભ બચ્ચન, દિલીપ કુમાર, નસીરૂદ્દીન શાહ અને કમલ હાસન જેવા મહાન કલાકારોમાંથી પ્રેરણા લઉં છું. અનિલે આગળ કહ્યું હતું, અમિતજીએ ’ખુદા ગવાહ’ (૧૯૯૨) પછી પાંચ વર્ષનો બ્રેક લીધો હતો. તેઓ નોર્મલ જીવન જીવવા ન્યુયોર્ક ગયા હતા. હું ત્યાં ’મેહરબાન’ની શૂટિંગ માટે ગયો હતો. હું તેમની પાસે ગયો અને તેમને કહ્યું કે હું ૨૫ વર્ષ સુધી ફિલ્મોમાં કામ કર્યા પછી થાકી ગયો છું અને બ્રેક લેવા માંગું છું. અમિતજીએ મને કહ્યું હતું કે જીવનમાં ક્યારેય આવી ભૂલ ન કરો. ક્યારેય બ્રેક ન લો. અનિલે આગળ કહ્યું હતું, હું તેમના ૩૮ વર્ષના લાંબા કારકિર્દીમાં ક્યારેય બ્રેક નથી લીધો.





# કિયારા અને સિદ્ધાર્થની પૂત્રીનું નામ સરાયાહ મલ્હોત્રા

બોલિવૂડના સૌથી લોકપ્રિય દંપતી, સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી, ફેબ્રુઆરી ૨૦૨૩માં લગ્ન કર્યા હતા. તેમના લગ્નના લગભગ અઢી વર્ષ પછી તેઓ ૧૫ જુલાઈના રોજ પહેલી વાર માતાપિતા બન્યા. હવે લગભગ ત્રણ મહિના પછી આ દંપતીએ તેમની પુત્રીની પહેલી ઝલક શેર કરી અને તેનું નામ જાહેર કર્યું છે.

કિયારા અડવાણીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ, ઈન્સ્ટાગ્રામ પર તેની પુત્રી સાથેનો ફોટો શેર કર્યો, જેમાં લખ્યું, "આપણી પ્રાર્થનાઓથી, આપણા હાથ સુધી. અમારા આશીર્વાદ, આપણી રાજકુમારી... સરાયાહ મલ્હોત્રા."

સરાયાહ શબ્દ હિબ્રુ ભાષામાંથી આવ્યો છે. તેનો અર્થ "ભગવાન દ્વારા માર્ગદર્શન" અથવા "ભગવાનનું શાસન" થાય છે, જેનો અર્થ એવી છોકરી છે જે સુરક્ષિત, સંરક્ષિત અને આશીર્વાદથી ઘેરાયેલી છે. આ નામનો અર્થ રાજકુમારી જેવો છે.

# ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર રોબિન સ્મિથનું ૬૨ વર્ષે નિધન



ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર રોબિન સ્મિથનું ૬૨ વર્ષની વયે નિધન થયું છે. સ્મિથ ૧૯૮૦ તથા ૯૦ના દાયકામાં કાતીલ ઝડપી બોલર્સનો મક્કમતાથી સામનો કરનાર બેટ્સમેન તરીકે જાણીતા હતા. મંગળવારે ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે આવેલા તેમના નિવાસે જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સ્મિથે ૧૯૮૮થી ૧૯૯૬ વચ્ચે ૬૨ ટેસ્ટ રમી હતી જેમાં ૪૩.૬૭ની એવરેજથી ૪,૨૩૬ રન કર્યા હતા. ટેસ્ટમાં તેમના નામે નવ સદી છે. આંકડા કરતા તે સમયે ઈંગ્લિશ ક્રિકેટમાં તેમનો પ્રભાવ ઘણો ઊંડો હતો.

વેસ્ટ ઈન્ડિઝના ઝડપી બોલર્સ કર્ટ્લી એમ્બ્રોઝ, કર્ટની વોલ્શ, માલ્કમ માર્શલ અને પેટ્રિક પેટરસન સામે આ જમણેરી બેટ્સમેને શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ૧૯૯૦થી ૧૯૯૫ વચ્ચે વેસ્ટ ઈન્ડિઝ સામે હોમ અને અવે બન્ને ટેસ્ટ સિરીઝને ઈંગ્લેન્ડ બે-બેથી ડ્રોમાં ખેંચી શક્યું જેમાં સ્મિથની ભૂમિકા મહત્વની હતી. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ રિચાર્ડ થોમ્પસને કહ્યું કે, રોબિન સ્મિથે વિશ્વના શ્રેષ્ઠ બોલર્સનો નિડરતાપૂર્વક સામનો કર્યો હતો. સ્મિથે ૧૯૯૩માં એજબેસ્ટન ખાતે ઓસ્ટ્રેલિયા સામે વન-ડેમાં ૧૬૩ બોલમાં ૧૬૭ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. ૧૯૬૩માં ડર્બનમાં જન્મ બાદ સ્મિથ ઈંગ્લેન્ડ સ્થાયી થયા અને હેમ્પશાયર વતી કાઉન્ટીમાં રમતા હતા.

# મેક્સવેલનો આઈપીએલ હરાજીમાંથી નામ પરત ખેંચવાનો નિર્ણય



## ખરીદદનાર નહી મળવાની આશંકાએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે ઓક્શનમાં ભાગ લેવાનું ટાળ્યું

ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક બેટ્સમેન ગ્લેન મેક્સવેલે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મિની ઓક્શન અગાઉ પોતાનું નામ પરત ખેંચી લીધું છે. ખરીદદાર નહીં મળવાની આશંકાએ કાંગારૂ ખેલાડીએ આ નિર્ણય લીધો હોવાનું માનવામાં આવે છે. છેલ્લા થોડા વર્ષોથી મેક્સવેલની આઈપીએલ કારકિર્દીમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. ૧૬ ડિસેમ્બરે દુબઈ ખાતે આઈપીએલ મિની ઓક્શન યોજાશે.

ટી૨૦ ક્રિકેટમાં બિગ શો તરીકે જાણાતી મેક્સવેલ પ્રારંભમાં ભારે આક્રમક વલણ ધરાવતો હતો અને ૨૦૧૯ને બાદ કરતા ૨૦૧૨થી તે તમામ સિઝનમાં રમ્યો હતો. મેક્સવેલે આઈપીએલમાં ૧૪૧ મચમાં ૨,૮૧૯ રન કર્યા છે. તેનો સ્ટ્રાઈક રેટ ૧૫૫થી વધુનો અને એવરેજ ૨૪થી ઓછી રહી છે. આ ઉપરાંત તેણે ૮.૩૦ની ઈકોનોમી સાથે ૪૧ વિકેટો પણ ઝડપી છે. મેક્સવેલે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે, આઈપીએલની અનેક યાદગાર સિઝન બાદ મે આ વર્ષે ઓક્શનમાં મારું નામ નહીં ઉમેરવાનો નિર્ણય કર્યો છે. આ ઘણો મોટો નિર્ણય છે અને મને આ લીગે જે કંઈ આપ્યું છે તેના માટે કૃતજ્ઞતા સાથે હું આ નિર્ણય જાહેર કરું છું.

આઈપીએલએ મને ક્રિકેટર તથા વ્યક્તિ તરીકે ઘડ્યો છે. મને લીગમાં દુનિયાભરના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે રમવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મેક્સવેલ આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી ડેરડેવિલ્સ, પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર ફ્રેન્ચાઈઝ તરફથી રમી ચૂક્યો છે.

# કેન વિલિયમ્સને ટેસ્ટમાં પુનરાગમન સાથે અડધી સદી ફટકારી

## વેસ્ટઈન્ડિઝ સામે પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે કિવિઝ ૨૩૧/૯



ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ક્રાઈસ્ટચર્ચમાં મંગળવારથી પ્રથમ ટેસ્ટનો પ્રારંભ થયો હતો. અંદાજે એક વર્ષ બાદ ટેસ્ટ ક્રિકેટમાં પુનરાગમન કરનાર કિવિ બેટ્સમેન કેન વિલિયમ્સને અડધી સદી ફટકારી હતી. વેસ્ટ ઈન્ડિઝ સામે વિલિયમ્સને તેની ટેસ્ટ કારકિર્દીની ૩૮મી અડધી સદી નોંધાવી હતી.

પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસના અંતે કિવિ ટીમે નવ વિકેટે ૨૩૧ રન નોંધ્વાયા છે. દિવસની રમતના અંતે ઝેક ફોલ્ક્સ અને જેકોબ ડફી બન્ને ચાર રને રમતમાં હતા. ટોસ જીતીને પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝની ટીમે પ્રથમ બોલિંગ લીધી હતી. વરસાદના વિક્ષેપ વચ્ચે લંચ સુધીમાં ગૃહ ટીમનો સ્કોર ૧૦.૩ ઓવરમાં એક વિકેટે ૧૭ રન હતો.

ન્યૂઝીલેન્ડે ઓપનર ડેવોન કોન્વે (૦૦)ની પ્રથમ ઓવરમાં વિકેટ ગુમાવતા કંગાળ શરૂઆત રહી હતી. ત્યારબાદ વિલિયમ્સને ૧૦૨ બોલમા છ ચોગ્ગાની મદદથી ૫૨ રન કર્યા હતા. સુકાની અને ઓપનર ટોમ લાથમ (૨૪) સાથે પ્રથમ વિકેટ માટે તેણે ૯૩ રનની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ ન્યૂઝીલેન્ડનો ધબડકો થયો હતો અને વિલિયમ્સનની વિકેટ પડ્યા બાદ ૨૬ રનની અંદર વધુ ત્રણ વિકેટ ગુમાવી હતી.

લાથમ, રચિન રવિન્દ્ર (૩) અને વિલ યંગ (૧૪) આઉટ થતા અડધી કિવિ ટીમ પેવેલિયન પરત ફરી હતી. બ્લન્ડેલ (૨૯) અને બ્રેસવેલે (૪૭)એ ઉપયોગી યોગદાન આપ્યું હતું. નાથન સ્મિથના ૨૩ રનની મદદથી કિવિ ૨૦૦ રનનો પડાવ પાર કરી શક્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ તરફથી કેમાર રોચ, ઓજય શીલ્ડ્સ અને જસ્ટિન ગ્રીવ્ઝે બે-બે વિકેટ ખેરવી હતી. જેડન સીલ્સ, જોહાન લાયને તથા રોસ્ટન ચેઝે એક-એક સફળતા મેળવી હતી.

# કોહલી ૧૫ વર્ષ બાદ વિજય હજારે ટ્રોફી રમશે

## DDCAને ફોન કરીને જાણકારી આપી; ૨૪ ડિસેમ્બરથી ટૂર્નામેન્ટ શરૂ થશે

વિરાટ કોહલી ૧૫ વર્ષ પછી ઘરેલુ વિજય હજારે ટ્રોફીમાં રમશે. તેણે ફોન પર DDCAને તેની જાણકારી આપી અને બોર્ડે તેની પુષ્ટિ કરી છે. કોહલીએ વિજય હજારે ટ્રોફીમાં છેલ્લી મેચ ફેબ્રુઆરી ૨૦૧૦માં સર્વિસિસ સામે રમી હતી.ટુર્નામેન્ટ ૨૪ ડિસેમ્બરથી અમદાવાદમાં શરૂ થશે. કોહલી હવે ટીમ ઇન્ડિયા માટે માત્ર વનડે ફોર્મેટમાં રમે છે. તે ટી-૨૦ ક્રિકેટમાંથી ૨૯ જૂન ૨૦૨૪ અને ટેસ્ટમાંથી ૧૨ મે ૨૦૨૫ના રોજ નિવૃત્ત થઈ ચૂક્યો છે.દિલ્હી તેની ૫ લીગ મેચ બેંગલુરુ નજીક અલુરમાં રમશે અને બે મેચ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થશે, જે કોહલીની IPL ટીમ RCBનું હોમ ગ્રાઉન્ડ છે. કોહલીએ દિલ્હી માટે છેલ્લીવાર સપ્ટેમ્બર ૨૦૧૩માં ૫૦ ઓવરની ઘરેલું ટુર્નામેન્ટ એનકેપી સાલ્વે ચેલેન્જર ટ્રોફી રમી હતી. વિજય હજારે ટ્રોફીમાં તેની છેલ્લી મેચ ૨૦૦૯-૧૦ સીઝનમાં થઈ હતી. બંને ટુર્નામેન્ટમાં તેણે દિલ્હીની કેપ્ટનશીપ કરી હતી.૨૦ દિવસ પહેલા BCCIએ રોહિત શર્મા અને વિરાટ કોહલીને કહ્યું હતું કે વનડે ટીમમાં પોતાની જગ્યા જાળવી રાખવા માટે તેમને ઘરેલું ટુર્નામેન્ટમાં ભાગ લેવો પડશે.BCCIએ કહ્યું હતું કે બોર્ડ અને ટીમ મેનેજમેન્ટે બંને ખેલાડીઓને સ્પષ્ટ કરી દીધું છે કે જો તેઓ ભારત માટે રમવાનું ચાલુ રાખવા માગે છે, તો તેમને ઘરેલું ક્રિકેટ રમવી પડશે. ૨૦૨૪-૨૫ની રણજી સિઝનમાં રોહિત અને કોહલીએ એક-એક રણજી મેચ રમી હતી. જાન્યુઆરીમાં કોહલી ૧૨ વર્ષ પછી દિલ્હી માટે રમ્યો હતો, જ્યારે રોહિતે ૧૦ વર્ષ પછી મુંબઈ તરફથી મેચ રમી હતી. તે સમયે રોહિતે કહ્યું હતું-૨૦૧૯થી જ્યારે હું ટેસ્ટ ક્રિકેટ રમી રહ્યો છું, ત્યારે સમય બહુ ઓછો મળે છે. જ્યારે આખું વર્ષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ચાલતું રહે છે, ત્યારે ખેલાડીને પોતાને તાજગીભર્યો રાખવા માટે થોડો સમય જોઈએ છે. પરંતુ હવે અમે આ વાત પર ધ્યાન આપ્યું છે અને કોઈ પણ ખેલાડી તેને હળવાશથી લેતો નથી. તાજેતરમાં કોહલીએ રાંચીમાં સાઉથ આફ્રિકા સામે પોતાનું ૫૨મું વનડે શતક લગાવ્યું હતું. ૧૩૫ રનની આ ઈનિંગ્સ માટે તેમને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ૯ ડિસેમ્બરે વર્તમાન વનડે સિરીઝ સમાપ્ત થયા પછી કોહલી પાસે વિજય હજારે ટ્રોફી પહેલાં પૂરતો સમય હશે. તે સ્પષ્ટ નથી કે તે દિલ્હીની તમામ ૭ લીગ મેચ રમશે કે નહીં. આ મેચો ૮ જાન્યુઆરી સુધી ચાલશે, જ્યારે ૧૧ જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે વનડે સિરીઝ શરૂ



થવાની છે.૨૦ દિવસ પહેલા પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ આ ટુર્નામેન્ટમાં રમવાની પુષ્ટિ કરી હતી. તેણે મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA)ને ટુર્નામેન્ટમાં રમવા અંગે જાણ કરી હતી.

# ભારત આફ્રિકા સામે સિરીઝમાં અજેય લીડ મેળવવા આતુર, રોહિત-કોહલી પર મદાર

## રાયપુરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે બીજી વન-ડે, બપોરે ૧.૩૦થી પ્રારંભ, દક્ષિણ આફ્રિકાની ટીમમાં સુકાની ટેમ્બા બવુમાની વાપસીને લઈને અસમંજસતા



ભારતીય ટીમમાં સીનિયર ખેલાડીઓ અને મેનેજમેન્ટ વચ્ચે તાલમેલના અભાવની ચર્ચા વચ્ચે આવતીકાલે રાયપુરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી વન-ડે મેચ રમાશે. રોહિત શર્માની અડધી સદી તથા વિરાટ કોહલીની વન-ડેમાં ઐતિહાસિક ૫૨મી સદીની મદદથી ભારતે રાંચી ખાતે રમાયેલી પ્રથમ વન-ડેમાં ૧૭ રને વિજય મેળવ્યો હતો. ભારતીય ડ્રેસિંગરૂમમાં તણાવભર્યા માહોલને લીધે વધુ એક વખત રોહિત અને કોહલી પર મદાર રહેશે. ભારતીય ટીમ આફ્રિકા સામે બીજી વન-ડેમાં જીત મેળવીને સિરીઝમાં અજેય સરસાઈ મેળવવા આતુર રહેશે. રાયપુરમાં બપોરે ૧.૩૦ કલાકે બીજી વન-ડેનો પ્રારંભ થશે. ભારતીય ટીમમાં કોઈ મોટા ઉલટફેરની સંભાવના જણાતી નથી. ચોથા ક્રમે ઋતુરાજ ગાયકવાડના સ્થાને નીતીશ કુમાર રેડ્ડીને તક મળી શકે છે. જ્યારે સ્વાસ્થ્યની સમસ્યાને લીધે પ્રથમ વન-ડે ગુમાવ્યા બાદ દક્ષિણ આફ્રિકાનો નિયમિત સુકાની ટેમ્બા બવુમા બીજી વન-ડેમાં રમશે કે કેમ તે અંગે અસમંજસતા છે. રાંચી વન-ડેમાં ભારતે ૩૪૯ રનનો વિશાળ સ્કોર ખડક્યો હોવા છતાં પ્રોટીઝ ટીમે ચેઝમાં લડત આપી હતી અને ૩૦૦નો આંક પાર કર્યો હતો. ભારતીય બોલર્સે બીજી વન-ડેમાં આફ્રિકાના બેટ્સમેનોને અંકુશમાં રાખવા પડશે.

૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને બે વર્ષનો સમય બાકી છે ત્યારે રોહિત અને કોહલી બન્ને દિગ્ગજ બેટ્સમેનો તેમની ફિટનેસને પુરવાર કરવા દરેક મેચમાં શ્રેષ્ઠ દેખાવ કરે છે તેટલું જ નહીં પરંતુ તેઓ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સાથે સંવાદની ખાઈને પુરવાનું કામ પણ કરી રહ્યા છે. ટીમ મેનેજમેન્ટ અને સીનિયર ખેલાડીઓ વચ્ચે મતભેદોને ઉકેલવા બોર્ડે ઝંપલાવ્યું છે. રાયપુરમાં બીજી વન-ડે દરમિયાન જ બોર્ડે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે જેમાં હેડ કોચ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકર તથા બોર્ડના અધિકારીઓ હાજર રહેશે. રોહિત અને કોહલીએ ઓક્ટોબરમાં સિડનીમાં પણ સાતત્યપૂર્ણ દેખાવ કર્યો હતો અને ઘરઆંગણે આફ્રિકા સામે પણ તેમણે પોતાની લય જાળવી રાખીને આગામી વિશ્વ કપ માટે દાવેદારી મજબૂત કરી છે. જો કે ગંભીર અને અગરકરે અગાઉ આ પ્રશ્ને કોઈ સ્પષ્ટતા કરી નહીં હોવાથી રોહિત અને કોહલીના આગામી વન-ડે વર્લ્ડ કપમાં રમવાને લઈને અસ્પષ્ટતા છે. બોર્ડની બેઠકમાં આ અંગે કોઈ ઉકેલ આવે તેવી વકી છે.

ભારતીય ટીમે પ્રથમ વન-ડેમાં વિજય મેળવ્યો હોવા છતાં તેના માટે મિડલ ઓર્ડર માથાનો દુઃખાવો પુરવાર થઈ રહ્યો છે. ગિલ ઈજાગ્રસ્ત હોવાથી જયસ્વાલ સાથે રોહિત ઓપનિંગમાં ઉતર્યો હતો પરંતુ જયસ્વાલ લાંબી ઈનિંગ્સ રમી શક્યો નહતો. ગાયકવાડને ચોથા ક્રમે બેટિંગમાં ઉતારાયો હતો પરંતુ તે લય મેળવી શક્યો નહતો. કાર્યકારી સુકાની કે એલ રાહુલ છઠ્ઠા ક્રમે પ્રભાવી રહ્યો હતો પરંતુ સામે છેડે વોશિંગ્ટન સુંદર સહિતના ખેલાડીઓનો સાથ તેને મળ્યો નહતો. સુંદર વન-ડેમાં ઓલરાઉન્ડર તરીકે અસરકારક પુરવાર થઈ શક્યો નથી. જ્યારે હર્ષિત રાણાએ પ્રથમ વન-ડેમાં ત્રણ વિકેટ ઝડપીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી. કુલદીપ યાદવે ચાર વિકેટ ઝડપીને આફ્રિકાની કરોડરજ્જૂ ભાંગી નાંખી હતી. બીજી વન-ડેમાં પણ તેની પાસેથી આ જ પ્રકારના દેખાવની અપેક્ષા રહેશે. વૈવિધ્યતા સાથે બોલિંગ કરવી તે કુલદીપની ખાસિયત છે.આફ્રિકાની ટીમ વધુ એક વખત ટેમ્બા બાવુમા વગર રમવા ઉતરે તેવી શક્યતા છે. પ્રથમ વન-ડેમાં કાર્યકારી સુકાની એઈડન માર્કરમ બેટિંગમાં ખાસ સફળ થયો નહતો. પરંતુ મેથ્યુ બ્રીટ્ઝકે અને માર્કો યાનસેને લડાયક ઈનિંગ્સ રમીને ભારતીય બોલર્સને ઝૂડ્યા હતા. લોઅર ઓર્ડરમાં કોર્બિન બોશે પણ ભારતીય બોલરોને હંફાવ્યા હતા. કેશવ મહારાજ ટીમમાં વાપસી કરે છે તો આફ્રિકાનું સ્પિન આક્રમણ વધુ મજબૂત બનશે. રાયપુરમાં શહીદ વીર નારાયણ સિંહ સ્ટેડિયમમાં અત્યાર સુધી એકમાત્ર વન-ડે મેચ રમ્યું છે અને તેમાં ન્યૂઝીલેન્ડ સામે આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત ભારતે અહી ઓસ્ટ્રેલિયા સામે રમેલી એકમાત્ર ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ પણ હાઈસ્કોરિંગ રહી નહતી.

# દુબઈ ખાતે રમાનાર તરણસ્પર્ધામાં દેવાંશી રાણાની પસંદગી



આંતર રાષ્ટ્રીય પેરા સ્વીમીગ માં સીલેક્ટ થઈ દુબઇ ખાતે દુબઈ યુથ પેરા સ્વીમીગ કોમ્પિટિશન (૨૦૨૫)રમવા જવાની છે. આખા દેશમાંથી ફ્ક્ત છોકરીઓ માં દેવાંશીનું જ સિલેકશન થયું છે.જે સુરત અને ગુજરાત માટે ખૂબ મોટી સિધ્ધી છે.

દેવાંશી છેલ્લા ચાર વર્ષથી એન.આઈ.એસ. કોચ શ્રી રાજન કે સારંગ પાસે એસ.એમ.સી લક્કડકોટ સ્વીમીગ પૂલ ખાતે પ્રેક્ટિસ કરે છે. તરણકુંડના મેમ્બરો નો પણ આભાર વ્યક્ત કર્યો છે.

નિષ્ઠા વાનાણી પણ સ્વિમર અને એથલીટ છે તેનું પણ એથલેટિક્સ માં સીલેકશન થયું છે તે પણ દુબઇ યુથ પેરા એથલેટિક્સ માં રમવા માટે જશે.



# ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક યોજાઈ

## નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

સુરત, તા.૩

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઑફ એજયુકેશન, અઠવાલાઈન્સ બી.એડ. અભ્યાસ કેન્દ્ર ખાતે કોલેજના આચાર્ય ડૉ. પત્રલેખા કે. ચાવડા ના માર્ગદર્શન હેઠળ અભિમુખતા બેઠક યોજાઈ હતી. જેમાં પ્રવેશ મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમને લગતી બાબતો જેવી કે પ્રવેશ, પરીક્ષા ,પરિણામ અને અસાઈનમેન્ટ જેવા મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

અભિમુખતા બેઠકમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી વિશેની સમગ્ર પ્રક્રિયા તેમજ પ્રવેશથી લઈને પરિણામનું વિગતવાર માર્ગદર્શન અપાયું હતું. બી.એડ. અભ્યાસક્રમ વિશેની માહિતી તેમજ કારકિર્દી માર્ગદર્શન વિશે અભ્યાસ કેન્દ્રના કોઑર્ડિનેટર શ્રી ડો. પ્રવીણચંદ્ર ડી. પરમારે આપ્યું હતું.

કાર્યક્રમમાં BAOU-અમદાવાદના એક્ઝીક્યુટીવ કાઉન્સિલ મેમ્બર ડો. રાજેશ ડી. રાણા તથા રિજીયોનલ સેન્ટર-સુરતના આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર ભૌમિક વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટીની વિવિધ પ્રક્રિયાની ઊંડાણપૂર્વકની માહિતી અભ્યાસ કેન્દ્રના કોઓર્ડીનેટર ડો. પ્રવીણચંદ્ર ડી. પરમારે આપી હતી.

# સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓ. બેંકની ચૂંટણી નહીં થતા ખેડૂતોને ભારે નુકશાન થશે

## સુરત જિલ્લા રજીસ્ટ્રારને તાત્કાલીક દુર કરવા દર્શન નાયકની માંગણી

સુરત, તા.૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયક દ્વારા રાજ્યના મુખ્ય સચિવ સહિતના વિવિધ ઉચ્ચ કક્ષાએ કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવાયું છે કે સુરતનાં હાલનાં રજિસ્ટ્રારશ્રી(સહકારી મંડળીઓ) ઘણા લાંબા સમયથી સુરત જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવી રહ્યાં છે.તેઓને પ્રમોશન પણ આ જ કચેરીમાં સુરત જિલ્લા રજીસ્ટ્રાર(સહકારી મંડળીઓ)તરીકે આપવામાં આવ્યાને ઘણો સમય થયો છે. આ અધિકારી ગુજરાત સહકારી અધિનિયમનાં ખોટા અર્થઘટન કરી સુરત અને તાપી જિલ્લા ભાજપના એક જૂથના રાજકીય આગેવાનોનો હાથો બની ગેરકાયદે નિર્ણયો લેતા આવ્યા છે. ભૂતકાળમાં ગુજરાત હાઈકોર્ટમાં તેઓના નિર્ણયોને પડકારવામાં પણ આવ્યા છે.કોર્ટે તેઓ વિરુદ્ધ ટિપ્પણીઓ પણ કરી છે.તેઓ તટસ્થ અધિકારીની છાપ ધરાવતા ન હોવાને કારણે હાલનાં સુરત જિલ્લા રજિસ્ટ્રાર(સહકારી મંડળીઓ)ને તાત્કાલિક અસરથી દૂર કરી તેઓ સામે ખાતાકીય તપાસ થવી જોઈએ.

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના હાલના બોર્ડની મુદત તા. ૨૯-૦૨-૨૦૨૬ના રોજ પૂર્ણ થાય છે. નિયમ મુજબ બોર્ડની મુદત પૂર્ણ થવાના ૯૦ દિવસ પહેલાં ચૂંટણીની દરખાસ્ત જિલ્લા કલેક્ટર (ચૂંટણી અધિકારી)ને મોકલવાની હોય છે. તે મુજબ બેંકની તા. ૨૯-૧૦-૨૦૨૫ની બોર્ડ મિટિંગમાં ચૂંટણીની દરખાસ્ત તૈયાર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને બેંકના મેનેજિંગ ડિરેક્ટરે તે મુજબની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) પાસે મોકલી આપી હતી.

સુરત જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ આ દરખાસ્તમાં ''સભ્ય મંડળીઓના ઓડિટમાં ક્ષતિ છે'' એવું એકમાત્ર કારણ દર્શાવીને દરખાસ્ત પરત મોકલી દીધી છે. જ્યારે નિયમો મુજબ ચૂંટણીની દરખાસ્તમાં કોઈ ખામી હોય તો તે શોધવાનો તથા સુધારવાનો અધિકાર ફક્ત ચૂંટણી અધિકારી (જિલ્લા કલેક્ટર)ને જ છે. અહી જિલ્લા રજિસ્ટ્રારને કલેક્ટરની સત્તાનો ઉપયોગ કરવાનો કોઈ અધિકાર નથી. કલેક્ટર લેખિતમાં આદેશ કરે તો જ તેઓ પોતાની નોંધ મોકલી શકે.વધુંમાં સદરહુ ક્ષતિઓ અંગે તેઓ બેંકના એમ.ડી.સાથે અગાઉથી સંવાદ કરી સુધારી શક્યા હોત,કારણ કે, હોદ્દાની રુએ તેઓ પણ બોર્ડના સભ્ય છે. વધુમાં, સભ્ય સહકારી મંડળીઓનું ઓડિટ અને તેનું વર્ગીકરણ પણ જિલ્લા રજિસ્ટ્રાર કચેરી જ કરે છે. તેથી તેમની પાસે જ ઓડિટ વર્ગની સંપૂર્ણ માહિતી છે. તેમ છતાં તેમણે આ બાબતને આધારે દરખાસ્ત રોકી રાખેલ હતી.

હાલના જીલ્લા રજિસ્ટ્રારશ્રી (સહકારી મંડળીઓ)સુરતના આ ગેરકાયદેસર અને પક્ષપાતી વર્તણૂકના કારણે ૧૧૬ વર્ષ જૂની આ પ્રતિષ્ઠિત બેંકના ઈતિહાસમાં પ્રથમ વખત વહીવટદાર નિમણૂકની ગંભીર સ્થિતિ સર્જાઈ છે, જેનાથી સુરત અને તાપી જિલ્લાના હજારો ખેડૂતો તથા પશુપાલક સભાસદોના હિતને બરોબરનું નુકસાન થશે અને સહકારી ક્ષેત્રની પ્રતિષ્ઠાને પણ નુકસાન જશે. આ કેસમાં હાલનાં જિલ્લા રજીસ્ટ્રારશ્રી(સહકારી મંડળીઓ)એ કલેક્ટરની સત્તાનો પોતે દુરુપયોગ કરી બેંકના એમડીની દરખાસ્ત કથિત ક્ષતિઓ શોધી પરત મોકલી છે.જેથી પોતાના રાજકીય આકાઓને ખુશ કરી શકાય. આ સંપૂર્ણ બાબત ગેરકાયદેસર છે.એમ થવાથી ખેડૂત સભાસદો અને પશુપાલકોનું અહિત થશે એ વાત ચોક્કસ છે.

આથી, ઉપરોક્ત તમામ હકીકતોને ધ્યાનમાં લઈને લોકહિત તથા ન્યાયના હિતમાં નીચે મુજબની તાત્કાલિક કાર્યવાહી કરવા આદરપૂર્વક વિનંતી છે:

### પુતિનના પ્રવાસ પૂર્વે બ્રિડન, પહેલા પાનાનું ચાલુ

આ ટીમ દરેક નાના-મોટા જોખમોનું પણ સમીક્ષા કરવામાં આવશે. ઉપરાંત, કઈ વ્યક્તિ કયા રૂમમાં જશે, કઈ લિફ્ટનો ઉપયોગ થશે, પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા કયા હશે - આ બધું જ 'મિનિટ-ટુ-મિનિટ' નક્કી કરવામાં આવે છે. આ ટીમના કડક નિયમો અને પૂર્વ-તપાસ દર્શાવે છે કે પુતિનની સુરક્ષામાં કોઈ પણ પ્રકારની ઢીલ રાખવામાં આવતી નથી.

પુતિનની સુરક્ષા અને સ્વાસ્થ્યને લઈને કેટલીક વિશેષ વ્યવસ્થાઓ જોવા મળે છે. તેઓ જ્યાં પણ મુસાફરી કરે છે, ત્યાં એક મોબાઈલ કેમિકલ લેબ તેમની સાથે હોય છે. આ લેબનું મુખ્ય કામ તેમના ખોરાક અને પીવાના પાણીની ચકાસણી કરવાનું હોય છે.

રિપોર્ટ મુજબ પુતિન ન તો સ્થાનિક ખોરાક ખાય છે કે ન તો સ્થાનિક પાણી પીવે છે. તેમનો તમામ સામાન રશિયાથી ખાસ રીતે તૈયાર થઈને આવે છે અને અનેક સ્તરીય તપાસ બાદ જ તેમને પીરસવામાં આવે છે. આ સિવાય, પુતિન તેમની મુસાફરી દરમિયાન પોતાનું પર્સનલ પોર્ટેબલ ટોઈલેટ પણ સાથે રાખે છે, જેનો ઉદ્દેશ્ય તેમના સ્વાસ્થ્ય, તબીબી ડેટા અને અંગત માહિતીને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવાનો છે.

રશિયન રાષ્ટ્રપતિના આગમનને લઈને દિલ્હી પોલીસ, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ પણ હાઈ એલર્ટ પર છે. રાજધાનીના મુખ્ય વિસ્તારોમાં પોલીસની મોટી ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. x#Ê મૂવમેન્ટના રૂટ્સનું ટ્રાયલ પહેલેથી જ કરવામાં આવી રહ્યું છે.

હોટેલથી લઈને મીટિંગના સ્થળ સુધી મલ્ટિ-લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તમામ મુખ્ય પોઈન્ટ્સ પર સ્નાઈપર્સ તૈનાત કરાયા છે અને ડ્રોન દ્વારા પણ સતત નજર રાખવામાં આવી રહી છે. ટેકનિકલ ટીમો દરેક સિગ્નલ, કોમ્યુનિકેશન અને નેટવર્ક પર નજર રાખી રહી છે, સાથે જ એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ પણ સક્રિય છે.

પુતિનના કાફલાના સંભવિત માર્ગો પર હાઈ-ડેફિનેશન કેમેરા અને ફેસ રેકગ્નિશન સિસ્ટમની મદદથી 'રિયલ-ટાઈમ મોનિટરિંગ' કરવામાં આવશે. દિલ્હી પોલીસના કંટ્રોલ રૂમમાં ૨૪સ૭ એક અલગ મોનિટરિંગ ડેસ્ક ઊભું કરવામાં આવ્યું છે.

### સંસદમાં વિપક્ષના પહેલા પાનાનું ચાલુ

સ્પીકર ઓમ બિરલાએ બંને પક્ષોને પોતાના મીટિંગ રૂમમાં બોલાવ્યા હતા. અહી સહમતિ બની કે આજે ગૃહ કોઈ પણ હોબાળા વગર ચાલશે.

બિરલા સાથે મુલાકાત બાદ કોંગ્રેસ નેતા કે. સુરેશે જણાવ્યું કે, ૯ ડિસેમ્બરે ઈલેક્ટોરલ રિફોર્મ્સ એટલે કે ચૂંટણી સુધારા પર ૧૦ કલાક ચર્ચા થશે. તેમજ તેના એક દિવસ પહેલા ૮ ડિસેમ્બરે વંદે માતરમ પર પણ ૧૦ કલાક ચર્ચા થશે. પીએ મોદી ચર્ચાની શરૂઆત કરશે. વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર સરકાર ગૃહમાં તેના પર ચર્ચા કરાવી રહી છે.

### હાઈવે પર પહેલા પાનાનું ચાલુ

સ્થળ નજીક પહોંચશે કે તેમનાં મોબાઈલ પર એલર્ટ આવી જશે. યાત્રીઓને અનેક પ્રકારની ચેતવણી મળશે. તેમને ટેક્સ મેસેજ વોટસ એપ મેસેજ, ઉચ્ચ પ્રાથમિકતાવાળા કોલથી એલર્ટ કરવામાં આવશે.ખતરો આવવાનાં ઘણા સમય પહેલાં જ સૂચના મળવાથી કોઈ પ્રકારની અકસ્માતનો ખતરો નહિં રહે.

એનએચએઆઈ તબકકાવાર રીતે અન્ય ડીજીટલ પ્લેટફોર્મ જેમ કે રાજમાર્ગ યાત્રા મોબાઈલ એપ અને ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૦૩૩ ની સાથે પણ ઉપર્યુકત સિસ્ટમને એકિકૃત કરશે.સરકારનું લક્ષ્ય છે કે હાઈવે પર સફર વધુ સુરક્ષીત અને તણાવમુકત થઈ જાય. વિભાગનું કહેવુ છે કે ભવિષ્યમાં અન્ય ટેલિકોમ કંપનીઓ સાથે પણ ભાગીદારી કરવામાં આવશે.

### તલાક બાદ પહેલા પાનાનું ચાલુ

મહિલાને આર્થિક સ્વતંત્રતા મળી રહે. આ નિર્ણય ડેનિયલ લતીફી વિરુદ્ધ ભારત સંઘ(૨૦૦૧) કેસના અગાઉના ચુકાદાને પણ મજબૂત કરે છે.

આ નિર્ણય એક મુસ્લિમ મહિલાની અરજી પર આવ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટે તેના પૂર્વ પતિને છ સપ્તાહની અંદર રૂા.૧૭,૬૭,૯૮૦ની રકમ મહિલાના બેન્ક ખાતામાં જમા કરવાનો સીધો આદેશ આપ્યો છે.

આ રકમમાં મહેર, દહેજ, ૩૦ તોલા સોનાના આભૂષણો અને રેફ્રિજરેટર, ટીવી, ફર્નિચર વગેરે સહિતના ઘરેલુ સામાનનું કુલ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. કોર્ટે વધુમાં જણાવ્યું કે જો પૂર્વ પતિ નિર્ધારિત સમયમાં આ ચુકવણી ન કરે, તો તેણે ૯% વાર્ષિક વ્યાજ પણ ચૂકવવું પડશે.

### દિલ્હી પહેલા પાનાનું ચાલુ

વિમાની શેડયુલને અસર થઈ છે. ઈન્ડીગોની ફલાઈટ ૩૦થી૯૦ મીનીટ રવાના થઈ હતી.એરઈન્ડીયાની ફલાઈટને પણ આ જ પ્રમાણે મુશ્કેલી થઈ છે. દિલ્હીના ઈન્દીરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર સર્જાયેલી આ ક્ષતિના કારણે સવારથી જ એરપોર્ટ પર મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

### રૂપિયાના પહેલા પાનાનું ચાલુ

જોખમ સર્જાયુ છે. ભારત જંગી માત્રામાં પેટ્રોલ-ડિઝલની આયાત કરે છે જે હવે મોંઘી થશે. ઈલેકટ્રોનીક, મોબાઈલ, મશીનરી સહિતની આયાત મોંઘી બનશે. આ જ રીતે વિદેશમાં ભણવા જનાર વિદ્યાર્થીઓ તથા વિદેશ પ્રવાસ પણ મોંઘા થઈ જવાનું સ્પષ્ટ છે.

બીજી તરફ રૂપિયાની નબળાઈ વચ્ચે શેરબજારમાં મંદીનો આંચકો અનુભવાયો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા તથા વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલીના દબાણ હેઠળ મોટા ભાગના શેરોમાં ગાબડા પડયા હતા. આજે શરૂઆત સ્થિર ટોને થયા બાદ વેચવાલીનું દબાણ ઉભુ થયું હતું અને લગભગ તમામ ક્ષેત્રના શેરો રેડ ઝોનમાં સરકવા લાગ્યા હતા.

લાર્જ કેપ ઉપરાંત મીડકેપ શેરોમાં પણ દબાણ વતાર્યુ હતું. એન્જલ-૧, ઈન્ડીયન બેંક, પંજાબ નેશનલ બેંક, પેટીએમ, યસ બેંક, કેનેરા બેંક, સુઝલોન, એશીયન પેઈન્ટસ, વેદાંતા, હિટાચી એનર્જી, ઓલા ઈલેકટ્રીક, પાવર ફાયનાન્સ સહિતના શેરોમાં ગાબડા પડયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૩૫૧ પોઈન્ટના ગાબડાથી ૮૪૭૮૭ હતો જે ઉંચામાં ૮૫૨૬૯ તથા નીચામાં ૮૪૭૬૩ થયો હતો. નિફટી ૧૩૧ પોઈન્ટ ગગડીને ૨૫૯૦૦ હતો તે ઉંચામાં ૨૬૦૬૬ તથા નીચામાં ૨૫૮૯૬ હતો.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકી ટેરીફ વોરના કારણે માર્કેટ છેલ્લા કેટલાક વખતથી ખચકાટનો અનુભવ કરી જ રહ્યું હતું પરંતુ હવે ટ્રેડ ડીલમાં પણ સતત ઢીલ જેવા કારણ પણ માહોલ બગાડી રહ્યું છે.

આ સિવાય અમેરિકાએ વેનેઝુએલા પર સ્ટ્રાઈકની જાહેરાત કરી છે. રશિયા-યુક્રેન વોરમાં નવેસરથી હાકલા પડકારા શરૂ થયા છે આ સંજોગોમાં માર્કેટનું માનસ ખરડાઈ ગયું છે અને ટ્રેન્ડ નબળો જણાઈ રહ્યો છે.

### હિન્દુઓમાં પહેલા પાનાનું ચાલુ

.જે તેની માનસિકતા દર્શાવે છે. હાલમાંજ હૈદરાબાદની જયુબીલી હીલની ચુંટણીમાં કોંગ્રેસે મુસ્લીમોને ખુશ કરવા રાતોરાત પુર્વ ક્રિકેટર અઝરૂદીનને મંત્રી બનાવી દીધા હતા.

### આતંકવાદીઓ સામે પહેલા પાનાનું ચાલુ

જેહાદ શબ્દ સાથે નકારાત્મક જોડાણ બનાવવામાં મદદ કરી છે, ભલે તેનો સાચો અર્થ નેકી અને ખોટા કાર્યો સામે વિરોધમાં હોય. આખી મંત્રાલયે નક્કી કર્યું છે કે જો મુસ્લિમો સાથે સંબંધિત કોઈ પણ નકારાત્મક વાત સામે આવે છે, તો તેને જેહાદ કહેવામાં આવશે.

જેહાદ એક પવિત્ર શબ્દ છે. અમે જેહાદના સાચા અર્થ માટે લડી રહ્યા છીએ. જેહાદ શબ્દનો ઉપયોગ ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઈસ્લામને ખોટો ઠરાવવા માટે કરવામાં આવી રહ્યો છે. જેહાદના ઘણા અર્થ છે, જેમાં પોતાને સુધારવું અને અન્યાય સામે બોલવું શામેલ છે.

જેહાદ ને આતંકવાદ સાથે જોડવું સંપૂર્ણપણે ખોટું છે. આતંકવાદીઓ માટે સાચો શબ્દ ફસાદી છે. મેં હંમેશા કહ્યું છે કે, તેઓ ફસાદી છે અને અમે જેહાદી છીએ. એવું ડિફોલ્ટ રૂપે માની લેવામાં આવ્યું છે કે બધા મુસલમાનો જેહાદી છે અને તેથી ફસાદી છે.

### ડ્રગ્સની તસ્કરીના પહેલા પાનાનું ચાલુ

ટ્રમ્પની આ ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે તેમના વહીવટીતંત્ર પર કથિત ડ્રગ-તસ્કરી કરતી બોટને નિશાન બનાવતા હુમલાઓ માટે સખત તપાસ થઈ રહી છે, જેમાં અત્યાર સુધીમાં ૮૦ થી વધુ લોકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. ટ્રમ્પે વોર સેક્રેટરી પીટ હેગસેથનો બચાવ કર્યો અને કહ્યું કે તેમને કે વોર સેક્રેટરીને શંકાસ્પદ ડ્રગ જહાજ પરના બીજા હુમલા વિશે જાણ નહોતી.

યુએસ મિલિટરીએ ૨ સપ્ટેમ્બરના રોજ કેરેબિયનમાં ચાલી રહેલા શંકાસ્પદ ડ્રગ જહાજ પર બીજો હુમલો કર્યો હતો, કારણ કે પ્રારંભિક હુમલામાં જહાજ પરના તમામ લોકો માર્યા ગયા નહોતા. ટ્રમ્પે કહ્યું કે, "મને બીજા હુમલા વિશે ખબર નહોતી. મને લોકો વિશે કંઈ ખબર નહોતી. હું તેમાં સામેલ નહોતો અને મને ખબર હતી કે તેમણે એક બોટ ઉડાવી દીધી હતી, પરંતુ હું કહીશ કે તેમણે હુમલો કર્યો હતો."

### વર્ષ ૨૦૩૦ સુધીમાં પેજ-૨ પાનાનું ચાલુ

કરવાની ક્ષમતા ધરાવે છે. ગ્લોબલ બાયર્સ અને રિટેલર્સ ટેક્ષ્ટાઈલમાં સ્કેલીગ શોધી રહયા છે. એક પ્રોડકટ માટે તેઓ દસ—બાર સપ્લાયર્સ સાથે ડીલ નથી કરતા પણ માત્ર બેથી ત્રણ સપ્લાયર્સ પાસેથી પ્રોડકટ ખરીદે છે, આથી એમએસએમઈને વધુ સ્કેલઅપ, ઈનોવેટીવ અને ગ્લોબલ સપ્લાઈ ચેઈનની સાથે ઈન્ટીગ્રેટ થવાની જરૂર છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ ટેક્ષ્ટાઈલ એક્ષ્પર્ટ શ્રી અશ્વિન ચંદ્રનનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ ટેક્ષ્ટાઈલ પર્વની રૂપરેખા આપી હતી. ચેમ્બરના જીએફઆરઆરસીના કો—ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું.

### એનલિસ્ટેડ પેજ-૨ પાનાનું ચાલુ

કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી અયૂબ યાકુબઅલીએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના સભ્ય શ્રી ભરત ધામેલિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે વક્તાઓએ ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો અને રોકાણકારોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

### પપ્પા મારા પીઠબળ પેજ-૨ પાનાનું ચાલુ

દ્વારા ૪ લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ રૂ. ૮૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં વિનામુલ્યે મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૮૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી તેઓ વધુ સશકત બન્યા છે. દિવ્યાંગો આત્મસન્માનથી જીવતા થાય તેવો સરકારનો અભિગમ આ યોજનાઓ થકી સાર્થક થઈ રહ્યો છે.

### ડી.એ.આણંદપુરા સ્પોર્ટ્સ પેજ-૨ પાનાનું ચાલુ

જીઆઈડિસીમાં આવેલ સ્પોર્ટ્સ સેન્ટર ખાતે વિલેજ ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું છે આ ટુર્નામિન્ટમાં સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૩૨ જેટલી ક્રિકેટ ટીમો ભાગ લઈ રહી છે.ટુર્નામેન્ટના પ્રારંભ પ્રસંગે ભરૂચ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ દુષ્યંત પટેલ,અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ સોસાયટીના સેક્રેટરી અશોક પંજવાણી, ભરૂચ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના ઉપપ્રમુખ ઈસ્માઈલ મતાદાર, મનીષ નાયક, સેક્રેટરી ઈસ્તીયાક પઠાણ ,સંદીપ વિઠલાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ગ્રામ્ય વિસ્તારના ખેલાડીઓ સ્થાનિક લેવલની ક્રિકેટ ટુર્નામિન્ટમાં સારું પ્રદર્શન કરી આગળ વધે તે હેતુસર આ પ્રકારની ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવે છે.

### સુરતના નગર સેવક પેજ-૨ પાનાનું ચાલુ

સુરતની જૂની સિવિલિ હોસ્પિટલમાં સૌ પ્રથમ વખત નગરસેવક વ્રજેશભાઈ ઉનડકટે હોસ્પિટલને સ્વચ્છ રાખતા સફાઈકર્મીઓને બિરદાવવાની અનોખી અને પ્રસંશનીય પહેલ કરી છે. સફાઈકર્મીઓને માન-સન્માન સ્વરૂપે ભેટ અર્પણ થતા ચહેરા પર ખુશીનો ભાવ સ્પષ્ટ ઝળકી રહ્યો હતો. સફાઈકર્મીઓને ભાવવિભાર થઈ આંખોમાં આનંદના આસુ જોવા મળ્યા હતા. હોસ્પિટલને સ્વચ્છ રાખવામાં સતત યોગદાન આપતા અને પોતાની ફરજને સમર્પણ ભાવથી નિભાવતા સફાઈ કર્મચારીઓનું આ સન્માન સમાજ તરફથી મળેલી નમ્ર કૃતજ્ઞતા પણ છે. વધુમાં તેમણે કહ્યું કે, પોતાનું સમગ્ર જીવન નાગરિકોની સેવામાં સમર્પિત કરનાર અને હરહંમેશ સેવાભાવ સાથે કાર્યરત વ્રજેશભાઈએ કોવિડ કાળમાં ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, દર્દીઓ સહિત સફાઈ કામદારોની રાત-દિવસ સેવા-સુશ્રુષા કરી હતી.

નોંધનીય છે કે, સુરતના ઐતિહાસિક કિલ્લા નજીક ચોક બજાર સ્થિત અંગ્રેજોના સમયથી જૂની સિવિલ હોસ્પિટલ કાર્યરત છે. જૂની સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ અને આંખ વિભાગના સર્જન ડો.દિક્ષિતા શ્રોફના માર્ગદર્શન હેઠળ અહી દર વર્ષે બે હજારથી વધુ આંખના મોતિયાના ઓપરેશનો સફળતાપૂર્વક થાય છે. શ્રીમતિ શ્રોફને આંખની સર્જરી ક્ષેત્રે ૨૧ વર્ષથી વધુનો અનુભવ છે અને જટિલ આંખ સર્જરી ક્ષેત્રે પણ તેઓનું નામ આગવું રહ્યું છે. અંગ્રેજોના સમયથી સ્થપાયેલી દક્ષિણ ગુજરાતની સૌથી પ્રાચીન ગણાતી આ જૂની સિવિલ હોસ્પિટલમાં આજે પણ ડેન્ટલ, આંખ તેમજ પીડિયાટ્રિક વિભાગોની ઓપીડી કાર્યરત છે અને જનસામાન્યને સતત ગુણવત્તાયુક્ત આરોગ્યસેવાઓ મળી રહી છે.

આ પ્રસંગે રાજ્યના નર્સિંગ એઓ.ના સેક્રેટરી ઈકબાલ કડીવાળા, નર્સિંગ એસો. નિલેશ લાઠીયા, જગદીશ બુહા, સામાજિક સેવક સન્ની રાજપૂત, પૂર્વ ઈર્ર્ ડો.કિરણ શાહ, હેડ નર્સ દિવ્યા ક્રિસ્ટી, ડિમ્પલ જોરાવીયા અને અવનિકા પટેલ, રેખા ઓઝા, કિરણબેન ભાવસાર સહિત તબીબી અને નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### વ્હીલચેર ક્રિકેટઃ પેજ-૨ પાનાનું ચાલુ

બદલ ઈન્ડિયન વાઈસ કેપ્ટન તરીકે પસંદ કરાયા છે, જ્યારે મિલન આહિરને તેમના સર્વાંગી પ્રદર્શનને આધારે ઓલરાઉન્ડર તરીકે સ્થાન મળ્યું છે.

આ ટુર્નામિન્ટ ભોપાલના ઓલ્ડ કેમ્પિંગ ગ્રાઉન્ડ ખાતે ૮ ડિસેમ્બરથી ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે, જેમાં ભારત (મધ્ય પ્રદેશ), નેપાળ અને શ્રીલંકાની વ્હીલચેર ક્રિકેટ ટીમો ભાગ લેશે. દિવ્યાંગ રમતજગતમાં આ ટુર્નામિન્ટને આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠા પ્રાપ્ત છે.ત્રણેય ખેલાડીઓની સિદ્ધિ બદલ અભિનંદનનો માહોલ છવાઈ ગયો છે. સુરતના ખેલપ્રેમીઓ, ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ફ્રી એકેડેમીના માર્ગદર્શકોમાં આનંદની લાગણી પ્રસરી છે. સુરતમાં દિવ્યાંગ ખેલાડીઓના સશક્તિકરણની દિશામાં આ સિદ્ધિ એક મહત્વપૂર્ણ પગલું છે.

### છેલ્લા પાનાનું ચાલુ અકસ્માતમાં ઘાયલ

ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

# માઘસ્નાનનો મહિમા!

માઘી પૂર્ણિમા, જેને માઘ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હિન્દુ કેલેન્ડર મહિના માઘની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે.આ દિવસ ગ્રેગોરિયન કેલેન્ડરના જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીમાં આવે છે. આ સમયગાળા દરમિયાન, કુંભ મેળો દર બાર વર્ષે યોજાય છે અને માઘ મેળો દર વર્ષે ઉત્તર ભારતમાં ત્રણ નદીઓ અથવા ત્રિવેણી સંગમના સંગમ પર યોજાય છે!ખેર, પોષ સુદ પુનમથી મહા સુદ પુનમ એક માસ સુધી કડકડતી ઠંડીમાં વહેલી સવારે ઠંડા પાણી સ્નાન કરવું એ માઘ સ્નાન કહેવાય છે! અલબત પોષ મહિનાની પૂનમથી શરૂ થઈને મહા મહિનાની પૂનમ સુધી પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું મહત્ત્વ છે!જો કોઈ વ્યક્તિ આ મહિનામાં રોજ સ્નાન કરી શકે નહી તો ઓછામાં ઓછા એક દિવસ કોઈ પવિત્ર નદીમાં સ્નાન કરવું જ જોઈએ!

અત્રે સુરત મુકામે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે આવેલ પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરનાં સોલ ટ્રસ્ટી અને ૧૭ માં ગાદીપતિશ્રી તેમજ લોક લાડીલા યુવા મહંત મહર્ષિ વિપુલ અંબાજીવાળા (મહંત)ના જણાવ્યા પ્રમાણે માઘ મહિનાનું મહત્ત્વ ખૂબ જ વધારે છે!ભારત ઋષિમુનિઓનો દેશ છે. ઋષિમુનિઓએ પોતાના જ્ઞાનના અનુભવોના નિચોડ રુપે સમાજના કલ્યાણ માટે શાસ્ત્રોની રચના કરી છે તેમજ આપણાં સ્વાસ્થ્ય તેમજ આનંદ માટે ઋતુ પ્રમાણે ઉત્સવોનું નિર્માણ કરેલ છે. ચાતુર્માસ દરમ્યાન વિવિધ વ્રતો, નવરાત્રી દરમ્યાન ઉપવાસ, એકાદશી ઉપવાસ, વગેરે વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ ઓરાગ્ય વર્ધક સાબિત થયા છે, આવા વ્રતો જો ભગવાને પ્રસન્ન કરવામાં આવે તો મોક્ષ મુલક બની જાય છે!માટીના કોરા માટલામાં સાંજે પાણી ભરવામાં આવે છે અને વહેલી સવારે આ ઠંડાપાણીથી સ્નાન કરાય તેને માઘ સ્નાન કહેવાય છે. કડકડતી ઠંડીમાં માઘસ્નાનથી પ્રથમ શરીર થીજી ગયાની અનુભૂતિ થાય છે, ત્યારબાદ ઠંડી જ ગાયબ થઈ જાય છે! આ માઘ સ્નાન સાહસિકતા અને ધાર્મિકતાના ગુણો વધારે છે!

### માઘસ્નાન દરમિયાન!

અરુણોદયથી આરંભીને પ્રાતઃકાળ પર્યંતના માઘસ્નાનના સમયને ઋષિમુનિઓએ પુણ્ય આપનારો કહેલો છે, તેનાથી પણ તારા દેખાતા હોય ને જે માઘસ્નાન કરવું તે સર્વોત્તમ સ્નાન કહેલું છે, તારા દેખાતા બંધ થાય તે સમયે જે સ્નાન કરવું, તે મધ્યમ સ્નાન કહેલું છે અને સૂર્યોદય થાય ત્યારે સ્નાન કરવું તે કનિષ્ઠ સ્નાન કહેલું છે!

માઘસ્નાનમાં ગરમજળથી જે સ્નાન કરવું તે વૃથાસ્નાન કહેલું છે.,તે જ રીતે વેદ પુરાણાદિ શાસ્ત્રમાં કહ્યા સિવાયના અવૈદિક કે અપૌરાણિક મંત્રનો જપ પણ વૃથાજપ કહેલો છે! વેદ શાસ્ત્રાદિકનું અધ્યયન કર્યા વિનાના બ્રાહ્મણને દાન આપવું તે વૃથાદાન કહેલું છે, તેમજ બ્રાહ્મણાદિકની સાક્ષીએ રહિત કરેલું ભોજન પણ વૃથા ભોજન કહેલું છે. તેથી ગૃહસ્થોએ અતિથિ આદિકને જમાડીને જ જમવું જોઈએ!બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ મંત્રોનું ઉચ્ચારણ કરવા પૂર્વક સ્નાન કરવું તેમજ શૂદ્રો અને સ્ત્રીઓએ મૌન રહીને સ્નાન કરવું.

મારા આશ્રિત સર્વે ભક્તજનોએ માઘ મહિનામાં નદી-તળાવ-કૂવા પર અથવા પોતાને ઘેર પણ ઠંડા જળથી સૂર્ય દર્શન પહેલાં જ સ્નાન કરી લેવું.તીર્થમાં સ્નાન સમયે મસ્તક પર તીર્થની મૃત્તિકા લગાવીને સ્નાન કરવું, ને વેદોક્ત વિધિ પ્રમાણે સૂર્યને અઘ્ર્ય આપવું, તીર્થજળમાં જ ઊભા રહી પિતૃતર્પણ પણ કરવું. ત્યારપછી જળથી બહાર આવી પોતાના ઈષ્ટદેવ શ્રીપુરુષોત્તમનારાયણને નમસ્કાર કરી પૂજા કરવી!જે મનુષ્યો ખુલ્લા શરીરે અર્થાત્ ઉપર વસ્ત્ર ઓઢયા વગર ઘેરથી નીકળી નદીએ સ્નાન કરવા હરિસ્મરણ કરતાં કરતાં જવું

તલથી સ્નાન, અંગમર્દન, અગ્નિમાં હોમ, પિતૃઓનું તર્પણ, તલનું જ ભોજન, અને તલનું જ દાન કરવું!માઘસ્નાન દરમ્યાન શક્તિશાળી પુરુષોએ પૃથ્વી પર જ શયન કરવું!બ્રહ્મચારીઓએ પોતાને યોગ્ય બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. જે પૃથ્વી પર શયન કરવાદિક નિયમો પાળી શકે તેમ ન હોય તેમણે પણ સ્નાન કરવાનો તો અવશ્ય નિયમ રાખવો!માઘસ્નાન કરનારે પ્રતિદિન સાકર મિશ્રિત તલનું દાન કરવું, તેમાં તલના ત્રણભાગ અને એક ભાગ સાકરનો મનાયેલો છે!

### માઘસ્નાનનું ફળ- મહિમા!

હે મુનિ ! હવે તીર્થો કહું છું. તીર્થરાજ પ્રયાગક્ષેત્ર, પુષ્કર કે કુરુક્ષેત્રમાં જઈને ત્યાં માઘ મહિના પર્યંત નિત્યે સ્નાન કરવું, આવા પ્રકારની શાસ્ત્રની મર્યાદા છે!હે મુનિ ! સમુદ્રને નહિ મળતી જે કોઈ નદીમાં માઘમાસમાં એક દિવસ સ્નાન કરવા માત્રથી ત્રણ દિવસના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. તેમજ સમુદ્રને મળતી નદીમાં સ્નાન કરવાથી એક પખવાડીયાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. અને નદીઓના પતિ સમુદ્રમાં માઘ માસ દરમ્યાન માત્ર એક દિવસ સ્નાન કરવા માત્રથી આખા મહિનાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે!સરોવર, નદી, કે સમુદ્રના જળમાં સ્નાન કરવાના અભાવમાં માટીના નવા ઘડામાં જળ ભરી રાખીને રાત્રીએ ખુલ્લી જગ્યાએ વાયુના આઘાતથી અતિશય ઠંડા થયેલા જળથી માઘસ્નાન કરવું, તે ગંગાજળમાં સ્નાન કર્યા બરાબર મુનિઓએ કહ્યું છે.જે મનુષ્યો ખુલ્લા શરીરે અર્થાત્ ઉપર વસ્ત્ર ઓઢયા વગર ઘેરથી નીકળી નદીએ સ્નાન કરવા હરિસ્મરણ કરતાં કરતાં જાય ને ત્યાં એ જ રીતે સાક્ષાત્ સ્નાન કરે ને ફરી ખુલ્લા શરીરે જ ઘેર પરત ફરે છે, તે મનુષ્ય હરિસ્મરણ સાથે પગલે પગલે અશ્વમેઘ યજ્ઞાનું ફળ પામે છે!તલથી સ્નાન, અંગમર્દન, અગ્નિમાં હોમ, પિતૃઓનું તર્પણ, તલનું જ ભોજન, અને તલનું જ દાન કરનારા, આ રીતે છ પ્રકારના કાર્યમાં તલનો જ ઉપયોગ કરનારના સર્વ પ્રકારનાં પાપનો નાશ થાય છે.આમ, આ રીતે માઘસ્નાન કરવા પછી એવું કોઈ પાપ બચતું નથી કે જેનો નાશ થયો ન હોય. અર્થાત્ માઘસ્નાન કર્યા પછી સર્વ પ્રકારના પાપનો નાશ થઈ જાય છે. માટે માસોપવાસ કરતાં પણ માઘસ્નાન અધિક કહેલું છે,આ પ્રમાણે ઠંડા જળના કષ્ટનો જે મનુષ્યો અનુભવ કરે છે, તે જનો શરીર છોડયા પછી પરલોકમાં કોઈ પણ પ્રકારનું દુઃખ પામતા નથી. માટે પૃથ્વીપર માઘસ્નાનનો મહિમા સર્વ કરતાં અધિક કહેલો છે!માઘસ્નાન પર્વમાં દાન કરવા યોગ્યઃજ્યારે માઘસ્નાનની સમાપ્તિ થાય ત્યારે મનુષ્યોએ અતિ સુંદર રસયુક્ત છ પ્રકારના રસવાળા પદાર્થોનું શક્તિ પ્રમાણે દાન કરવું. તેવીજ રીતે સાત ધાનયુક્ત સૂક્ષ્મ વસ્ત્રોનું બ્રાહ્મણ દંપતીને દાન કરવું.

સાકર અને તલ મિશ્રિત ત્રીસ લાડુઓ દાનમાં આપવા. તેમજ તલ ભરેલા તાંબાના પાત્રનું પણ શક્તિ પ્રમાણે દાન કરવું.

ધાબળા, મૃગચર્મ, વસ્ત્રો અને અનેક પ્રકારનાં રત્નો, તેમજ સુંદર ડગલી, સુરવાળ આદિકનું પણ દાન કરવું, પગની રક્ષા કરતાં પગરખાં, પાપનો વિનાશ કરનારા મોજા, તથા પોતાને ગમતી જે કોઈ બીજી વસ્તુ હોય તેનું પણ દાન કરવું.પોતાનો અભ્યુદય ઈચ્છતા માઘસ્નાન કરનાર મનુષ્યે તે સર્વ પદાર્થોનું માઘસ્નાન કરતા વિપ્રને માઘમાસમાં દાન કરવું ને બોલવું કે આ મારા અલ્પ સરખા દાનથી હે માધવ ભગવાન ! મારા ઉપર પ્રસન્ન થાઓ!

અંતે,માઘ સ્નાનનું પુણ્ય સર્વે ભાવિક ભક્તજનોને પ્રાપ્ત થાય એ માટેની શુભેચ્છા અને પ્રાર્થના મહર્ષિ જૂના અંબાજીવાળા મહારાજ (૭૯૯૦૮૧૦૧૨૪)એ એક યાદીમાં વ્યક્ત કરેલ છે!જય હો શ્રી માધવ ભગવાન!જય સ્વામિનારાયણ!જયમાતાજી!

**સુરત**
**તારીખ.**
**(મહર્ષિ વિપુલ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત ૭૯૯૦૮૧૦૧૨૪)**

મૃતક ડો.શેફાલીના પિતરાઈ આકાશભાઈએ જણાવ્યું હતુ કે, મૃતક ડો.શેફાલીએ સુરતમાં જ રહીને ડોક્ટરીનો અભ્યાસ કર્યો હતો. શરૂઆતમાં પાંચ વર્ષ સ્મીમેર હોસ્પિટલની ગવર્મેન્ટ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ એક વર્ષ માટે નવી સિવિલ હોસ્પિ.માં આવી હતી. ટૂંક સમયમાં જ ૧૧ મહિનાની જુનિયરશીપ પુરી થવાની હતી અને સિનિયર બનવાના હતા. તે પહેલાં જ તેમનું આ ઘટનામાં મોત નિપજ્યું હતું.

### ચેક રિટર્ન

પી.દલાલ મારફતે સુરત કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ રહેતા કોર્ટે મોહમદ ઉવેશને કસુરવાર ઠેરવી ૧ વર્ષની સજા અને ૬ ટકાના વ્યાજ સાથે ચેકની રકમ ચૂકવી આપવા આદેશ કર્યો હતો. આરોપી મોહમદ ઉવેશે આ હુકમથી નારાજ થઈ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. સેશન્સ કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ મોહમદ ઉવેશની અપીલ ફગાવી દીધી હતી.

### સ્મીમેરમાં

એક કલાકથી વધુ સમય સુધી સર્વર ડાઉન રહેતા દરદીઓને સારવાર મળી ન હતી. આ સમસ્યાને લઈ કોંગ્રેસના માજી નગરસેવક ભાવેશ રબારી પણ આજે સ્મીમેર હોસ્પિ. ખાતે પહોંચી ગયા હતા. તેઓએ જણાવ્યું હતુ કે સર્વર ડાઉનના કારણે બે કલાકથી દરદીઓને સારવાર મળી નથી. સ્મીમેરના અધિકારીઓ પણ અહી ફરક્યા નથી. સર્વર ડાઉન હોય તો અન્ય રીતે દરદીઓને ઓપીડીમાં હાજર ડોક્ટરો પાસે સારવાર માટે મોકલવામાં આવવાની પણ વ્યવસ્થા અધિકારીઓ દ્વારા કરવામાં આવી નથી. તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે છાશવારે સ્મીમેર હોસ્પિ.માં આ રીતની સમસ્યા ઉદભવતી હોય છે, માથાનો દુખાવો બનેલી પાર્કિંગની સમસ્યાનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. આ સમસ્યાનું નિરાકરણ લાવવા અધિકારીઓ નિષ્ફળ નિવડ્યા છે. આ લાલિયાવાડી કરનારા અધિકારીઓ વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી તેવો પણ તેઓએ આરોપ લગાવ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૩ ડિસેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# અકસ્માતમાં ઘાયલ સિવિલના પીડિયાટ્રીકના રેસિડેન્ડ ડોક્ટર શેફાલી કલાયગરનું મોત

## નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ તબીબ નોકરી પુરી કરીને ઘરે જતા હતા ત્યારે રિંગરોડ બ્રીજ પર વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
મહિધરપુરા ખાતે રહેતી અને નવી સિવિલ હોસ્પિ.માં પીડીયાટ્રીક વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતી ડો.શેફાલી કલાયગર સોમવારે બપોરે નોકરી પૂરી કરીને ઘરે જતી વેળા તેણીની બાઈક રિંગરોડ બ્રીજ ઉપર સ્લીપ થતા માથામાં ગંભીર ઈજા સાથે ખાનગી હોસ્પિ.માં સારવાર માટે ખસેડાઈ હતી. જ્યાં આજે વહેલી સવારે ડો.શેફાલીએ સારવાર દરમિયાન દમ તોડતા પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

પરિવારના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ મહિધરપુરા ખાતેની કંસારીયા શેરીમાં રહેતા આશિષ કલાયગર એલઆઈસી એજન્ટ તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આશિષ તલાયગરનો સંતાનમાં દીકરો હર્ષલ છે જે હાલ કેનેડામાં રહીને માસ્ટર ગ્લોબલનો અભ્યાસ કરે છે. જ્યારે બીજી દીકરી ડો.શેફાલી હતી. ડો.શેફાલીને નવી સિવિલ હોસ્પિ.માં પીડિયાટ્રીક વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ



બજાવતી હતી.

ડો.શેફાલી ગત.તા.૧ ડિસેમ્બરે બપોરે નોકરી પૂરી થઈ હતી.જેથી તેઓ તેમની મોપેડ ઉપર સવાર થઈ ઘરે આવવા નીકળી હતી. રિંગરોડ સ્થિત ફ્લાયઓવર બ્રિજ ઉપરથી ડો.શેફાલી પસાર થઈ રહી હતી. ત્યારે તેમની મોપેડ સ્લીપ ખાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં શેફાલીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.સારવાર માટે તેણીને સ્મીમેર હોસ્પિ. બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિ.માં ખસેડવામાં આવી હતી.

જ્યાં આજે વહેલી સવારે ડો.શેફાલીએ દમ તોડ્યો હતો. આ



**સુરત શહેરના કતારગામ વિસ્તારમાં અંબિકા નગર વિભાગ ૨ ના મેઈન રોડ પર નાની સડક બનાવવાનું કામ ત્રણ દિવસ ત્રણ દિવસ પૂર્વે જ પૂરું થયું હતું. દરમિયાન આજે નવા બનેલા રસ્તા પર ભુવો પડતા સુરત મહાનગર પાલિકાની કામગીરીની પોલ ઉઘાડી પડી ગઈ છે. (તસવીર : હનીફ મલેક)**

# કામરેજની આદિવાસી લોકોની જમીન મુદ્દે કામરેજ પ્રાંતને હાઈકોર્ટની નોટીસ

## સને ૨૦૦૫માં ગેમરભાઇ દેસાઇ સહિતનાં લોકોએ જમીન ભાડ્ડા પટ્ટે રાખ્યા બાદ કલેક્ટર કચેરીમાં ફરીયાદ થઇ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
આ કેસની વિગત અનુસાર કામરેજ વિસ્તારમાં આવેલી આદિવાસી સમાજનાં લોકોની જમીન ગેમરભાઈ સુધાભાઈ રબારી સહિત પાંચ જણાએ સને ૨૦૦૫માં ભાડા પટ્ટે રાખી હતી. આ જગ્યા ઉપર તબેલા બાંધવામાં આવ્યા હતા. દરમિયાન ભાડ્ડા પટ્ટેની જગ્યા હોવા છતાં તેનું લખાણ ૨૦૧૧માં કરાયું હતું. ત્યારબાદ સને ૨૦૧૮માં ઈસ્તીયાક નામના વ્યક્તિએ કલેક્ટરને ફરીયાદ કરી હતી કે, કલમ-૭૩ એએએ વાળી (રક્ષિત જમીન) ગેમર રબારી સહિતના લોકોએ આદિવાસીઓ પાસેથી રાખી લીધી હતી.

કલેક્ટરની પરવાનગી વગર રાખવામાં આવેલી આ જમીન બાબતે થયેલી ફરીયાદ બાદ ડેપ્યુટી કલેક્ટરે ૫.૭૫ કરોડ રૂપીયાની પેનલ્ટી કરી અને જમીનનો કબ્જો લઈ લેવા હુકમ કર્યો હતો. તે હુકમથી નારાજ થઈ ગેમર રબારી સહિતનાઓએ સિનીયર એડવોકેટ ઝમીર શેખ મારફતે એસએસઆરડી ટ્રીબ્યુનલમાં અપીલ કરી હતી. જે અપીલ નામંજૂર થઈ હતી. તેથી એડવોકેટ ઝમીર શેખ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી. જેમાં તા.૧-૧૨-૨૦૨૫ના રોજ હાઈકોર્ટમાં એડવોકેટ ઝમીર શેખ દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે, કલમ ૭૩ એએ વાળી જમીન હોય તો કલેક્ટર સુઓમોટો કાર્યવાહી કરી શકે. પરંતુ ટ્રાયબલને યાને કે આદિવાસી જમીન માલીકને વિરોધ કરવાનો નથી. તેમજ જમીન માલિક અજ્ઞાની છે તેવી રજુઆત પણ થઈ શકે નહીં કારણ કે, જમીન માલિકો ભણે ગણેલા અને સરકારી નોકરીમાં છે. તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે એડવોકેટ ઝમીર શેખની દલીલ ગ્રાહ્ય રાખી નાયબ કલેક્ટર કામરેજ પ્રાંતને નોટીશ ઈસ્યુ કરી જવાબ રજુ કરવા જણાવ્યું હતું.

# સ્મીમેરમાં ટોકનનું સર્વર ડાઉન દર્દીઓનો બે કલાક રઝળપાટ

## હોસ્પિટલના કર્મચારીઓ માત્ર હાજરી પુરાવી ઓફિસમાં બેસી રહેતા હોવાનો આક્ષેપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ પાછળ કરોડો રૂપિયા ફાળવવામાં આવી રહ્યા છે, પરંતુ દરદીઓને સારવારની સાથે સાથે હાલાકીનો તો સામનો કરવો જ પડી રહ્યો છે. જ્યારે વર્ષોથી ચીપકીને બેસેલાં સિનિયરથી માંડીને જુનિયર મેડીકલ ઓફિસરો પણ દરદીની હાલાકી દૂર થાય તેવા પ્રયત્નો કરવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે. માત્ર ઓફિસ ટાઈમે હાજરી પુરાવીને ઓફિસમાં બેસી રહેવા સિવાયની કોઈ કામગીરી નહી કરતા હોય તે કહેવું પણ ખોટું નથી તેવી માહિતી જાણવા મળી રહી છે. આજે પણ સ્મીમેર હોસ્પિ.માં ટોકન સિસ્ટમનુ સર્વર ડાઉન થઈ જતા અંદાજિત બે કલાક સુધી દરદીઓ સારવાર વિનાના રહ્યા હતા. જ્યારે મેડીકલ ઓફિસરો પણ ફરક્યાં ન હતા તેવું કોંગ્રેસના નેતા ભાવેશ રબારીએ જણાવ્યું હતું.

પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિ.માં દરરોજ હજારોની સંખ્યામાં દરદીઓ સારવાર માટે આવતા હોય છે. પરંતુ અહી દરદીઓને ડોક્ટર અને નર્સ સહિતના સ્ટાફના કારણે અથવા એક યા બીજા કારણોસર હાલાકી વેઠવી પડતી હોય છે.આજે પણ સવારથી દરદીઓ મોટી સંખ્યામાં સારવાર માટે આવ્યા હતા. પરંતુ કેસ બારી ઉપરથી દરદીઓને ટોકન આપવામાં આવે છે. ત્યારબાદ દરદીઓ નંબર પ્રમાણે ઓપીડીમાં પોત-પોતાના ડોક્ટર પાસે સારવાર માટે જાય છે. અહીં મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિ.ની જેમ ટોકન સીસ્ટમ ઉભી કરવામાં તો આવી છે પરંતુ મેનટેનન્સનો અભાવ યાતો અન્ય કારણોસર સર્વર ડાઉન થઈ જવાના કારણે ટોકન સીસ્ટમ ખોરંબે પડી જતા દરદીઓ અટવાયા હતા.

# હિરા પેટીના કર્મચારીની ખોટી ઓળખ આપી રૂપિયા ૨.૩૪ લાખની છેતરપિંડી

## આંગડિયા પેઢીમાંથી હિરાનો માલ છોડાવી જવા અંગે પોલીસે ગુનો દાખલ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
ગોટાલાવાડી અંજીરીયાવાડી ખાતે આવેલી હીરા પેઢીમાંથી ગત જુન મહિનામાં રૂ.૨.૩૪ લાખના હીરા આંગડીયા પેઢી મારફતે મંગાવી લઈ હાઉસ ઓફ ડાયમંડ પેઢીના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપનાર સામે ગત સાંજે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

મુળ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના પાટણા ગામના વતની અને હાલ કોઝવે રોડ રમણપાર્ક સોસાયટીમાં રહેતા અશ્વિનભાઈ ધનજીભાઈ સુતરીયા ઉ.વ.૩૯ ગોટાલાવાડી અંજીરીયાની વાડી પ્લોટ નં.૪૩૫ ખાતે હીરાની પેઢી સાથે સંકળાયેલા છે. દરમિયાન અશ્વિન સુતરીયાની સાથે સેલ્સમેન તરીકે કામ કરતા યશને ગત જુન મહિનામાં કાર્તિક શાહ તરીકે પોતાની ઓળખ આપી આ કાર્તિક શાહ હાઉસ ઓફ ડાયમંડનો કર્મચારી હોવાનું જણાવી વીવીએસ-૨ હીરા (વજન ૨૪.૩૫ કેરેટ) રૂ.૨.૩૪ લાખ આંગડીયા મારફતે મેળવી લીધા હતા. કાર્તિક શાહે હીરા મેળવી લઈ તેનું પેમેન્ટ કર્યું ન હોય તેનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. આ છેતરપિંડી અંગે ગઈકાલે અશ્વિન સુતરીયા દ્વારા મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

# તાપમાન એક ડિગ્રી વધતા ઠંડીમાં ઘટાડો થયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
ડિસેમ્બર માસના આરંભ સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં વધારો થયા બાદ આજે બુધવારે સવારે ઠંડીના પ્રમાણમાં ઘટાડો થવા સાથે તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થયો છે.

ઉત્તર દિશામાંથી પવન ફુંકાતા ઠંડીના પ્રમાણમાં સતત વધારો થયા બાદ સુરતમાં આજે વહેલી સવારે તાપમાન એક ડિગ્રી વધીને ૧૮.૬ ડિગ્રી નોંધાયો છે જે ગઈકાલે ૧૭.૬ ડિગ્રી હતું. દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી જળવાયેલું છે. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા હોવાનું હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

# કોન્ટ્રાક્ટરના સફાઈ કામદારો માટે મફત સારવાર ઉપલબ્ધ કરવા માંગ

## પાલિકાનાં કોન્ટ્રાક્ટ હેઠળ રાત્રિ સફાઇ કામગીરી કરતા કામદારોના હિતમાં લાલવાવટા યુનિયનની રજુઆત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
સુરત શહેરમાં છેલ્લા ૧૨ વર્ષથી ચાલતી રાત્રિ સફાઈની કામગીરીમાં જોડાયેલા અંદાજે ૨ હજાર જેટલા કર્મચારીઓ તથા તેમના પરિવારને શહેરની સરકારી હોસ્પિટલ તેમજ આરોગ્ય કેન્દ્રમાં નિઃશુલ્ક તમામ પ્રકારની સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે અગાઉ પાલિકાને લાલ વાવટા યુનિયન દ્વારા રજુઆત કરાઈ હતી. કર્મચારીઓના હિતમાં આજ દિન સુધી તેમને કોઈ આરોગ્ય કાર્ડ કે કોઈ નક્કર પગલા લેવાયા ન હોય આ અંગે લાલ વાવટા યુનિયનના પ્રમુખ વિજય શેણમારે દ્વારા આજે ઈએસઆઈને ફરીયાદ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

લાલ વાવટા યુનિયનના પ્રમુખ અને વ્યવસાયે વકીલ વિજય શેણમારેએ જણાવ્યું હતું કે, સુરત કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટ હેઠળ વિતેલા ૧૨ વર્ષથી રાત્રિમાં સફાઈની કામગીરી ચાલે છે. રાત્રિના ૧૦ થી ૨ વાગ્યા સુધી ચાલતી આ કામગીરીમાં અંદાજે ૨ હજાર જેટલા કર્મચારી કામ કરે છે. ત્યારે આ કર્મચારીઓ બિમાર ત્યારે તેમને ફ્રીમાં સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રજુઆત પાલિકાને કરાયા બાદ આજે એડવોકેટ વિજય શેણમારે દ્વારા ઈએસઆઈને કમ્પલેઈન કરવામાં આવી છે. સરકારી હોસ્પિટલોમાં પરમેનન્ટ એમ્પલોઈને તો સારવાર મળે જ છે પરંતુ ડેઈલી વેજીસના રાત્રિ સફાઇ કર્મચારીઓને આરોગ્ય બાબતનો કોઇ કાર્ડ આજ દિન સુધી આપવામાં આવ્યા નથી. ઈએસઆઈના નવા કોડ મુજબ કર્મચારીઓને આરોગ્ય લક્ષી સેવા તે પણ પાલિકા અંતર્ગત કોન્ટ્રાક્ટમાં કામ કરતા હોય તેમને મળવી જોઈએ.

### મહિલા સફાઈકર્મીઓ માટે વિશેષ વ્યવસ્થા આવશ્યક

લાલ વાવટા યુનિયનના પ્રમુખ વિજય શેણમારેએ જણાવ્યું હતુ કે બે ત્રણ દિવસ પહેલા મ્યુનિસીપલ કમિશનર શાલીની અગ્રવાલને રજુઆત કરાઇ છે કે, રાત્રિમાં સફાઇ કામગીરી કરતી મહિલાઓની સુરક્ષા તેમજ તેમને કામ-કાજના સ્થળે લઇ જવા અને લાવવાની વ્યવસ્થા થવી જોઈએ. ૨ હજાર જેટલા કર્મચારીઓ નાઈટમાં સફાઈની કામગીરી કરતા હોય તેમને માટે વાહનોની વ્યવસ્થા થવી જોઈએ. બહેનોની કાયદા મુજબ લેખિતમાં સંમતિ પણ લેવી જોઈએ.

# મકાનના બહાને ભરથાણાના ગોવિંદ લુહારે રૂપિયા ૪૫ લાખ પડાવી લીધા

## બાકી રહેલા ૧૩ લાખ પરત નહીં કરી ઉધનાની મહિલા સાથે ઠગાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
ઉધનામાં રહેતી ૫૪ વર્ષિય મહિલાને ભરથાણા ગામ તળાવ પાસે રહેતા ગોવિંદ લુહાર નામના વ્યક્તિએ મકાન અપાવવાનું કહી સોદ્દા પેટે રૂ.૪૫ લાખ ટુકડે ટુકડે મેળવી લઈ મહિલાને મકાન અપાવ્યું ન હતું. સને ૨૦૧૯થી અત્યાર સુધીમાં મહિલા પાસેથી મકાન અપાવવાના બહાને રૂપીયા મેળવી લેવાયા હોય જોકે મકાન નહીં આપી રૂપીયા પણ પરત કરવામાં આવતા ન હતા. ૪૫ લાખ પૈકી ૩૨ લાખ ગોવિંદ લુહારે મહિલાને ચુકવી દીધા હતા જ્યારે બાકીના રૂ.૧૩ લાખ ચુકવ્યા ન હોય આખરે આ અંગે ગઈકાલે અલથાણ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી હતી.

અલથાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અલથાણ ભરથાણા ગામ તળાવ પાસે આર્શિવાદ વીલા ગેટ નં.૨ ૧૩૨માં રહેતા ગોવિંદ દત્તાત્રેય લુહારે સને ૨૦૧૯માં વંદનાબેન અનિલ ગોરાણી (ઉ.વ.૫૪, રહે. વિષ્ણુનગર ઉધના)ને મકાન લેવું હોય તેમને મકાન અપાવવાનું જણાવી તેમની પાસેથી રૂ.૪૫ લાખ સોદ્દા પેટે લઈ લીધા હતા. સમય જતા ગોવિંદ લુહારે મકાન અપાવ્યું ન હતું. રૂપીયાની માંગણી કરતા ૩૨ લાખ ચુકવી દીધા હતા બાકીના રૂ.૧૩ લાખ આપ્યા ન હતા. જેથી આ અંગે વંદનાબેન ગોરાણી દ્વારા અલથાણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.



**સુરત શહેરના ચોક બજાર કિલ્લા પાછળના તાપી નદી તટ પાસે સ્ટ્રોમ ડ્રેનેજ લાઈનના બોક્સમાં ભંગાણ સર્જાયું છે. સીમેન્ટ-કોંક્રિટનું મહાકાય બોક્સ તૂટીને નદીના પાણીમાં પડી ગયું હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)**

# ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા કાયમ રાખતી સેશન્સ કોર્ટ

## ટ્રાયલ કોર્ટના ચુકાદાને મુગલીસરાના વેપારી મોહંમદ ઉવેશ મેમણે સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
રેડીમેઈડ ગારમેન્ટના માલની ખરીદીના પેમેન્ટ પેટે આપેલા ચેકો રિટર્ન થવાના કેસમાં મુગલીસરાના સેવન કોડના રેડીમેઈડ ગારમેન્ટના વેપારી મોહંમદ ઉવેશ મેમણને ટ્રાયલ કોર્ટે કસુરવાર ઠેરવી ૧ વર્ષની સજા કરતા હુકમને સેશન્સ કોર્ટે પણ કાયમી રાખ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે,સલાબતપુરા મહાત્મા આર્કેડમાં ભાગ્યલક્ષ્મી ટ્રેડર્સના નામે રેડીમેઈડ ગારમેન્ટ્સનો વેચાણ કરતા અભિષેક બિમલકુમાર સોડીવાલા પાસેથી સેવન કોડના નામે ધંધો કરતા મોહમદ ઉવેશ મેમણ(રહે.અલ-મદીના હાઈટ્સ-ડી, મુગલીસરા)એ રૂ.૨૪.૮૪ લાખનો રેડીમેઈડ ગારમેન્ટનો માલ ખરીધ્યો હતો. જેની સામે ચુકવણી પેટે મોહમદ ઉવેશે રૂ.૨૨.૮૭ લાખના ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતા મોહમદ ઉવેશ સામે અભિષેક સોડીવાલાએ વકીલ નિમેષ

# ઉમરા પોલીસ લાઈન સામેની દુકાનનું રાત્રે શટર તોડાયું

## કરિયાણાની દુકાનમાંથી સીગારેટ, પરફ્યુમ સહિત રૂ.૫૦૦ની ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
ઉમરા પોલીસ લાઈનની સામે આવેલા નિર્મળનગરમાં કરીયાણાની દુકાનનું શટર ઉંચુ કરી તસ્કરો સીગારેટ, પરફ્યુમ તેમજ રોકડા મળી રૂ.૫૦૦ની ધાપ મારી ગયા હતા. બનાવ અંગે કરીયાણાના વેપારીએ ઉમરા પોલીસ મથકે ફરીયાદ કરી હતી. અન્ય એક બનાવમાં ખટોદરામાં રહેતા અને ભંગારનો ધંધો કરતા વેપારીની દુકાનમાંથી અલગ-અલગ ૭ હજાર રૂપીયાના સિક્કા તેમજ ૯ કિલો પિત્તળનું ભંગાર મળી કુલ રૂ.૧૨ હજારની મત્તા ચોરી થઈ હતી.

ઉમરાગામ પીપલોદ પોલીસ લાઈનની સામે નિર્મળનગર બિલ્ડીંગ નં.સીમાં રહેતો પવન હજારીજી લોહાર ઉ.વ.૨૬ કરીયાણાની દુકાન ચલાવે છે. દરમિયાન ગઈ તા.૨૫ નવેમ્બરની રાત્રે તેની દુકાનનું શટર ઉંચુ કરી તસ્કરો રોકડા રૂ.૨૫૦૦, સીગારેટના બોક્ષ, પરફ્યુમ મળી કુલ રૂ.૫૦૦ની મત્તા ચોરી ગયા હતા. બીજા બનાવમાં ખટોદરા અંબાનગર વકીલ શેરીમાં રહેતા રાહુલ રામેશ્વ શર્મા ભંગારની દુકાન ચલાવે છે. દરમિયાન ગઈ તા.૨૮ નવેમ્બરની રાત્રે તેની દુકાનને નિશાન બનાવી તસ્કરો પ્લાસ્ટીકના ડ્રમમાં મુકેલા અલગ-અલગ ૭ હજાર રૂપીયાના સિક્કા તેમજ પિત્તલનું પોટલું તફડાવી ગયા હતા.

# ગોડાદરામાં સોએબ ચાંદની હત્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**
ઉધના ખાતે રહેતા સોએબ ચાંદ નામના યુવકની ગઈકાલે સાંજે ગોડાદરા રાજહંસ ફેબ્રિજો માર્કેટની પાછળ ખુલ્લા મેદાનમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ગોડાદરા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પકડી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. જેમાં આરોપીઓ હાલ પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉધના રોડ નં.૩ મહાકાલી નગર સોસાયટીમાં રહેતા ૨૩ વર્ષિય સોએબ ફિરોજ ચાંદ છેલ્લા દશેક માસથી ઉબેર કંપનીમાં મોટરસાઈકલ ચલાવતો હતો. ૧ ડિસેમ્બરે સોએબ નોકરીએથી ઘરે આવીને સાંજે તેના ઉપર કોલ આવ્યો હતો ત્યારબાદ તે ઘરે હું લીંબાયત મારૂતીનગર ખાતે જાઉં છું. તેમ કહીને નીકળ્યો હતો. જો કે મોડી સાત સુધી તે ઘરે આવ્યો ન હતો. દરમિયાન ગોડાદરા વિસ્તારમાં રાજહંશ ફેબ્રિજો માર્કેટની પાછળ ખુલ્લી ઝાડીઝાંખરામાંથી સોએબની લાશ મળી આવી હતી. પોલીસે તપાસ કરતા તેની બોથડ હથિયારથી હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસની તપાસમાં મૃતકની નાઝીમ ઉર્ફે ભાંજા સાથે વાતચીત થઈ હતી. પૈસાની લેવડ દેવડમાં યુવાનની હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

**પશ્ચિમ રેલવે**

**પે એન્ડ યુઝ નોર્મલ ટોઈલેટ બ્લોકના કરાર માટે ઈ-હરાજી**

મુંબઈ ડિવિઝન પર નોર્મલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સના સંચાલન અને જાળવણી માટેના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ 25.11.2025 અને 27.11.2025 ના રોજ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે, વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:
**કરારનો પ્રકારઃ સામાન્ય કરાર, શ્રેણીઃ પે એન્ડ યુઝ ટોઇલેટ બ્લોક. કરારનો સમયગાળોઃ 3 વર્ષ.**

| હરાજી કેટલોગ નં. | સ્ટેશન અને સ્થાન | ઈ-હરાજી તારીખ | ઈ-હરાજી નો સમય |
|---|---|---|---|
| MMCT-PnUT-25-23 | વાપી, વલસાડ, નવસારી અને બિલીમોરા સ્ટેશનો પર ટોઈલેટ બ્લોક. | 11.12.2025 | 12:00 કલાકે |
| MMCT-PnUT-25-24 | સુરત સ્ટેશન ખાતે ટોઈલેટ બ્લોક. | 15.12.2025 | 12:00 કલાકે |

**નોંધઃ** સંભવિત બોલી લગાવનારાઓને આઈઆરઈપીએસ વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ દીઠ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પીરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ દીઠ ક્લોઝિંગ સમય આઈઆરઈપીએસ ના ઈ-હરાજી મોડ્યુલમાં જોઈ શકાય છે. 0850

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો X.com/WesternRly

સહકાર | સંગઠન | પ્રગતિ

**સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ (સ્ટાફ) યુનિયન** (રજી.નં.૪૬૫)
**સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ** (રજી.નં.જી-૧૨૯)
સ્થાપના : ૧૯૩૯
**૮૭મું વર્ષ**
**૮૦મી વાર્ષિક સામાન્ય સભા**

સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ (સ્ટાફ) યુનિયન, સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળની ૮૦મી વાર્ષિક સામાન્ય સભા મંડળના પ્રમુખ શ્રી મોહંમદ ઈકબાલ શેખની અધ્યક્ષતામાં શનિવાર તા.૦૬/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૬-૧૫ કલાકે ''ઈશ્વર સ્મૃતિ ભવન'' વાંકી બોરડી, શાહપોર, સુરતમાં મળશે. જેમાં મંડળના તમામ સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

મહામંત્રી : દેવેન્દ્ર એસ.પ્રજાપતિ

નોંધ : કોરમના અભાવે મુલતવી રહેલ સામાન્ય સભા તે જ દિવસે અને તે જ સ્થળે અડધા કલાક બાદ મેળવી કાર્યવાહી શરૂ કરવામાં આવશે.
તા.૦૩/૧૨/૨૦૨૫